દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 278 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ કાર્તિક વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 November 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૨૨ નવેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ મેટિની પૂર્તિ ૫ ૬ ૭ ૮ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકન સિક્યોરિટીઝના આરોપ પાયાવિહોણાઃ અદાણી જૂથ

મુંબઈઃ દુનિયામાં સૌથી જાણીતું અદાણી ગ્રૂપ ફરી કાયદાકીય અને પ્રતિષ્ઠા સંબંધિત મુશ્કેલીમાં ફસાયું છે. અદાણી ગ્રૂપ પોર્ટ પાવર, મીડિયા, સિમેન્ટ અને ઊર્જા વગેરે ક્ષેત્રમાં રુચિ ધરાવે છે. તાજેતરમાં યુએસ (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન-એસઈસી)એ લાંચ અને છેતરપિંડીના લગાવેલા તમામ આરોપોને ગ્રૂપે ફગાવીને તેને પાયાવિહોણા ગણાવ્યા છે.

અદાણી ગ્રૂપે ગુરુવારે ગ્રૂપના અને અન્ય કેટલાક એક્ઝિક્યુટિવ્સ સામે યુએસ સત્તાવાળાઓ દ્વારા લગાવવામાં આવેલા લાંચ અને છેતરપિંડીના આરોપોને નકારી કાઢ્યા હતા. ગ્રૂપ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં અદાણી જૂથના પ્રવક્તાએ આરોપોને તદ્દન ''પાયાવિહોણા'' ગણાવ્યા હતા અને ભારપૂર્વક જણાવ્યું હતું કે અદાણી અને તેના ભત્રીજા, સાગર સહિતના પ્રતિવાદીઓ દોષિત સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે. નિવેદનમાં એમ પણ જણાવ્યું છે કે અદાણી જૂથ હંમેશાં શાસન, પારદર્શક અને નિયમનકારી અનુપાલનનાં સર્વોચ્ચ ધોરણો જાળવવા માટે પ્રતિબદ્ધ છે, જેમાં તે કાર્ય કરે છે. અમે અમારા હિતધારકો, ભાગીદારો અને કર્મચારીઓને ખાતરી (જુઓ પાનું ૨) ▸▸



**જ્વાળામુખીઃ** આઈસલૅન્ડના રૅકજૅન્સ જ્વીપ પર બુધવારે ફરી જ્વાળામુખી ફાટી નીકળ્યો હતો. (એજન્સી)

સોલાર પાવર કોન્ટ્રાક્ટ મેળવવા

## ₹ ૨૧૦૦ કરોડની લાંચ આપી હોવાનો ગૌતમ અદાણી સામે અમેરિકામાં આરોપ

ન્યૂ યોર્કઃ સોલાર પાવર કોન્ટ્રાક્ટ મેળવવા માટે તરફેણ કરતી નીતિ ઘડી કાઢવા ભારતીય અધિકારીઓને રૂ. ૨૧૦૦ કરોડ કરતાં પણ વધુની લાંચ આપવાનો અમેરિકાના વકીલો દ્વારા ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર આરોપ મૂકવામાં આવ્યો છે. આ કારણે ૬૨ વર્ષના ગૌતમ અદાણીની મુશ્કેલીઓમાં વધારો થયો છે. અદાણી ગ્રૂપે અમેરિકાના રોકાણકારોને આ કોન્ટ્રાક્ટના માધ્યમથી ૨૦ વર્ષમાં બે અબજ ડૉલરથી વધુ નફાનું વચન આપવા ઉપરાંત ખોટા દાવા કરીને લૉન બૉન્ડ્સ મારફતે ફંડ ઉઘરાવવાની તૈયારી કરી હતી. ભારતના બીજા (જુઓ પાનું ૨) ▸▸

# ગયાના, ડૉમિનિકાએ મોદીને સર્વોચ્ચ એવૉર્ડથી નવાજ્યા



**સન્માનઃ** ગુયાનાના જ્યૉર્જ ટાઉનમાં ગુરુવારે યોજાયેલી ઈન્ડિયા-કૅરિકોમ શિખર પરિષદ દરમિયાન ડૉમિનિકાના પ્રમુખ સિલ્વાની બર્ટને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને દેશના સર્વોચ્ચ એવૉર્ડ 'ડૉમિનિકા એવૉર્ડ ઑફ ઑનર'થી નવાજ્યા હતા. (એજન્સી)



**એવૉર્ડઃ** ગયાનાના જ્યૉર્જ ટાઉનમાં ગુરુવારે યોજવામાં આવેલા એક સમારોહ દરમિયાન ગયાનાના પ્રમુખ મોહમદ ઈરફાન લીએ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને દેશના સર્વોચ્ચ એવૉર્ડથી નવાજ્યા હતા. (એજન્સી)

ગયાનાઃ કોરોનાની મહામારી દરમિયાન આપેલા યોગદાન, વૈશ્વિક સમુદાયમાં આપેલા અસાધારણ યોગદાન અને બંને કૅરેબિયન દેશ સાથે દ્વિપક્ષી સંબંધ સુધારવા અને મજબૂત કરવા કરેલા પ્રયાસો અને મુત્સદ્દીપણા બદલ ગુયાના, ડૉમિનિકાએ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને દેશના સર્વોચ્ચ એવૉર્ડથી નવાજ્યા હતા.

બાર્બાડૉસે પણ મોદીને દેશના સર્વોચ્ચ એવૉર્ડથી નવાજવાનો નિર્ણય લીધો છે. આ સાથે જ મોદીએ મેળવેલા આંતરરાષ્ટ્રીય એવૉર્ડનો આંક ૧૯ પર પહોંચશે. ત્રણ દેશની મુલાકાતે ગયેલા મોદીને ગયાનાના પ્રમુખ ઈરફાન અલીએ બુધવારે 'ધ ઑર્ડર ઑફ એક્સલન્સ' એવૉર્ડથી નવાજ્યા હતા.

એવૉર્ડ બદલ ગયાનાના પ્રમુખનો આભાર માનતા મોદીએ કહ્યું હતું કે આ એવૉર્ડ ભારતના ૧૪૦ કરોડ લોકોની ઓળખ છે.

આ એવૉર્ડ બંને દેશની એકમેક પરત્વેની ઘેરી પ્રતિબદ્ધતાનો પુરાવો છે જે બંને દેશને દરેક ક્ષેત્રમાં સતત આગળ વધવા પ્રેરણા આપતો રહેશે, એમ મોદીએ કહ્યું હતું. મોદીએ આ એવૉર્ડ બંને દેશના નાગરિકોને સમર્પિત કર્યો હતો, એમ ભારતના વિદેશ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ એવૉર્ડથી નવાજવામાં આવ્યો હોય એવા મોદી વિશ્વના ચોથા વિદેશી નેતા છે.

ડૉમેનિકાના પ્રમુખ સિલ્વેની બર્ટને પણ મોદીને દેશના સર્વોચ્ચ એવૉર્ડથી નવાજ્યા હતા. મોદીએ આ એવૉર્ડ ભારતના ૧૪૦ કરોડ નાગરિકોને સમર્પિત કર્યો હતો. કોરોનાની મહામારી દરમિયાન ભારત સરકારે અપનાવેલા માનવીય વલણ અને આભાર વ્યક્ત કરવા મોદીને આ એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા. એવૉર્ડ સ્વીકારતા મોદીએ વિશ્વભરમાં અનેક દેશો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ, હવામાનમાં પરિવર્તન જેવા વૈશ્વિક પડકારોનો સામનો કરવા એકજૂટ થવા પર ભાર મૂક્યો હતો અને એ માટે ભારત પ્રતિબદ્ધ છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# રશિયાએ યુદ્ધમાં પહેલીવાર ઇન્ટરકોન્ટિનેન્ટલ મિસાઈલ વડે હૂમલો કર્યોઃ યુક્રેન

કિવઃ યુક્રેનનું કહેવું છે કે રશિયાએ દેશના મધ્ય-પૂર્વમાં ડિનિપ્રો શહેરને નિશાન બનાવીને રાતોરાત ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ લોન્ચ કરી હતી, જેની પુષ્ટિ થાય તો, મોસ્કોએ યુદ્ધમાં આવી મિસાઈલનો ઉપયોગ પ્રથમ વખત કર્યો ગણાશે.

ટેલિગ્રામ મેસેજિંગ એપ પર ગુરુવારે એક નિવેદનમાં, યુક્રેનની વાયુસેનાએ ચોક્કસ પ્રકારની મિસાઇલનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ કહ્યું કે તે કેસ્પિયન સમુદ્રની સરહદે આવેલા રશિયાના આસ્ટ્રાખાન ક્ષેત્રમાંથી લોન્ચ કરવામાં આવી હતી.

તેમાં કહેવામાં આવ્યું છે કે અન્ય આઠ મિસાઇલો સાથે ડિનિપ્રો શહેરમાં ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ છોડવામાં આવી હતી અને યુક્રેનિયન સૈન્યએ તેમાંથી છને તોડી પાડી હતી.

સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર હુમલાનાં પરિણામે બે જણ ઘાયલ થયા હતા અને ઔદ્યોગિક સુવિધા અને વિકલાંગ લોકો માટેના પુનર્વસન કેન્દ્રને નુકસાન થયું હતું.

જ્યારે ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલની રેન્જ યુક્રેન સામે ઉપયોગ માટે અતિશય લાગે છે, આવી મિસાઇલો પરમાણુ હથિયારો વહન કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે, અને તેનો ઉપયોગ રશિયાની પરમાણુ ક્ષમતા અને સંભવિત ઉન્નતિના શક્તિશાળી સંદેશાની યાદગીરી તરીકે જોવાશે.

આ હુમલો રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને એક સુધારેલા પરમાણુ સિદ્ધાંત પર હસ્તાક્ષર કર્યાના બે દિવસ પછી થયો છે જે ઔપચારિક રીતે દેશના પરમાણુ શસ્ત્રોના ઉપયોગ માટેની મર્યાદાને ઘટાડે છે.



**હવાઈ હુમલોઃ** ઈઝરાયલે ગુરુવારે લૅબેનોનના બૈરુત દક્ષિણ પરાં વિસ્તારમાં આવેલા દાહિયે પર હવાઈ હુમલો કર્યા બાદ ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. (એજન્સી)

# ભારતના સીએજી તરીકે કે. સંજય મૂર્તિના શપથ ગ્રહણ

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ દ્વારા ભૂતપૂર્વ ઉચ્ચ શિક્ષણ સચિવ કે. સંજય મૂર્તિને ગુરુવારે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ(સીએજી) તરીકે શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા.

હિમાચલ પ્રદેશ કેડરના ૧૯૮૯ બેચના ભારતીય વહીવટી સેવા(આઇએએસ) અધિકારી મૂર્તિ ગિરીશ ચંદ્ર મુર્મૂનું સ્થાન લેશે. મૂર્તિને સોમવારે કેન્દ્ર સરકારે નવા સીએજી તરીકે નિયુક્ત કર્યા હતા. ગિરીશ ચંદ્ર મુર્મૂએ બુધવારે સીએજી તરીકેનો તેમનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. રાષ્ટ્રપતિ કાર્યાલયે એકે નિવેદનમાં જણાવ્યું હતું કે ગુરુવારે સવારે ૧૦ વાગ્યે ગણતંત્ર મંડપ, રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં કે. સંજય મૂર્તિએ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ તરીકે શપથ લીધા હતા. તેમણે રાષ્ટ્રપતિ સમક્ષ શપથ લીધા હતા. શપથ ગ્રહણ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન અને વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ સહિત અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમેરિકન મિસાઈલ બાદ હવે યુક્રેને રશિયા પર બ્રિટિશ ક્રૂઝ મિસાઈલ છોડી

કિવઃ યુક્રેને રશિયા પર અમેરિકન બનાવટની મિસાઈલ વડે હુમલો કરતા, રશિયા-યુક્રેન યુદ્ધે હવે નવો વળાંક લીધો છે. અમેરિકન હથિયારો બાદ હવે યુક્રેને બુધવારે બ્રિટિશ સ્ટોર્મ શેડો ક્રુઝ મિસાઈલ વડે રશિયા પર મોટો હુમલો કર્યો છે. આનાથી રશિયન રાષ્ટ્રપતિ પુતિન રોષે ભરાયા છે. યુક્રેનને રશિયા સામે પશ્ચિમી શસ્ત્રોનો ઉપયોગ કરવાની મંજૂરી આપીને, જો બાઇડને ત્રીજા વિશ્વ યુદ્ધનું જોખમ વધાર્યું છે.

યુક્રેને બુધવારે રશિયા પર બ્રિટિશ ક્રૂઝ મિસાઈલોનો મારો ચલાવ્યો હતો. જો કે રશિયાએ તેમાંના મોટાભાગની મિસાઈલ તોડી પાડી હતી. યુક્રેને અમેરિકાની મિસાઈલ વડે મોસ્કો પર હુમલાના ૨ દિવસ બાદ જ યુક્રેને રશિયા પર આ હુમલો કરવામાં આવ્યો છે. અમેરિકન મિસાઈલ હુમલાના એક દિવસ બાદ બ્રિટનને પણ યુક્રેનમાં રશિયન ટાર્ગેટ પર તેની મિસાઈલોનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી છે.

# મણિપુરના લોકોને 'પાર્ટ-ટાઈમ રાજ્યપાલ' અને 'નિષ્ફળ' સીએમ, એચએમ કરતાં વધુ સારું મેળવવાને હકદાર : કૉંગ્રેસ

નવી દિલ્હીઃ હિંસાગ્રસ્ત મણિપુરમાં તાજેતરની હિંસાના પગલે, કૉંગ્રેસના નેતા જયરામ રમેશે ગુરુવારે કહ્યું હતું કે રાજ્યના લોકો ''પાર્ટ-ટાઈમ રાજ્યપાલ, નિષ્ફળ મુખ્ય પ્રધાન અને સુપર-નિષ્ફળ કેન્દ્રીય ગૃહ પ્રધાન'' કરતાં વધુ સારું મેળવવાને હકદાર છે.

રમેશે જણાવ્યું હતું કે ભૂતપૂર્વ ગવર્નર અનુસુયા ઉઇકીનો કાર્યકાળ ૧૮ મહિનાથી ઓછો કરવામાં આવ્યો હતો, અને તે પણ મૂંઝવણમાં હતાં કે શા માટે વડા પ્રધાન તેમને મોકલવામાં આવેલી ઘણી વિનંતીઓ છતાં મણિપુરની મુલાકાત લેતા નથી.

''૩૧ જુલાઈ ૨૦૨૪થી, મણિપુરમાં પૂર્ણ-સમયના રાજ્યપાલ નથી. વર્તમાન પદાધિકારી તેમનો મોટાભાગનો સમય આસામમાં વિતાવે છે.''

રમેશે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે અગાઉના પદભારિત અનુસુયા ઉઇકે જી, એક પ્રતિષ્ઠિત આદિવાસી રાજકીય નેતાનો કાર્યકાળ ૧૮ મહિનાથી ઓછો કરવામાં આવ્યો હતો. તે પણ આશ્ચર્યચકિત છે કે શા માટે પીએમ વારંવાર વિનંતી કરવા છતાં રાજ્યની મુલાકાત લેતા નથી. એક પાર્ટ-ટાઇમ ગવર્નર, એક નિષ્ફળ મુખ્ય પ્રધાન અને એક સુપર-નિષ્ફળ કેન્દ્રીય ગૃહ પ્રધાન. ચોક્કસ મણિપુરના લોકો વધુ સારુ મેળવવાને હકદાર છે.

**વિરોધ પ્રદર્શનઃ** દિલ્હીમાં અગાઉ તેઓ જેમાં રહેતા હતા તે સત્તાવાર બંગલાના રિનોવેશન માટે અતિ સુખસગવડવાળી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરી ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓએ ગુરુવારે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. (એજન્સી)




# આઈસલેન્ડના રેક્જાનેસ દ્વીપકલ્પ પર એક વર્ષમાં સાતમી વખત ફાટ્યો જ્વાળામુખી

ગ્રિન્ડાવિક (આઇસલેન્ડ) દક્ષિણ પશ્ચિમ આઇસલેન્ડમાં રેક્જાનેસ દ્વીપકલ્પ પર બુધવારે મોડી સાંજે એક જ્વાળામુખી ફાટી નીકળ્યો અને તેમાંથી વ્યાપક પ્રમાણમાં લાવા નીકળ્યો હતો. ડિસેમ્બર પછી આ જ્વાળામુખીનો આ સાતમો વિસ્ફોટ થયો છે. ભૂકંપની ગતિવિધિ પર નજર રાખનાર આઇસલેન્ડના હવામાન વિભાગની ઓફિસે કહ્યું હતું કે વિસ્ફોટ બુધવારે રાત્રે ૧૧:૧૪ વાગ્યે થયો હતો, જેનાથી લગભગ ૩ કિમી (૧.૮ માઇલ) લાંબી તિરાડ બની હતી પરંતુ અંદાજ છે કે આ વિસ્ફોટ ઓગસ્ટમાં થયેલા છેલ્લા વિસ્ફોટ કરતાં ઘણો નાનો છે. જ્વાળામુખીમાં વિસ્ફોટથી વિમાનોના ઉડાણ પર કોઇ ખતરો નથી પરંતુ અધિકારીઓ દ્વીપકલ્પના નજીકના કેટલાક ભાગોમાં ગેસની ચેતવણી આપી રહ્યા છે જેમાં નજીકના શહેર ગ્રિંડાવિક પણ સામેલ છે. રાજધાની રેક્જેવિકથી લગભગ ૫૦ કિમી (૩૦ માઇલ) દક્ષિણપશ્ચિમમાં ૩૮૦૦ લોકોની વસ્તી ધરાવતા ગ્રિન્ડાવિક શહેર પાસે વારંવાર જ્વાળામુખી વિસ્ફોટથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને મિલકતને નુકસાન થયું છે અને ઘણા રહેવાસીઓને તેમની સલામતી માટે સ્થળાંતર કરવાની ફરજ પડી છે. અધિકારીઓનું કહેવું છે કે આ તાજેતરના વિસ્ફોટથી શહેર માટે વધુ કોઈ ખતરો નથી.

# ઉ.પ્ર.માં બસ અને ટ્રક વચ્ચે અકસ્માતમાં પાંચનાં મોત

અલીગઢઃ ઉત્તર પ્રદેશના અલીગઢમાં યમુના એક્સપ્રેસ-વે પર એક બસ અને ટ્રક વચ્ચેની અથડામણમાં પાંચ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે કેટલાક લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે ગુરુવારે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર બુધવાર અને ગુરુવારની મધ્યરાત્રિએ વાહનો જિલ્લાના ટપ્પલ વિસ્તારમાંથી પસાર થતી વખતે અકસ્માત સર્જાયો હતો. એક ઘાયલ મુસાફરના જણાવ્યા મુજબ ખાનગી સંચાલિત બસ દિલ્હીના કાશ્મીરી ગેટથી પૂર્વ ઉત્તર પ્રદેશના આઝમગઢ જઇ રહી હતી. તેણે કહ્યું કે ટક્કર મારનાર ટ્રક કાચનો સામાન લઇ જઇ રહ્યો હતો.

**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રશિયાની પરમાણુ યુદ્ધની ધમકી, નાટોના દેશોમાં ફફડાટ

**અમેરિકાના** પ્રમુખ જો બાઇડને યુક્રેનને લાંબી રેન્જનાં આર્મી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમ (એટીએસીએમએસ) મિસાઈલો રશિયા સામે વાપરવાની મંજૂરી આપી ને યુક્રેને શુભસ્ય શીઘ્રમ કરીને રશિયા સામે આ મિસાઈલોનો ઉપયોગ શરૂ પણ કરી દીધો. તેના કારણે રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ વિશ્વ યુદ્ધમાં ફેરવાઈ જાય તેનો ખતરો વધી ગયો છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને અમેરિકાના નેતૃત્વ હેઠળના નાટોના દેશોને સીધી ચેતવણી આપતા કહ્યું છે કે, રશિયા સામે બેલેસ્ટિક મિસાઈલના હુમલાનો જવાબ પરમાણુ હુમલા સાથે આપવામાં આવશે.

રશિયાએ પોતાની નીતિમાં પણ ફેરફાર કરતાં કહ્યું છે કે, કોઈ ગઠબંધનના સભ્ય દેશ તરફથી કે સભ્ય ના હોય એવા દેશ તરફથી પણ ગઠબંધના દેશે આપેલાં હથિયારોથી હુમલો કરશે તો રશિયા આ આક્રમણને સમગ્ર ગઠબંધન તરફથી કરવામાં આવેલો હુમલો માનીને જવાબ આપશે. મતલબ કે અમેરિકન હથિયારોથી થયેલા હુમલા માટે તે તમામ નાટો દેશોને આ માટે જવાબદાર માનશે અને પોતાના ન્યૂક્લિયર હથિયારોનો ઉપયોગ તેમની સામે કરશે.

અમેરિકાએ યુક્રેનને આપેલી મંજૂરીના પગલે રશિયાએ પરમાણુ હુમલા અંગે પોતાની પોલીસીમાં મહત્ત્વનો ફેરફાર કર્યો છે. નવી નીતિ અનુસાર જો કોઈ ન્યૂક્લિયર શક્તિવાળા દેશની મદદથી રશિયાની જમીન પર બિન-પરમાણુ દેશ દ્વારા કન્વેંશનલ મિસાઈલથી હુમલો થશે છે તો રશિયા પરમાણુ હથિયારોના ઉપયોગ માટે સ્વતંત્ર છે. ન્યૂક્લિયર શક્તિવાળો દેશ અમેરિકા છે અને તેની મદદથી યુક્રેન રશિયાની જમીન પર મિસાઈલથી હુમલો કરે તો રશિયા પરમાણુ હથિયારોનો ઉપયોગ કરશે. પુતિને પણ કહ્યું જ છે કે, યુક્રેન સહિતના કોઈ પણ બિન-પરમાણુ દેશ પરમાણુ શક્તિ ધરાવતા દેશ સાથે હુમલો કરશે તો તેને રશિયા સામેનો જંગ ગણીને એ જ ભાષામાં જવાબ આપવામાં આવશે.

અમેરિકા યુક્રેનને યુદ્ધમાં મદદ કરવા માંડ્યું ત્યારથી રશિયામાં આ નીતિગત ફેરફારની વિચારણા ચાલી રહી હતી. જો બાઇડને યૂક્રેનને લાંબા અંતરની અમેરિકન મિસાઈલોને રશિયા વિરુદ્ધ ઉપયોગની મંજૂરી આપી એ સાથે જ રશિયાએ આ નિર્ણય લઈ લીધો. રશિયાએ એવું પણ જાહેર કર્યું છે કે, રશિયાને એવું લાગશે કે તેના દેશ અને લોકોને ખતરો છે તો ન્યૂક્લિયર મિસાઈલ અને મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનો પણ ઉપયોગ કરી શકે છે. રશિયાનો આ નિર્ણય માત્ર બેલેસ્ટિક મિસાઈલોને લાગુ નથી પડતો. રશિયાની સીમામાં કોઈ ડ્રોન અથવા એરક્રાફ્ટ ઘૂસે તો પણ તેને રશિયા પર ખતરા તરીકે જોવામાં આવશે.

યુક્રેને મંગળવારે સવારે બ્રાયન્સ્ક વિસ્તારમાં આર્મી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમમાંથી છ લાંબી રેન્જની મિસાઈલો છોડી હતી. રશિયાનો દાવો છે કે, તેમણે પાંચ મિસાઈલો તોડી પાડી છે પણ હવે પછી આ પ્રકારની હરકત સહન નહીં કરાય ને પરમાણુ હુમલો કરાશે.

રશિયાની ચેતવણીના કારણે અમેરિકાના સાથી મનાતા યુક્રેનની નજીક આવેલા અમેરિકાના સાથી મનાતા દેશો ફફડી ગયા છે. બે આખલાની લડાઈમાં ઝાડનો સોથ નીકળે એમ પોતે પિસાઈ જશે તેનો તેમને ડર છે. નાટો દ્વારા પણ અમેરિકાની ટીકા કરાઈ છે. નોર્વે, ફિનલેન્ડ અને ડેનમાર્ક સહિતના નાટોના કેટલાક દેશોએ તો પોતાના નાગરિકોને યુદ્ધની સ્થિતી માટે તૈયાર રહેવાની ચેતવણી પણ આપી દીધી છે. નોર્વે, ફિનલેન્ડ અને ડેનમાર્કે પોતાના નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓનો સ્ટોક રાખવા અને સૈનિકોને યુદ્ધ માટે તૈયાર રહેવા સૂચના આપી છે. આ દેશોની સરહદો રશિયા અને યુક્રેનને અડીને આવેલી છે. યુક્રેન પર રશિયા દ્વારા પરમાણુ હુમલો થાય તો સૌથી પહેલાં આ દેશોને અસર થશે.

નોર્વેએ પેમ્ફલેટ વહેંચીને નાગરિકોને યુદ્ધ વિશે ચેતવણી આપવા માંડી છે. સ્વિડને તેના બાવન લાખથી વધુ નાગરિકોને પોસ્ટ દ્વારા પેમ્ફલેટ મોકલ્યા છે કે જેમાં પરમાણુ યુદ્ધ દરમિયાન રેડિયેશન સામે રક્ષણ માટે ઉપયોગમાં લેવાતી આયોડિન ગોળીઓ રાખવાની સૂચના આપવામાં આવી છે. સ્વિડન નાટોનું સૌથી નવું સભ્ય છે અને રશિયા સાથે સરહદ ધરાવતું નથી પણ તેના પર ખતરો છે કેમ કે રશિયાની સૌથી નજીક છે. સ્વિડને યુદ્ધની સ્થિતિમાં શું કરવું એ અંગેની નાગરિકો માટે માર્ગદર્શિકા 'ઇન કેસ ઑફ ક્રાઇસિસ ઑફ વોર' બહાર પાડી છે. સ્વિડને યુદ્ધની કટોકટીનો સામનો કરવા માટે લોકોને ખોરાક અને પીવાના પાણીનો ૭૨ કલાક સુધી સંગ્રહ કરવાની સૂચના આપી છે, નાગરિકોને બટાકા, કોબી, ગાજર અને ઈંડા વગેરેનો પૂરતો સ્ટોક રાખવાનું સૂચન કર્યું છે.

ફિનલેન્ડની રશિયા સાથે ૧૩૪૦ કિ.મી.થી વધુ લાંબી સરહદ છે તેથી ફિનલેન્ડ સૌથી વધુ ફફડેલું છે. ફિનલેન્ડ પણ ૨૦૨૩માં જ નાટોમાં જોડાયું છે. ફિનલેન્ડ સરકારે યુદ્ધની સ્થિતિમાં સામાન્ય લોકોને મદદ કરવા માટે નવી વેબસાઇટ શરૂ કરી છે. ફિનલેન્ડે ઓનલાઈન મેસેજમાં લોકોને દેશ પર હુમલો થશે તો સરકાર શું કરશે તેની વિગતો આપી છે. ફિનલેન્ડે તેના નાગરિકોને યુદ્ધના કારણે વીજળીનો પુરવઠો ખોરવાઈ શકે છે એવી ચેતવણી આપીને બેક-અપ પાવર સપ્લાય જાળવવા કહ્યું છે. લોકોને સરળતાથી રાંધી શકાય એવી અથવા તૈયાર ખાદ્ય સામગ્રી રાખવા માટે કહેવામાં આવ્યું છે.

અમેરિકાને પણ રશિયા ચૂપ નહીં બેસે તેનો અંદાજ આવી ગયો છે તેથી અમેરિકાએ બુધવારે યુક્રેનની રાજધાની કિવમાં તેનું દૂતાવાસ બંધ કરી દીધું છે. યુએસએના સ્ટેટ કાઉન્સેલર વિભાગે મંગળવારે જાહેરાત કરીને એમ્બેસીના કર્મચારીઓને સલામત સ્થળે રહેવા કહ્યું છે. યુક્રેનમાં રહેતા અમેરિકન પ્રવાસીઓને પણ સાવધાની રાખવા માટે કહેવામાં આવ્યું છે અને કોઈપણ ખતરાની સ્થિતિમાં સલામત સ્થળે જવા માટે તૈયાર રહેવાની સલાહ આપવામાં આવી છે.

અમેરિકા અને રશિયાનું વલણ જોતાં દુનિયા પર મોટો ખતરો તોળાઈ રહ્યો હોય એવું લાગે છે. કમનસીબી એ છે કે, બંનેમાંથી કોઈ દેશ નમતું જોખવા તૈયાર નથી ને અમેરિકાનું વલણ તો અત્યંત આઘાતજનક છે. બાઈડને પહેલા યુક્રેનને રશિયામાં લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી ત્યારે જ બંને દેશો વચ્ચે તણાવ વધવા માંડેલો છતાં અમેરિકી પ્રમુખ જો બાઈડને યુક્રેનને એન્ટિ-પર્સનલ લેન્ડ માઇન્સ આપવાની જાહેરાત કરી નાખી છે.

યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટને લેન્ડ માઈન્સ બહુ જલદી યુક્રેનને આપવા પણ કહી દેવાયું છે. અમેરિકાનું કહેવું છે કે, પોતે યુક્રેનને આ લેન્ડ માઈન્સનો ઉપયોગ યુક્રેનની સરહદમાં જ કરવા કહ્યું છે. યુક્રેનના પૂર્વ વિસ્તારમાં રશિયન સેના ઝડપથી વધી રહી છે તેથી તેને રોકવા માટે અમેરિકાએ યુક્રેનને લેન્ડ માઈન્સ આપવાનો નિર્ણય કર્યો છે. અમેરિકાની વાત સાચી હોઈ શકે છે કેમ કે યુક્રેનની તાકાત રશિયાની અંદર ઘૂસીને લેન્ડ માઈન્સ બિછાવવાની નથી પણ આ પ્રકારના એક પછી એક નિર્ણયો જોતાં બાઇડેન જતાં જતાં દુનિયાની હાલત બગાડતા જશે એવું લાગે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શુક્રવાર, તા. ૨૨-૧૧-૨૦૨૪
ભારતીય અગ્રહાયણ માસારંભ

- ભારતીય દિનાંક ૧, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવાં, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૦મો આવાં, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૧મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર આશ્લેષા સાંજે ક. ૧૭-૦૯ સુધી, પછી મઘા.
- ચંદ્ર કર્કમાં સાંજે ક. ૧૭-૦૯ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૫૧ અમદાવાદ ક. ૦૬ મિ. ૫૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૨, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સાંજે ક. ૧૬-૩૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૩૪ (તા. ૨૩)
- ઓટઃ સવારે ક. ૧૧-૧૨, રાત્રે ક. ૨૨-૨૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - સપ્તમી. ભારતીય અગ્રહાયણ માસારંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ચિત્રભાનુ નામના સૂર્યનારાયણ ભગવાનનું પૂજન, આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ પૂજા, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ, પિતૃપૂજન, પીપળાનું પૂજન, ગાયમાતાનું પૂજન, શિવરુદ્રાભિષેક, સર્પપૂજા, બુધ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, માલ વેચવો, સ્થાવર લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, ઘર, ખેતર, જમીન, મકાન લેવડદેવડ, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ ચપળ મન, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-ધનુ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# જમ્મુ-કાશ્મીર અને લદાખમાં કાતિલ ઠંડી શરૂ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરની સાથે લદાખમાં ઉષ્ણતામાનનો પારો સડસડાટ નીચે ઉતરી ગયો હતો જે કઠોર ઠંડીના પ્રારંભનો સંકેત આપે છે. વિવિધ સથળોએ પારો શૂન્યથી નીચે ગયો છે ત્યારે કાશ્મીરની શાળાઓમાં માળખાકીય ઢાંચાની ખામીઓ ફરી સપાટી પર આવી છે.

મળતા વિવરણ પ્રમાણે કાશ્મીરમાં સૌથી વધારે ઠંડી શોપિયાંમાં નોંધાઈ હતી. ત્યાં માઈનસ ૩.૯ ડિગ્રી સેલ્સિયસનું તાપમાન નોંધાયું હતું. અનંતનાગમાં માઈનસ ૩.૫ અને પુલવામામાં માઈનસ ૩.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. પહેલગામ અને સોનમર્ગના લોકપ્રિય પર્યટન સ્થળોમાં અનુક્રમે માઈનસ ૩.૨ અને માઈનસ ૧.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

આજ પ્રમાણે ગીષ્મકાલીન રાજધાની શ્રીનગરમાં લઘુતમ ઉષ્ણતામાન માઈનસ ૦.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ગુલમર્ગમાં ૦.૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન હતું. જોકે જમ્મુમાં કાશ્મીરની તુલનામાં ઠંડી સૌમ્ય હતી. જમ્મુ શહેરમાં ઉષ્ણતામાન ૧૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બનિહાલ (૨.૩ ડિગ્રી) અને ભદ્રવાહ (અઢી ડિગ્રી) જેવા ઠંડા ક્ષેત્રોમાં તાપમાન નીચે ગયું હતું. આ ક્ષેત્રના પાડરમાં સૌથી અધિક ઠંડી ઋણ ૫.૪ ડિગ્રી નોંધાઈ હતી. લદાખમાં સૌથી વધારે ઠંડી હતી. દ્રાસ કે જે દુનિયાનું સૌથી ઠંડા સ્થાનમાંનુ એક ગણાય છે ત્યાં તાપમાન માઈનસ ૮.૯ ડિગ્રી હતું.

લેહમાં માઈનસ ૬.૬ અને કારગિલમાં માઈનસ ૫.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રહેવાસીઓ કાતિલ ઠંડીનો સામનો કરવાની તૈયારી કરી રહ્યા છે. અધિકારીઓએ ઠંડીને સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ ન આવે એ માટે સવાર અને મોડી સાંજે સાવધાની રાખવાની સલાહ આપી છે.

કાશ્મીરની સ્કૂલોમાં માળખાકીય સુવિધાનો અભાવનો સવાલ ઠંડીમાં વકરી જાય છે. આના પર તત્કાળ ધ્યાન આપવાની જરૂર છે. આ ભયજનક સ્થિતિ આ સ્કૂલોમાં આખા વર્ષ દરમિયાન હોય છે. આથી કિંડરગાર્ટન અને પ્રાથમિક સ્તરના વિદ્યાર્થીઓના ભણતર પર માઠી અસર પડે છે. રાષ્ટ્રીય અને કેન્દ્રશાસિત દેશમાં અનેક સ્તર પર મહત્ત્વાકાંક્ષી સુધારા છતાં સ્કૂલોમાં માળખાકીય સુવિધાનો અભાવની સમસ્યા વર્ષોથી ઉકેલાઈ નથી. ■

# વક્ફ ખરડા અંગેની સમિતિની મુદત વધારવાની વિરોધ પક્ષના સભ્યોની માગણી

નવી દિલ્હી : વિરોધ પક્ષોએ વક્ફ સુધારા ખરડા અંગેની સંયુક્ત સમિતિની મુદત વધારવાની માગણી કરી હતી. વિરોધ પક્ષોએ દલીલ કરી હતી કે ઠરાવના મુસદ્દાનો અભ્યાસ કરવા તેમને વધુ સમયની જરૂર છે. સમિતિની બેઠકમાં ચરેમેન અને ભાજપના સભ્ય જગદંબિકા પાલે જાહેરાત કરી હતી કે ગુરવારની બેઠક સમિતિની છેલ્લી બેઠક હશે અને ટૂંક સમયમાં મુસદ્દાનો અહેવાલ સભ્યોને અપાશે. આને પગલે વિરોધ પક્ષોએ સૂત્રોચ્ચાર શરૂ કર્યો હતો અને અમુક સભ્યોએ સ્પીકર ઓમ બિરલાને ફોન કરીને આમાં દરમિયાનગીરી કરવા જણાવ્યું હતું.

લોકસભાએ સોમવારથી શરૂ થતા સંસદના શિયાળુ સત્રના પ્રથમ અઠવાડિયાના છેલ્લા દિવસે અહેવાલ આપવાનું સમિતિને કહ્યું છે.

સમિતિએ સંયુક્ત સમિતિ લોકસભાને અહેવાલ સુપરત કરે ત્યાર બાદ વક્ફ (સુધારા) ખરડો શિયાલુ સત્રમાં રજુ કરવા અને મંજૂર કરવા માટે સૂચિબદ્ધ કરાયો છે. ભૂતકાળમાં પણ વિરોધ પક્ષોએ ભાજપના સંસદસભ્ય પાલ પર સરકારના કહેવાથી કામ કરવાનો આક્ષેપ મૂક્યો છે. વિરોધ પક્ષના સભ્યોએ એવી પણ ધમકી આપી છે કે તેઓ સમિતિના કાર્યથી પોતાને અલગ કરી નાખશે.

તેમની મુખ્ય ચિંતા એ છે કે સમિતિની વારંવાર ભરાતી દિવસભર ચાલતી બેઠક તેમને પુરતી તૈયારી કરવા સમય આપતી નથી, કોને જુબાની આપવા બોલાવવા એ માટે અમને પૂછવામાં આવતું નથી અને આખી કાર્યવાહી બુલડોઝર મારફત પાલ ચલાવે છે. વિરોધ પક્ષના સભ્યોએ અગાઉ પણ સ્પીકરને પાલ વિરુદ્ધ ફરિયાદ કરી હતી. (એજન્સી) ■

# ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઇનો ભાઈ અનમોલ આયોવાની જેલમાં

વૉશિંગ્ટનઃ જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઇના નાના ભાઇ અનમોલની અમેરિકી કાયદા અમલીકરણ અધિકારીઓએ ધરપકડ કરી છે. હાલમાં તે આયોવાની જેલમાં બંધ છે. અનમોલ એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યા અને અભિનેતા સલમાન ખાનના મુંબઇ સ્થિત ઘરની બહાર ફાયરિંગમાં વૉન્ટેડ છે.

યુએસ ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ વેબસાઇટ પર તાજેતરની માહિતી અનુસાર અનમોલ બિશ્નોઇ આયોવામાં પોટ્ટાવાટ્ટામી કાઉન્ટી જેલમાં બંધ છે. જો કે અન્ય કોઇ વિગતો તાત્કાલિક ઉપલબ્ધ નથી. અનમોલ કેનેડામાં રહે છે અને નિયમિત રીતે અમેરિકા આવતો-જતો રહેતો હોવાનું કહેવાય છે. તે લૉરેન્સનો નાનો ભાઇ છે. જેના પર જેલમાં હોવા છતાં વૈશ્વિક ગુનાહિત ગૅન્ગ ચલાવવાનો આરોપ છે. લૉરેન્સ હાલ અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ છે.

અનમોલ ગત મહિને મુંબઇના બાંદ્રા વિસ્તારમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન સિદ્દીકીની હત્યા સહિત અનેક ગુનાહિત કેસોમાં વૉન્ટેડ છે. આ વર્ષે ૧૪ એપ્રિલે બોલિવુડ અભિનેતા સલમાન ખાનના બાંદ્રા સ્થિત ઘરની બહાર થયેલા ગોળીબારમાં તે કથિત રીતે સામેલ હતો. ભારતે અનમોલના પ્રત્યાર્પણની માંગ કરી છે.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઇએ)એ પણ તાજેતરમાં અનમોલની ધરપકડ કરવામાં મદદરૂપ થતી માહિતી આપનારને ૧૦ લાખ રૂપિયાના ઇનામની જાહેરાત કરી હતી. આ અઠવાડિયાની શરૂઆતમાં અમેરિકી વિદેશ વિભાગે અનમોલના પ્રત્યાર્પણની સંભાવના પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. તેણે કહ્યું હતું કે આ મામલો ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યોરિટી અને એફબીઆઈના અધિકારક્ષેત્રમાં આવે છે. ■

# સંસદના શિયાળુ સત્રમાં ૧૫ ખરડા બહાલ કરાવવાનો સરકારનો પ્રયાસ

નવી દિલ્હી : સોમવારથી શરૂ થતા સંસદના શિયાળા સત્ર માટે સરકારે વક્ફ સુધારા ખરડા સહિત ૧૫ ખરડાઓને સૂચિબદ્ધ કર્યા છે. પાચ નવા ખરડાના મુસદ્દામાં કોઓપરેટિવ યુનિવર્સિટીની રચના કરવાનો સમાવેશ થાય છે. અગાઉથી વિચારાધીન હોય એવા ખરડઓમાં વક્ફ (સુધારા) ખરડાનો સમાવેશ થાય છે. આ ખરડા અંગે રચાયેલી સંસદીય સમિતિ એનો અહેવાલ આપે ત્યાર બાદ આ ખરડા પર વિચાર કરીને એને મંજૂર કરવા માટે સૂચિબદ્ધ કરાયો છે. સમિતિને શિયાળુ સત્રના પહેલા અઠવાડિયાના છેલ્લા દિવસે અહેવાલ લોકસભાને આપવાનો છે.

સત્ર ૨૦ ડિસેમ્બરે પૂરું થશે.

સંસદમાં પંજાબ અદાલત (સુધારા) ખરડો રજૂ કરવા, ધ્યાન પર લેવા અને મંજૂર કરવા સરકારે સૂચિબદ્ધ કર્યો છે. આ ખરડાનો હેતુ દિલ્હી જિલ્લા કોર્ટનું અપીલ સાંભળવાનું કાર્યક્ષેત્ર નાણાંની (કેસનું નાણાકીય મૂલ્ય) દૃષ્ટિએ વધારવાનો છે. ખરડો હાલની ત્રણ લાખ રૂપિયાની મર્યાદાને વધારીને ૨૦ લાખ રૂપિયા કરવા માગે છે. સરકાર મર્ચન્ટ શિપિંગ બિલ પણ રજૂ કરશે. સરકારે ભારતે સહી કરેલી મેરિટાઈમ સંધિઓના કર્તવ્યને પૂરા કરવા આ ખરડાનો મુસદ્દો તૈયાર કર્યો છે. તદુપરાંત કોસ્ટલ શિપિંગ બિલ અને ઈન્ડિયન પોર્ટસ બિલ પણ રજૂ કરાશે અને એને મંજૂર કરાવાનો પ્રયાસ કરાશે.

આઠ ખરડા લોકસભાના વિચારાધીન અને બે ખરડા રાજ્યસભાના વિચારાધીન છે. (એજન્સી) ■

# પાકિસ્તાનમાં પેસેન્જર વાન પર ગોળીબારઃ ૫૦નાં મોત, ૨૦ ઘાયલ

પેશાવરઃ ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના એક આદિવાસી વિસ્તારમાં બંદૂકધારીઓએ પ્રવાસી વાહનો પર ગોળીબાર કર્યા પછી ઓછામાં ઓછા ૫૦ લોકો માર્યા ગયા હતા અને ૨૦ ઘાયલ થયા હતા.

ખૈબર પખ્તુનખ્વાના મુખ્ય સચિવ નદીમ અસલમ ચૌધરીએ હુમલાની પુષ્ટિ કરતાં કહ્યું કે બંદૂકધારીઓએ કુર્રમના પારાચિનારથી કાફલામાં મુસાફરી કરી રહેલી પેસેન્જર વાનને નિશાન બનાવી હતી. હુમલામાં જાનહાનિમાં એક મહિલા અને એક બાળકનો સમાવેશ થાય છે. મૃત્યુઆંક વધવાની શક્યતા છે.

પારાચિનારના સ્થાનિક રહેવાસી ઝિયારત હુસૈને ટેલિફોન દ્વારા જણાવ્યું હતું કે, ''ત્યાં પેસેન્જર વાહનોના બે કાફલા હતા, જેમાં એક પેશાવરથી પારાચિનાર અને બીજો પારાચિનારથી પેશાવર તરફ મુસાફરોને લઈ જતો હતો, જ્યારે સશસ્ત્ર લોકોએ તેમના પર ગોળીબાર કર્યો હતો.'' ■

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકન સિક્યોરિટીઝના

આપીએ છીએ કે અમે તમામ કાયદાઓનું સંપૂર્ણ પાલન કરીએ છીએ. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ કેસ અંગે તમામ સંભવિત કાયદાકીય પગલાં લેવામાં આવશે.

સ્ટોક એક્સચેન્જીસ (બીએસઇ અને એનએસઇ)ને મોકલેલા પત્રોમાં અદાણી ગ્રૂપની કંપની અદાણી ગ્રીન એટલે કે અદાણી રિન્યુઅલ્સે જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને અમારા બોર્ડના સભ્યો સામે ફોજદારી આરોપ મૂક્યા છે અને સિવિલ ફરિયાદ દાખલ કરી છે. અદાણી જૂથના બોર્ડ અન્ય સભ્યને પણ ફોજદારી કાર્યવાહીમાં સામેલ કર્યા છે. આ ઘટના ક્રમને ધ્યાનમાં રાખીને અમારી પેટા કંપનીઓએ હાલ માટે યુએસ ડોલરમાં સૂચિત બોન્ડ ઑફર ન સ્વીકારવાનો નિર્ણય લીધો છે.

અદાણી ગ્રૂપ પર યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (ડીઓજે) અને યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી) એ કેટલાક આરોપો કર્યા છે, જેમાં તેમણે અદાણી જૂથની કંપની પર કોન્ટ્રાક્ટ મેળવવા માટે લાંચ આપવાનો આરોપ મૂક્યો છે કે અદાણી ગ્રીન એનર્જી લિમિટેડે સૌર ઊર્જા કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને ૨૫૦ મિલિયન અમેરિકન ડોલરની લાંચ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ■

# અદાણીની તાત્કાલિક ધરપકડ કરોઃ રાહુલ ગાંધી

અમેરિકાની કોર્ટમાં કથિત લાંચ અને છેતરપિંડીના આરોપ કરવામાં આવ્યા બાદ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની તાત્કાલિક ધરપકડ કરવાની ગુરુવારે માગણી કરી હતી. ભારતીય અધિકારીઓને રૂ. ૨૧૦૦ કરોડની લાંચ આપી હોવાના અમેરિકાના વકીલોએ ગૌતમ અદાણી સહિત કંપનીના અધિકારીઓ પર આક્ષેપ કર્યા બાદ પત્રકારોને આપેલી મુલાકાતમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભારતીય ઉદ્યોગપતિએ ભારત અને અમેરિકાના કાયદાનું ઉલ્લંઘન કર્યું હોવાનું હવે સ્પષ્ટ થઈ ગયું છે.

અદાણીની તાત્કાલિક ધરપકડ કરી તેમની પૂછપરછ કરવી જોઈએ અને અદાણીનું રક્ષણ કરી રહેલા સેબીના અધ્યક્ષ માધબી પૂરી બૂચને હોદ્દા પરથી દૂર કરવા જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

સોમવારથી શરૂ થતા સંસદના શિયાળુ સત્રમાં અમે આ મુદ્દો ઉપાડી લઈશું અને આ મામલે જેપીસી તપાસ યોજવાની માગણી અમે કરીશું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# કૉંગ્રેસ વર્ષ ૨૦૦૨થી મોદીની છબી ખરડવાનો પ્રયાસ કરી રહી છેઃ ભાજપ

અમેરિકાના વકીલો દ્વારા અદાણી ગ્રૂપની કંપની પર કરવામાં આવેલા આક્ષેપોને મામલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કરેલા પ્રહારને મામલે પ્રતિક્રિયા આપતા ભાજપે ગુરુવારે કહ્યું હતું કે કૉંગ્રેસ વર્ષ ૨૦૦૨થી મોદીની છબી ખરડવાનો પ્રયાસ કરી રહી હોવા છતાં મોદીની વિશ્વસનીયતા દિવસે દિવસે વધી રહી છે.

અમેરિકાની કોર્ટમાં અદાણી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીમાં જે ચાર રાજ્યના નામ આપવામાં આવે છે તેમાંથી એકમાં પણ ભાજપની સરકાર નહોતી.

પત્રકારોને આપેલી મુલાકાતમાં ભાજપના પ્રવક્તા સાંબિત પાત્રાએ સ્પષ્ટતા કરી હતી કે અદાણી ગ્રૂપ પર કરવામાં આવેલા આક્ષેપો અંગે સ્પષ્ટતા આપવાની અને પોતાનો બચાવ કરવાની જવાબદારી કંપનીની છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રની ભાજપ સરકારને ધ્યાનમાં રાખીને રાહુલ ગાંધીએ કરેલા આક્ષેપો અંગે પ્રક્રિયા આપતાં તેમણે કહ્યું હતું કે કાયદો કાયદાનું કામ કરશે. વર્ષ ૨૦૦૨થી ગાંધી પરિવાર મોદીની છબી ખરડવાના પ્રયાસ કરી રહ્યો છે, પરંતુ હજુ સુધી તેમને સફળતા નથી મળી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# અદાણી ગ્રૂપે ૬૦ કરોડ ડૉલરના બૉન્ડનો ઈશ્યુ રદ કર્યો

સોલાર પાવર કોન્ટ્રાક્ટ મેળવવા માટે તરફેણ કરતી નીતિ ઘડી કાઢવા ભારતીય અધિકારીઓને રૂ. ૨૧૦૦ કરોડ કરતાં પણ વધુની લાંચ આપવાનો અમેરિકાના વકીલો દ્વારા ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને કંપનીના અન્ય અધિકારીઓ પર આરોપ મૂકવામાં આવ્યા બાદ અદાણી ગ્રૂપે ૬૦ કરોડ ડૉલર એટલે કે અંદાજે રૂ. ૫,૦૬૬ કરોડના બૉન્ડનો ઈસ્યુ રદ કરવાની જાહેરાત કરી હતી. અદાણી ગ્રૂપ પર આ આરોપો મૂકાયા તેનાં ગણતરીના કલાકો અગાઉ જ કંપનીએ અમેરિકાના ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડ માર્કેટમાં ૨૦ વર્ષના ગ્રીન બૉન્ડ વેચ્યા હતા. આક્ષેપોને પગલે ઈસ્યુ રદ કરવામાં આવ્યો હતો. (એજન્સી) ■

### સોલાર પાવર કોન્ટ્રાક્ટ

ક્રમાંકના સૌથી ધનિક મનાતા ગૌતમ અદાણી, ભત્રીજા સાગર અદાણી સહિત ગ્રીન એનર્જી લિ.ના સાત અધિકારીઓ પર રૂ. ૨૧૦૦ કરોડની છેતરપિંડી અને લાંચનો ન્યૂ યૉર્કસ્થિત કોર્ટમાં આરોપ મૂકવામાં આવ્યો છે.

ન્યૂ યૉર્ક કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં ગૌતમ અદાણી અને અદાણી ગ્રૂપના અધિકારીઓએ અમેરિકામાં રોકાણકારો પાસેથી નાણાં વસૂલતી વખતે ખોટાં નિવેદનો આપ્યાં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અદાણી ગ્રૂપની કંપની અદાણી ગ્રીન એનર્જીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણી તેમ જ મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ વિનિત જૈન પર અમેરિકાના કાયદાનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. અમેરિકામાં એમઈસીના અધિકારીઓ અદાણી ગ્રૂપે પ્રોજેક્ટ મેળવવા લાંચ આપી છે કે નહીં તેની તપાસ કરી રહ્યા છે.

દિલ્હીમાં વડુમથક ધરાવતી અઝૂરે પાવર પણ આ કથિત કૌભાંડનો હિસ્સો હોવાનું દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવવામાં આવ્યું છે.

અમેરિકાના સિક્યોરિટી ઍન્ડ એક્સચેન્જ કમિશને ગૌતમ અને સાગર અદાણી તેમ જ અઝૂરે પાવરના અધિકારીઓ પર ફેડરલ સિક્યોરિટી કાયદાની કૌભાંડવિરોધી જોગવાઈનો ભંગ કરવાનો પણ આરોપ મૂક્યો છે.

આ આરોપો મૂકાયા બાદ અદાણી ગ્રૂપની કંપની અદાણી ગ્રીન એનર્જી લિ.ના ૬૦ કરોડ ડૉલર એટલે કે અંદાજે રૂ. ૫,૦૬૬ કરોડના બૉન્ડનો ઈસ્યુ રદ કરવાની જાહેરાત કરી હતી. અદાણી ગ્રૂપ પર આ આરોપો મૂકાયા તેનાં ગણતરીના કલાકો અગાઉ જ આ ઈસ્યૂ ત્રણ ઘણો સબસ્ક્રાઈબ થયો હતો. આરોપોને પગલે ભારતના શેરબજારમાં પણ અદાણી ગ્રૂપના શેરોના ભાગ ગગડી ગયા હતા અને ગ્રૂપની દસ લિસ્ટેડ કંપનીના શેરોનાં મૂલ્યમાં અંદાજે ૩૦ અબજ ડૉલર એટલે કે રૂ. ૨.૫ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

અમેરિકાના વહીવટકર્તાઓએ આક્ષેપ કર્યો છે કે અદાણી ગ્રૂપે આ મામલે રોકાણકારો તેમ જ અમેરિકાની બૅન્કોને પણ અંધારામાં રાખી હતી. કોઈ પણ વિદેશી કૌભાંડ કે ભ્રષ્ટાચારના આક્ષેપોની કડી અમેરિકાના રોકાણકારો કે શેરબજાર સાથે સંકળાયેલી હોય તો અમેરિકાનો કાયદો તેની વિરુદ્ધ કાર્યવાહી અને તપાસ કરવાની પરવાનગી આપે છે. (એજન્સી) ■

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોને રવી પાકોનાં વાવેતર માટે નર્મદાનું પાણી અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાની સિઝનમાં ખેડૂતોના પાકનો નાશ થતાં રાજ્ય સરકારે કૃષિ પેકેજ જાહેર કર્યું હતું. હવે શિયાળાની શરૂઆત થતાં જ રવી પાકોના વાવેતર માટે સરકારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોને પૂરક સિંચાઈ માટે નર્મદાનું પાણી આપવાનો નિર્ણય કર્યો હતો. સરકારના આ નિર્ણયથી ૬૦ હજાર એકર ખેતી લાયક વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતોને રવિ મોસમના પાક વાવેતર માટે પૂરક સિંચાઈ અને પીવાના હેતુસર પાણીની સુવિધા પૂરી પાડવા નર્મદાનું કુલ ૩૦,૫૦૪ એમ.સી.એફ.ટી. પાણી ફાળવવાનો નિર્ણય કર્યો હતો. નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌની યોજના દ્વારા સિંચાઈ અને પીવાના હેતુસર વર્ષમાં વિવિધ તબક્કે નર્મદાના પાણીની ફાળવણી કરવામાં આવે છે.

ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર ખેડૂતો દ્વારા રવિ ઋતુ દરમિયાન બહોળા પ્રમાણમાં પાકનું વાવેતર થાય તેના આયોજનના ભાગરૂપે પૂરક સિંચાઈ અર્થે તળાવો તથા ચેકડેમો ભરવા નર્મદાનાં આ પાણીની ફાળવણી કરવાનો નિર્ણય મુખ્ય પ્રધાને લીધો હતો.

આ સંદર્ભમાં નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત વિસ્તાર માટે ૧૬,૬૩૭ એમ.સી.એફ.ટી. તથા સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૧૩,૮૬૭ એમ.સી.એફ.ટી. મળી કુલ ૩૦,૫૦૪ એમ.સી.એફ.ટી. નર્મદાનું પાણી તારીખ ૧૫મી માર્ચ ૨૦૨૫ સુધીના સમયગાળા માટે ફાળવવાનો ખેડૂતલક્ષી નિર્ણય કર્યો હતો. નર્મદાના આ પાણીની ફાળવણીથી ઉત્તર ગુજરાત વિસ્તારનાં ૯૫૨ તળાવો અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર તથા સૌની યોજનાથી સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૪૩ તળાવો અને ૧૮૨૦ ચેકડેમ થકી અંદાજે ૬૦ હજાર એકર ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. ■

# ગુજરાતમાં અનુસૂચિત જાતિના ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓને ૬૧૬ કરોડથી વધુની લોન મંજૂર કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિદેશમાં અભ્યાસ કરવા જવા ઈચ્છતા હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે ગુજરાત સરકારના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન યોજના કાર્યરત છે. વર્ષ ૧૯૯૯થી કાર્યરત આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૬૧૬ કરોડથી વધુની લોન આપવામાં આવી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન સહાય યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોતાનાં સપનાઓ સાકાર કરવા અને સોનેરી કારકિર્દીનું ઘડતર કરવા વિદેશ અભ્યાસ માટે આર્થિક રીતે મદદરૂપ થવા માત્ર ૪ ટકાના વાર્ષિક વ્યાજ દરે રૂ.૧૫ લાખની લોન આપવામાં આવે છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે ૪૨૧ વિદ્યાર્થીઓને રૂ.૬૮ કરોડની લોન સહાય આપવામાં આવી છે. કોઈપણ આવક મર્યાદા વગર અપાતી આ લોન યોજના મૂળ ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે. આ લોન ધોરણ-૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦ ટકા કે વધુ માર્ક ધરાવતા હોવા જોઇશે. તેમ જ ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા, પી.એચ.ડી તેમજ તમામ ક્ષેત્રના અન્ય એક થી વધુ વર્ષના અથવા ઓછામાં ઓછા બે સેમિસ્ટરના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે. અગાઉ અનુસૂચિત જાતિ કુટુંબના માત્ર એક જ સંતાનને વિદેશ અભ્યાસ માટે લોન મળતી હતી તેમાં પણ સુધારો કરીને અત્યારે એક જ કુટુંબના બે વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઇ શકે છે. ■

# અમદાવાદમાંથી ૧.30 કરોડનું એમડી ડ્રગ્સ ઝડપાયુંઃ બે હથિયાર અને ૪0 કારતૂસ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમાં મંગળવારે રાત્રે એક એપાર્ટમેન્ટના ૧૪મા માળેથી ૨૫ લાખની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું હતું. ત્યારે ગુરુવારે ફરીવાર દાણીલીમડા વિસ્તારમાંથી ૧.૩૦ કરોડના ૧ કિલો ૨૩૦ ગ્રામ ડ્રગ્સ સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીના ઘરમાં સર્ચ કરતાં બે હથિયાર અને ૪૦ જીવતી કારતૂસ પણ મળી આવી હતી. પોલીસે આ આરોપી ડ્રગ્સનો જથ્થો ક્યાંથી લાવ્યો અને કોને આપવાનો હતો તેમજ હથિયારનો ઉપયોગ ક્યાં કરવાનો હતો તે અંગે પૂછપરછ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીને આધારે દાણીલીમડા ખાતે રહેતા જીસાન ઉર્ફે દત્તા પાવલે મેમણના ઘરે દરોડા પાડયા હતાં. તેના ઘરના સ્ટોરરૂમમાંથી ક્રાઈમ બ્રાંચને એક શૂઝના બોક્સમાંથી ક્રિસ્ટલ, પાઉડર અને કોઇ પદાર્થના ટુકડા મળી આવ્યા હતા. બોક્સમાં ઝીપલોક વાળી થેલીઓ તેમજ અલગ અલગ ડિજિટલ કાંટા પણ મળી આવ્યા હતા. આ પાઉડર બાબતે જીશાને તે ડ્રગ્સ હોવાનું પોલીસને જણાવ્યું હતું. ક્રાઇમ બ્રાંચની પૂછપરછ દરમિયાન જીશાને જણાવ્યું હતું કે, અજમેરમાં તેનો સંપર્ક ઇમરાન ઉર્ફે લાલા સાથે થયો હતો. ત્યાર બાદ બંને જણાએ ડ્રગ્સનો વેપાર કરવાનું નક્કી કર્યું હતું. ઈમરાને રાજસ્થાનથી ડ્રગ્સનો જથ્થો કુરિયર મારફતે મોકલાવ્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે જીશાનના ઘરમાં સર્ચ કરતાં એક ઓટેમેટીક પિસ્તોલ અને દેશીબનાવટની પિસ્તોલ મળી આવી હતી. તે ઉપરાંત ૧૮.૨૭ લાખ રૂપિયાની રોક્ડ જપ્ત રી હતી. તે ઉપરાંત ૬ મોબાઇલ ફોન અને ટેબલેટ પણ જપ્ત કરીને એફએસએલમાં મોકલવા તજવીજ હાથ ધરી હતી. ■

# ઓનલાઈન વોટ્સએપ હેક કરી ઠગતો આરોપી ઝડપાયોઃ ૧૦૦ યુવતીઓને છેતરી હોવાનું કબૂલ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શાળા અને કોલેજની યુવતીઓને ટાર્ગેટ કરીને ઓનલાઇન વોટ્સએપ હેક કરી સાયબર ક્રાઇમ કરતી ગેંગના સભ્યને પકડી પાડવામાં સ્ટેટ સાયબર ક્રાઇમ સેલની ટીમને સફળતા મળી હતી. મધ્ય પ્રદેશના આ આરોપીની પ્રાથમિક પૂછપરછમાં ગુજરાત સહિત વિવિધ રાજયોની ૧૦૦થી વધુ યુવતીઓ પાસેથી તેણે છેતરપિંડી આચરી હોવાનું કબૂલ્યું હતું. આરોપીની ધરપકડ કરીને સ્ટેટ સાયબર ક્રાઇમ સેલની ટીમે સઘન પૂછપરછ શરૂ કરી આ ગેંગના તેના અન્ય સૂત્રધારોને પકડવા તજવીજ શરૂ કરી હતી.

દેશમાં સતત વધી રહેલા સાયબર ક્રાઈમના ગુનાઓને નિયંત્રણમાં લાવવા તથા આ સાયબર ક્રાઇમ કરતી ગેંગને શોધી કાઢવા સી.આઇ.ડી. ક્રાઇમ સહિતની ટીમ સક્રિય થઈ ગઈ છે. આ દરમિયાન ૧૯૩૦ હેલ્પલાઇન ઉપર ફરિયાદ મળી હતી કે, કોઈ સાયબર ગઠિયાએ વોટ્સએપ એકાઉન્ટ હેક કરી ભોગ બનનારના મિત્રોને પૈસાની જરૂર હોવાનું જણાવી પૈસા પડાવી લઇ છેપરપીંડી આચરી છે. જે અન્વયે સ્ટેટ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરી આ ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલા બેંક એકાઉન્ટ તથા મોબાઇલ નંબરની વિગતો મેળવી સ્ટેટ સાયબર ક્રાઇમ સેલની ટીમે ડિટેઇલ એનાલીસિસ કર્યું હતું.

મોબાઈલ નંબરના સી.ડી.આર. મંગાવી જેમા મળી આવેલા આઈએમઈઆઈની માહિતીનું એનાલીસીસ કરતા એક સસ્પેક્ટ મોબાઇલ નંબર મળી આવ્યો હતો. જે ઓપન સોર્સ મારફતે ચેક કરાવતા કોલેજ ફી ફ્રોડ એવું નામ મળી આવતા આ બાબતે વધુ સઘન તપાસ કરી સસ્પેક્ટ મોબાઇલ નંબરની વિગતો મેળવી વેરીફીકેશન મેળવ્યા બાદ મોબાઇલ નંબરનું લોકેશન મેળવ્યું હતું.

લોકેશન મધ્ય પ્રદેશના અનુપપુર જિલ્લાના બદરા ગામનું આવતા સાયબર પોલીસની ટીમ તાત્કાલીક અનુપપુર મધ્ય પ્રદેશ ખાતે રવાના થઈ ગઈ હતી અને સ્થાનિક પોલીસની મદદ લઈને વોચ ગોઠવી આરોપી પ્રભાતકુમાર ગુપ્તા ની અટકાયત કરી સઘન પૂછપરછ શરૂ કરી હતી.

પ્રાથમિક પૂછતાછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, તે ફક્તને ફક્ત શાળા કોલેજની છોકરીઓને ટાર્ગેટ કરતો હતો અને અત્યાર સુધીમાં તેને અલગ-અલગ રાજ્યોની આશરે ૧૦૦થી વધુ છોકરીઓને ટાર્ગેટ કરી તેમના વોટ્સએપ હેક કરી છેતરપિંડી કરી છે. આરોપી હાલ રીમાન્ડ હેઠળ છે અને તેની વધુ પૂછપરછ ચાલી રહી છે. આરોપી પાસેથી મોબાઈલ ફોન નંગ-૨, ચેકબુક નંગ-૨, મોબાઈલ સીમકાર્ડ નંગ-૧૧, બેંકની પાસબુક નંગ-૨ તથા ૧૨ નંગ ડેબિટ કાર્ડ કબજે કરવામાં આવ્યા હતાં. ■

# તાપી નદીમાં વોટર મેટ્રોના પ્રોજેક્ટ માટે કોચીના નિષ્ણાતોની ટીમ સુરતની મુલાકાત લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં તાપી નદીમાં વોટર મેટ્રો પ્રોજેક્ટ શરૂ કરવાની તૈયારીઓ આરંભાઈ છે. ત્યારે આ પ્રોજેક્ટની શક્યતાઓ ચકાસવા માટેની મંજૂરી મળતાં કોચીના નિષ્ણાતોની ટીમ ટૂંક સમયમાં જ શહેરની મુલાકાત લેશે. આ વર્ષની શરૂઆતમાં, મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે નેધરલેન્ડની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે કોચી વોટર મેટ્રોના ટેકનિકલ નિષ્ણાતો સાથે મુલાકાત કરી હતી.

સુરત મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા રજૂ કરાયેલ આયોજનના ભાગરૂપે આગામી ૨૨ નવેમ્બરના રોજ કોચી વોટર મેટ્રોની ટેકનિકલ ટીમના બે તજજ્ઞો સુરત આવશે.કોચીની ટીમની વિઝિટ બાદ તેમના અભિપ્રાય પર આ પ્રોજેક્ટનો મોટો દારોમદાર રહેશે. સુચિત બેરેજના અપસ્ટ્રીમમાં તાપી નદીના બંને કાંઠે મેટ્રો સ્ટેશન, રૂટને ધ્યાને રાખી ટેક્નિકલ ટીમને મુલાકાત કરાવાશે. મનપા કમિશનર શાલિની અગ્રવાલ દ્વારા વોટર મેટ્રો પ્રોજેક્ટ માટેની વિચારણાનો સમાવેશ ડ્રાફ્ટ બજેટમાં રજૂ કરાયો હતો. મનપા કમિશનર સાથેની બેઠક બાદ એસીઈ ભગવાગર અને તેમની ટીમને કોચીના તજજ્ઞોની ટીમને તાપી નદીના બંને કાઠે સૂચિત બેરેજના અપસ્ટ્રીમ વિસ્તારમાં નદી કાંઠાની વિઝિટ માટેની જવાબદારી સોંપવામાં આવી છે. ખાસ કરીને તાપી નદીના બંને કાંઠે મેટ્રો ટ્રેન પ્રોજેક્ટના સ્ટેશનોની સાઈટ નક્કી છે. મેટ્રોની સાથે સુરત મનપાના ૧૦૮ કિલોમીટર લાંબા બીઆરટીએસ કોરિડોરને પણ સાંકળીને સુચિત બેરેજના અપસ્ટ્રીમમાં કઈ જગ્યાએ વોટર મેટ્રો ઊભા કરી શકાય? તે અંગેની સ્થળ વિઝિટ કરી શક્યતા ચકાસાશે. ■

# ગુજરાતમાં તાપમાન ઘટતા ઠંડીનો ચમકારો અનુભવાયોઃ કચ્છનું નલિયા ૧૩ ડિગ્રી સાથે ઠંડુંગાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં રાત્રે અને વહેલી સવારે ઠંડીની અસર વર્તાઈ રહી છે. રાજ્યમાં બે ડિગ્રી જેટલું તાપમાન ઘટતાં શિયાળો જામી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. કચ્છનું નલિયા ૧૩ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું હતું. હવામાન વિભાગે તાપમાનનો પારો હજી નીચે જશે તેવી આગાહી કરતાં કહ્યું હતું કે, આગામી દિવસોમાં ઠંડી વધે તેવી શક્યતાઓ છે. મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્યના લઘુતમ તાપમાનમાં ઘટાડો આવતા ઠંડીનો અહેસાસ થશે. આગામી પાંચ દિવસ રાજ્યનું વાતાવરણ શૂષ્ક રહેવાની સાથે લઘુત્તમ અને મહતમ તાપમાનમાં મોટાભાગના જિલ્લાઓમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થઈ શકે છે. અમદાવાદમાં ગુરુવારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન સામાન્ય કરતાં ૧.૬ ડિગ્રી સેલ્સિયસ ઓછું મહતમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગની લોંગ રેન્જ ફોરકાસ્ટ મુજબ ગુજરાતમાં આ વર્ષે મહતમ તાપમાન સામાન્ય કરતાં ઓછું રહેવાની સંભાવના છે. ગુરુવારે અમદાવાદ સહિત રાજ્યના કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું રહેતા દિવસ દરમિયાન શહેરીજનોને ગરમીમાંથી રાહત મળી હતી. આ ઉપરાંત લઘુત્તમ તાપમાન પણ સામાન્યથી નજીક રહેતા ઠંડીનો અનુભવ થશે. નવેમ્બર માસ પૂરો થવામાં હવે માત્ર દોઢ સપ્તાહનો સમય બાકી રહ્યો છે. સવાર સાંજ વાતાવરણમાં ઠંડક થઈ રહી છે. ■

# હજીરાના ઉદ્યોગોને પાણીના ટેન્ડરિંગમાં ફાયદો કરાવવા મુદ્દે સુરત મનપાના કાર્યપાલક ઈજનેર સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં હજીરાના ઉદ્યોગોને પાણી પુરું પાડવાના ટેન્ડરિંગમાં ફાયદો કરાવવા મુદ્દે ખેલ ખેલી રહેલા સુરત મહાનગર પાલિકાના કાર્યપાલક ઈજનેર કેતન દેસાઈને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. આ કૌભાંડની ગંધ આવ્યા બાદ તેમની પાસેથી ખાતાં આંચકી લેવાયા હતાં અને ગાંધીનગર સુધી તેનો રેલો આવતાં મોડી રાત્રે સસ્પેન્શનનો આદેશ કરાયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરત શહેરમાં હજીરાના ઉદ્યોગોને પાણી પૂરું પાડવાના ટેન્ડરિંગમાં ફાયદો કરાવવાના ખેલમાં કાર્યપાલક ઈજનેર કેતન દેસાઈને સસ્પેન્ડ કરી દેવાયાં હતાં. તેમની પર કરાર કર્યા વિના ટેન્ડર ખોલીને ભાવતાલ નક્કી કર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ કૌભાંડ બહાર આવ્યા બાદ સુરત મનપા કમિશનરે કાર્યપાલક ઇજનેર કેતન દેસાઈને ડિગ્રેડ કર્યા હતા. તેમની પાસેના તમામ ખાતાઓ પણ આંચકી લેવામાં આવ્યાં હતાં. જ્યારે કતારગામના ધારાસભ્ય વીનું મોરડીયાએ મુખ્યમંત્રીને પત્ર લખી તપાસની માંગ કરી હતી.

બુધવારે મોડી રાત્રે ગાંધીનગરથી ઓર્ડર છૂટતા સુરત મહાનગર પાલિકાના કાર્યપાલક ઈજનેર કેતન દેસાઈને સસ્પેન્ડ કરી દેવાયા હતાં. હજીરાના ઉદ્યોગ અને ટર્સરી ટ્રીટમેન્ટ વાળું પાણી પૂરું પાડવાનું આખી યોજના હતી. દોઢ જ વર્ષમાં ૧૦૦૦ કરોડના પ્રોજેક્ટની કોસ્ટિંગ ૧૮૦૦ કરોડ કરી દેવાઈ હતી. જેને પગલે સમગ્ર મામલે ભારે વિવાદ ઉભો થયો હતો. ■

# ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં આરોપી ડો. પ્રશાંત વઝીરાણીના વધુ ચાર દિવસના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં ધરપકડ કરવામાં આવેલા ડો. પ્રશાંત વઝીરાણીના રિમાન્ડ ગુરુવારે પૂર્ણ થતાં તેને અમદાવાદની ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે તેના વધુ સાત દિવસના રિમાન્ડની માંગ કરતાં કોર્ટે પચીસ નવેમ્બર બપોર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતાં.

અમદાવાદની ખ્યાતિ મલ્ટિસ્પેશયાલિટી હોસ્પિટલ કાંડમાં ડો. પ્રશાંત વઝીરાણી સહિત પાંચ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

ચાર આરોપી ભૂગર્ભ ચાલ્યા ગયા હોવાથી પોલીસ દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સરકારી વકીલ વિજય બારોટે જણાવ્યું હતું કે, ક્રાઈમ બ્રાન્ચે વધુ સાત દિવસના રિમાન્ડ માગ્યા હતા. ડો. પ્રશાંત વઝીરાણીએ જે નકલી ડોક્યુમેન્ટ તૈયાર કર્યા હતાં તેના માટે ઉપયોગમાં લેવાયેલા સિક્કા અને સહીઓની તપાસ કરવાની બાકી છે. તે ઉપરાંત બેંક એકાઉન્ટમાં થયેલી પૈસાની લેવડ દેવડ કોણે કરી તેની પણ તપાસ હાથ ધરાઈ છે. આ મુદ્દે વધુ તપાસની જરૂર હોવાથી તેના રિમાન્ડની માગ કરવામાં આવી હતી.

બીજી તરફ હૉસ્પિટલના ડિરેક્ટર કાર્તિક પટેલ સામે ફરિયાદ નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ તેના નિવાસસ્થાન પર તપાસ માટે પહોંચી હતી. આ સમગ્ર તપાસમાં હોસ્પિટલમાંથી પણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મહત્ત્વના ઇલેક્ટ્રોનિક્સ પુરાવા તેમજ દસ્તાવેજો કબજે કર્યા હતાં. તપાસમાં આરોપીઓનાં ઘરે કેટલીક મહત્ત્વની કડી પણ પોલીસને મળી હતી. ■

# ખાનગી સ્કૂલોમાં બાળકોને ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા દબાણ નહીં કરી શકાયઃ શિક્ષણ પ્રધાનની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. રાત્રે અને વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે ખાનગી સ્કૂલોના સંચાલકો દ્વારા ચોક્કસ દુકાનેથી ચોક્કસ રંગના સ્વેટર ખરીદવા માટે બાળકો પર દબાણ કરવામાં આવતું હોવાની રજૂઆતોને ધ્યાને રાખીને રાજ્યના શિક્ષણપ્રધાન પ્રફૂલ્લ પાનસેરિયાએ ખાનગી શાળાના સંચાલકો શાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા બાળકો પર દબાણ કરી શકશે નહિ તેવી સૂચના આપી હતી.

રાજ્યકક્ષાના શિક્ષણપ્રધાન પ્રફૂલ્લ પાનશેરીયાએ જણાવ્યું કે, રાજ્યમાં ઠંડીના કારણે કોઈ પણ બાળકનું મૃત્યુ ન થાય તે માટે રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જણાવવામાં આવ્યું છે કે, કોઈ પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના ગણવેશને અનુરૂપ પાતળું, નિમ્ન કક્ષાના કાપડ ધરાવતું ઠંડી ન રોકી શકે તેવું સ્વેટર પહેરવા કોઈ પણ બાળક પર દબાણ કરી શકશે નહીં. જો કોઈ શાળાના સંચાલક એમની શાળાના નિર્ધારિત સ્વેટર બાળકને પહેરવા માટે આગ્રહ કરે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે.

શિક્ષણ પ્રધાને વાલીઓને અપીલ કરી હતી કે, કોઈ પણ બાળકને, તેના માતા પિતા ઠંડી માટે તેમના જોડે ઉપલબ્ધ ઠંડી રક્ષણાત્મક સ્વેટર, ટોપી, હાથના મોજા પહેરાવી શકશે અને કોઈ પણ ખાનગી શાળા અને અન્ય શાળા તેમાં કોઈ પણ રોક ટોક કરી શકશે નહી. જો કોઈ શાળા તેમનાં દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરાવવાનો આગ્રહ કરશે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણા ધિકારીની કચેરીને કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર તે શાળા પર કડક કાર્યવાહી કરશે. ■

# રાજસ્થાન બાદ ગુજરાતમાં પણ 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ કરમુક્તઃ મુખ્ય પ્રધાને ફિલ્મ નિહાળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ 'ગોધરાકાંડ' આધારિત 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મને રાજસ્થાન બાદ ગુજરાતમાં પણ કરમુક્ત જાહેર કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી સિનેમામાં આ જોવા આવી પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે આ જાહેરાત કરી હતી. આ દરમિયાન જિતેન્દ્ર અને એકતા કપૂર પણ ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને કહ્યું હતું કે, ધ સાબરમતી રિપોર્ટ ફિલ્મમાં ગોધરામાં બનેલી ઘટનાની સત્યતાને લોકો સમક્ષ રજૂ કરવાનો ખૂબ જ સારો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારે રાજ્યમાં આ ફિલ્મને ટેક્સ ફ્રી કરવાનો નિર્ણય લીધો છે. ગોધરામાં સાબરમતી એક્સપ્રેસ પર હુમલાની અત્યંત દુઃખદ અને નિંદનીય ઘટના પાછળનું સત્ય વર્ષોથી દેશના નાગરિકોથી છૂપાયેલું હતું. આની પાછળ એક આખી ઇકોસિસ્ટમ હતી અને રાજકીય ફાયદા માટે લોકો સમક્ષ ખોટી વાર્તા રજૂ કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. તેમણે વધુમાં લખ્યું હતું કે, ફિલ્મ દ્વારા આ ઘટનાના સત્યને ઉજાગર કરવાનો સાહસિક પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રખ્યાત ફિલ્મ અભિનેતા જીતેન્દ્રજીને મળ્યા પછી મને આ ફિલ્મ ભાજપના પદાધિકારીઓ, કાર્યકરો અને અમદાવાદના નાગરિકો સાથે જોવાની તક મળી. આ ઘટનાનું સત્ય દેશ સમક્ષ લાવવા બદલ ફિલ્મ પ્રોડક્શન ટીમ અને કલાકારોનો હૃદયપૂર્વક આભાર.

'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ જોયા બાદ ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ નિવેદન આપ્યુ હતું કે, ગોધરાકાંડના સત્યને દરેક લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ હાથ ધરવામાં આવે તેવું જણાવ્યું છે. દેશના પ્રત્યેક નાગરિકો સમક્ષ સત્ય રજૂ કરતી ફિલ્મ છે. આ ફિલ્મ થકી દુનિયાના ખૂણે ખૂણે સાચી માહિતી અને ઘટના પહોંચશે. રાજ્યના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ એક સાથે ફિલ્મ નિહાળી હતી. ■

# વડોદરાની વિદ્યાર્થિનીઓએ અમદાવાદમાં યોજાનારા કોલ્ડપ્લે કોન્સર્ટની ખરીદેલી ટિકિટો નકલી નીકળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં યોજનાર કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટનો કાળા બજાર શરૂ થઈ ગયો છે. તેઓ સોશિયલ મીડિયાના માધ્યમથી નકલી ટિકિટ આપીને લોકો પાસેથી રૂપિયા પડાવી રહ્યાં હોવાની ફરિયાદ થવા પામી હતી. વડોદરામાં એક વિદ્યાર્થિનીએ ૩૧ હજાર રૂપિયામાં કોલ્ડપ્લેના શોની ૬ ટિકિટ ખરીદી હતી. જેની ચકાસણી કરતાં તે નકલી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યાર બાદ વિદ્યાર્થીનીએ સમયસર સાયબર ક્રાઈમને ફરિયાદ કરતાં ૨૪ હજાર રૂપિયાની રીકવરી થઈ હતી.

કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટ ખરીદવામાં છેતરપિંડીનો ભોગ બનેલી યુવતીએ મીડિયાને કહ્યું હતું કે, આ શો જોવા માટે અમે મિત્રો એક સાથે જવાનાં હતાં. ટિકિટો વેચાઈ ગઈ હોવાથી કેટલાક લોકો બ્લેકમાં વેચતા હોવાની માહિતી મળી હતી. જેથી અમને ઈન્સ્ટાગ્રામ પર એક જાહેરાત જોવા મળી અને તેના થકી ટિકિટ માટે વાત કરી હતી. સામે વાળાએ અમને ૩૫૦૦ રૂપિયાની ટીકિટ આપવા માટે તૈયારી બતાવી હતી.

તેણે કુલ છ ટિકિટો ૩૦૯૯૯માં આપવાની વાત કરીને અલગ-અલગ ક્યુઆર કોડ દ્વારા પૈસા ટ્રાન્સફર કરવા કહ્યું હતું. ત્યાર બાદે તેણે અમને ટિકિટો મોકલી હતી અને ફિઝિકલ ટિકિટ એક અઠવાડિયા પહેલા આપવાની વાત કરી હતી. આ ટિકિટોમાં અમને શંકા જતાં સાયબર ક્રાઈમનો સંપર્ક કર્યો હતો. જેથી સાયબર ક્રાઈમે ૨૪ હજાર રૂપિયાની રકમ અન્ય ખાતામાં બ્લોક કરવી હતી. ■

# રાજકોટ અગ્નિકાંડનો કેસ ઝડપથી ચલાવવા સરકારની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ કેસમાં કેટલાક આરોપીઓએ વકીલ નહીં રોક્યા હોવાથી કેસમાં વારંવાર મુદ્દત પડી રહી છે. આ કેસ કમિટ થયા બાદ હજી પાંચ આરોપીઓએ વકીલ રોક્યા નથી. આજે તેમના વતી ગોંડલના એડવોકેટ વિજયરાજસિંહ જાડેજાએ વકીલનામું કોર્ટમાં મૂક્યું હતું. જયારે નીતિન લોઢા જૈનએ લીગલ એડમાંથી એડવોકેટ માગ્યા હોવાની ચીફ ડિફેન્સ કાઉન્સિલરને જાણ કરાઇ હતી. જેથી આ કેસની સુનાવણી હવે આગામી ત્રીજી ડિસેમ્બરના રોજ નક્કી કરવામાં આવી હતી.


રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ કેસમાં સેશન્સ કોર્ટમાં ૧૫ આરોપીઓ સામે કેસ કમિટ થયા બાદ ગુરુવારે વધુ એક મુદ્દત પડી હતી.જેમાં સરકાર પક્ષના સ્પે. પી.પી., એડી. સ્પે. પી.પી. તથા ભોગ બનનારના વકીલો રાજકોટના એડી. સેસન્સ જજની કોર્ટમાં હાજર રહ્યા હતાં. જેમાં એક આરોપીએ લીગલ એડમાંથી વકીલ માંગ્યા હતાં. જયારે એક આરોપીએ પોતાના વકીલ રોક્યા હોવાની જાણકારી કોર્ટને આપી હતી. પાંચ આરોપી એવા છે જેણે હજુ વકીલ રોક્યા નથી. જેથી કોર્ટે વધુ એક મુદ્દત નક્કી કરી આગામી તા. ૩ ડિસેમ્બરે સુનાવણી યોજવા નિર્દેશ કર્યો હતો.

સરકાર પક્ષે સ્પેશલ પીપી તુષાર ગોકાણીએ ઝડપથી કેસ ચલાવવા માગ કરી હતી. તેમણે કોર્ટમાં અરજ કરી હતી કે, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ એફઆઈઆર સંદર્ભે દાખલ કરાયેલ ચાર્જશીટના અનુસંધાનમાં વર્તમાન સેશન્સ કેસ નોંધવામાં આવ્યો છે. તપાસ પૂર્ણ થયા બાદ અને ચાર્જશીટ દાખલ કર્યા પછી કેસ ગત ઓગસ્ટમાં આ કોર્ટને પ્રતિબદ્ધ કરવામાં આવ્યો છે. કેટલાક આરોપીઓ લગભગ ત્રણ મહિનાથી વકીલો માટે સમય માગી રહ્યા છે અને તેથી ટ્રાયલ આગળ વધતી નથી. ■

# મેટિની

# સ્ટોરીનો દુકાળ તો સિક્વલનો સુકાળ





અર્શદ વારસી અને અક્ષય કુમાર 'જોલી એલએલબી ૩'માં..

**હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સિક્વલ સાંબેલાધાર વરસે જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. શેખર કપૂર અને સુભાષ ઘઈ સુધ્ધાં આ વહેણ સાથે જવા તૈયાર થઈ ગયા છે**

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

'યે ક્યા હો રહા હૈ?' એમ ટીકુ તલસાણિયાની સ્ટાઈલમાં બોલી ઊઠો એવી પરિસ્થિતિ હિન્દી ફિલ્મઉદ્યોગમાં જોવા મળી રહી છે. અહીં જુઓ - તહીં જુઓ - ઓલી પાર નજર દોડાવો કે આમની કોર આંખો ચોળીને જુઓ, બધે સિક્વલ જ સિક્વલ બની રહી છે.

૨૦૨૪માં અત્યાર સુધી 'કાગઝ ૨', 'સાયલન્સ ૨', 'લવ, સેક્સ ઔર ધોખા ૨', 'ફિર આયી હસીન દિલરૂબા', 'સ્ત્રી ૨', 'ભૂલભુલૈયા ૩' અને 'સિંઘમ અગેન' રિલીઝ (થિયેટર અથવા ઓટીટી પ્લૅટફૉર્મ) થઈ ચૂકી છે. ૨૦૨૪નું વર્ષ સિક્વલનું ટ્રેલર માનવામાં આવે છે અને આવતા વર્ષે એટલે કે ૨૦૨૫માં સૂંડલેમોઢે સિક્વલ અને સાથે ફ્રેન્ચાઈઝી બનાવવાની ધૂમ મચશે અને કેટલીક ફિલ્મ રસિયાઓને જોવા મળવાની છે.

'Raid-રેડ ૨', 'જોલી એલએલબી ૩', 'હાઉસફુલ ૫', 'વોર ૨', 'બાગી ૪', 'ધડક ૨', 'સન ઑફ સરદાર ૨', 'દે દે પ્યાર ૨', 'પુષ્પા ૨', 'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મો તો નિર્માણના વિવિધ તબક્કામાં છે. આ ઉપરાંત એવી પણ કેટલીક સિક્વલ છે જેની કોઈ નક્કર તૈયારી નથી થઈ, પણ એ બનશે જ એવું કહેવાય છે.

આમાં પહેલું નામ 'હેરાફેરી ૩'નું છે અને એ ઉપરાંત 'ભૂલભુલૈયા ૪', 'તુંબાડ ૨', 'ગદર ૩', 'ગોલમાલ ૫' પ્રમુખ નામ છે. આ સિવાય બીજી કેટલીક સિક્વલ - ફ્રેન્ચાઈઝી (દૃશ્યમ ૩, ધૂમ) વિચારાધીન છે.

આ સિક્વલનો સપાટો તો એવો બોલ્યો છે કે બે મૂઠી ઊંચેરા દિગ્દર્શક સુભાષ ઘઈ અને શેખર કપૂર સુધ્ધાંએ સિક્વલ બનાવવાની ઘોષણા કરી દીધી છે. ફિલ્મ બિઝનેસ કપરા કાળનો સામનો કરી રહ્યો છે. પ્રેક્ષક માઈબાપને કઈ ફિલ્મ શું કામ ગમી જશે એ સમજી જ નથી શકાતું એ વાતાવરણમાં ફિલ્મ મેકરો લોકપ્રિય અને જાણીતાં પાત્રોની કથા આગળ વધારી ફિલ્મ બનાવવામાં સમજદારી હોવાનું માને છે.

ફિલ્મ ટ્રેડના વ્યવસાય સાથે સંકળાયેલા ગિરીશ જોહરનું કહેવું છે કે 'ફિલ્મ ઈન્ડસ્ટ્રી નર્વસ છે. અત્યારે સિક્વલ, પ્રિક્વલ અને ફ્રેન્ચાઈઝી ફિલ્મો માટે ૪૦થી ૫૦ ટાઈટલ પર કામ થઈ રહ્યું છે. શું ચાલશે અને શું નહીં એ અસમંજસભર્યા વાતાવરણમાં સિક્વલ બનાવવી સલામત સાહસ લાગે છે.' આજનો દર્શક ઓટીટી પ્લૅટફૉર્મ પર વિવિધ ભાષાની દેશી-વિદેશી ફિલ્મો જોઈ સ્માર્ટ બની ગયો છે. ફિલ્મની કથામાં નાવીન્ય ન લાગે તો એ જાકારો આપી દે છે. કથાનો દુકાળ, સિક્વલના સુકાળનું મહત્ત્વનું કારણ ગણાય છે.

શત્રુઘ્ન સિન્હા સાથેની 'કાલીચરણ' (૧૯૭૬)થી લાઈમલાઈટમાં આવી ગયેલા સુભાષ ઘઈએ વિવિધ પ્રકારની એક પછી એક હિટ ફિલ્મો આપી. સુભાષ ઘઈની ફિલ્મ હોય તો જોવી જ જોઈએ એવી ઈમેજ બનાવવામાં તેમને સફળતા મળી હતી. 'કર્ઝ', 'વિધાતા', 'રામ લખન', 'ખલનાયક' જેવી યાદગાર ફિલ્મો આપનારા સુભાષ ઘઈનાં પણ વળતાં પાણી શરૂ થયાં ૨૦૦૫ની 'કિસ્ના'થી. છેલ્લાં વીસેક વર્ષમાં 'ઈકબાલ' (કેવળ નિર્માતા)ને બાદ કરતાં તેમની કઈ ફિલ્મ આવી હતી એનું નામ પણ યાદ ન આવે એવી પરિસ્થિતિ છે. વિષય વૈવિધ્યને પ્રાધાન્ય આપવામાં કાયમ આગ્રહ રાખનારા મિસ્ટર ઘઈએ ૨૦ વર્ષ પહેલાં પ્રોડ્યુસ કરેલી સુપરહિટ ફિલ્મ 'ઐતરાઝ' (અક્ષય કુમાર, પ્રિયંકા ચોપડા, કરીના કપૂર)ની રિલીઝનાં ૨૦ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે ફિલ્મની સિક્વલની ઘોષણા સોશિયલ મીડિયામાં કરી હતી. ત્રણ વર્ષના સખત પરિશ્રમ પછી ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ કરવામાં આવી હોવાનો ખુલાસો ઘઈએ કર્યો છે. ૨૦૦૪ની 'ઐતરાઝ' અબ્બાસ-મસ્તાને ડિરેક્ટ કરી હતી, જ્યારે 'ઐતરાઝ ૨'નું દિગ્દર્શન 'ઓએમજી ૨'ના મેકર અમિત રાય કરશે. સુભાષ ઘઈના શબ્દો છે : 'અમિતે સેક્સ લાઈફ વિશે આજનાં મૂલ્યો અને આજની વિચારધારાને કેન્દ્રમાં રાખી એક જોરદાર સ્ટોરી લખી છે. ફિલ્મ કેવળ સોશિયલ ડ્રામા નહીં હોય, દર્શકનાં દિલ - દિમાગને હલબલાવી મૂકશે.'

ટૂંકમાં સુભાષ ઘઈ પણ સિક્વલ એક્સપ્રેસમાં સવાર થઈ ગયા છે કે એમણે પણ સવાર થવું પડ્યું છે.

બીજી તરફ, શેખર કપૂર ૧૯૮૩માં રિલીઝ થયેલી 'માસૂમ'ની સિક્વલ બનાવવા માગે છે અને આવતા વર્ષના પ્રારંભમાં એનું શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે. મૂળ ફિલ્મના બે પ્રમુખ કલાકાર નસીરુદ્દીન શાહ અને શબાના આઝમી સિક્વલમાં હશે અને સાથે મનોજ બાજપેયી અને શેખર કપૂરની પુત્રી કાવેરી પણ કામ કરશે. ખુદ શેખર કપૂરે જ જણાવ્યું છે કે 'હું આવતા વર્ષે ફેબ્રુઆરી કે માર્ચમાં શૂટિંગ શરૂ કરી દઈશ. મૂળ ફિલ્મ કરતાં સ્ટોરી લાઈન અલગ હશે, પણ કથાનું હાર્દ, એનાં મૂલ્યો અગાઉ જેવાં જ હશે. હું દુબઈથી પાછો ફરી રહ્યો હતો ત્યારે ઉતાવળમાં સ્ક્રિપ્ટ પ્લેનની સીટ પર ભૂલી ગયો, ખયાલ આવ્યો તો મને પરસેવો વળી ગયો - હું ગભરાઈ ગયો કે હાય હાય હવે ફિલ્મ સમયસર શરૂ નહીં કરી શકાય. જોકે, બહુ જલદી ફ્લાઈટ એટેન્ડન્ટે મને એ સ્ક્રિપ્ટ પહોંચાડી અને સાથે એક ચિઠ્ઠી પણ લખી કે 'માસૂમ' સુંદર ફિલ્મ હતી અને આ નવી ફિલ્મ પણ એટલી જ સુંદર હશે એની મને ખાતરી છે....' વિધાતાને પણ મંજૂર છે કે સિક્વલ બને અને એટલે જ સ્ક્રિપ્ટ મને પાછી મળી ગઈ.'

વાત આટલેથી નથી અટકતી. મિસ્ટર કપૂર ઑરિજિનલ 'માસૂમ'ને થિયેટરમાં રિ-રિલીઝ કરવા માંગે છે. કદાચ આજના ઑડિયન્સને ફિલ્મ કેટલી સ્પર્શે છે એ જાણવા માગતા હશે.

અહીં યાદ આવે છે યશ ચોપડાની વાત. ૧૯૮૦ના દાયકામાં એક્શન ફિલ્મના ઢગલે ઢગલા જોવા મળી રહ્યા હતા. યશજીએ પણ 'મશાલ', 'વિજય' વગેરે એક્શન ફિલ્મો બનાવી હતી. એ સમયે 'યશરાજ ફિલ્મ્સ' આર્થિક સંકડામણ ભોગવી રહી હતી. 'એક વખત હું કાર ચલાવી બહાર જઈ રહ્યો હતો ત્યાં મેં ફિલ્મના લાઈનબંધ છ - સાત પોસ્ટર જોયાં.' યશ ચોપડાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું, 'કોઈ પોસ્ટરમાં બોમ્બ બ્લાસ્ટ, કોઈમાં આગ તો કોઈમાં બંદૂક દેખાઈ રહ્યાં હતાં. હું ચોંકી ગયો અને એ જ ઘડીએ મેં નક્કી કર્યું કે એક્શન ફિલ્મ તો નહીં જ બનાવું.' યશજીએ સામા વહેણે તરવાની હિંમત કરી અને આપણને સુંદર મજાની સંગીતમય લવ સ્ટોરી 'ચાંદની' મળી.

યશ ચોપડા જેવું વિચારવાની હિંમત આજે - આજના આ સિક્વલના સંજોગોમાં કોણ કરશે? ■


---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# વિચાર ને વિદ્રોહના મજબૂત છતાં મજેદાર શાયર કૈફી આઝમી



સૌજન્યઃ શ્યામ



અબ્બાજાન અને અમ્મીજાન સાથે શબાના આઝમી

**મુંબઈમાં** કોઈ ફિલ્મ નિર્માતાને ત્યાં દિવાળીની પાર્ટી ચાલી રહી હતી. ત્યાં ગીતકાર-શાયર કૈફી આઝમીએ કોઈ શાયરને કહ્યું:

'અબ તો આપ શાદી કર હી લો.'

પેલા શાયરે કહ્યું, ''હાં પર, આજકલ કહાં અચ્છી બીવીયાં મિલતી હૈ?''

કૈફીએ પાસે બેઠેલી સ્ત્રીઓ તરફ ઈશારો કરીને કહ્યું:

***'વહાં દેખો, કિતની સારી હૈ! ઢૂંઢ લો કોઈ!'***

***એ ગ્રુપમાં કૈફીનાં પત્ની શૌકત પણ હતાં.***

***શાયરે કહ્યું: 'વહાં તો આપકી બીવી ભી હૈ!'***

***કૈફીએ તરત કહ્યું : 'તુમ તૈયાર હો તો મૈં અભી તલાક દે દું!'***

આ કૈફી આઝમી, હિંદી-ઉર્દૂના બેજોડ કવિ ને ફિલ્મી ગીતકાર હતા. હવે યુ.પીના આઝમગઢની ઓળખ અંડરવર્ડ અને ગુનાખોરી માટે છે, પણ ત્યાંની સાચી ઓળખ શાયર કૈફી આઝમી છે. જોકે આજે કૈફીજીની ઓળખ શબાના આઝમીના પપ્પા અને જાવેદ અખ્તરના સસરા તરીકે થાય છે એય વાસ્તવકિતા છે. જો કે ચાહકો કૈફીજીને - 'કર ચલે હમ ફિદા જાનોં તન સાથીયોં..', 'તુમ ઇતના જો મુસ્કુરા રહે હો?...', 'વક્ત ને કિયા ક્યા હંસી સિતમ' જેવાં ગીતો માટે યાદ કરે જ છે.

૪૦ના દાયકામાં દેશમાં સાહિર, મજરૂહ, શૈલેંદ્ર, બલરાજ સહાની, કે.એ. અબ્બાસ, બિમલ રોય વગેરે જેવા વિચારવંત કલાકારો-સાહિત્યકારોએ પ્રોગ્રેસિવ રાઇટર્સ ઍસોસિયેશન નામે પ્રગતિવાદી કલાકારોનું ગ્રુપ બનાવેલું ને આઝાદી માટે શેરીનાટકો વગેરે કરતા. આ બધામાં કૈફીજીને ઉર્દૂ સાહિત્યમાં ગીતકાર સાહિર કે શૈલેંદ્ર કરતાં હંમેશાં વધુ માન મળતું, કારણ કે એ ફક્ત પેમલા-પેમલીના શાયર નહોતા, પણ લડાકુ કવિ હતા. કૈફીજી, આઝાદી પહેલાં બ્રિટિશ સરકાર સામે સતત લડીને એકથી વધુ વાર જેલ પણ ગયેલા. આઝાદી બાદ આમ આદમી, મજૂરો કે ખેડૂતો કે શોષિતો માટે 'અવામી ઇદારા' સંસ્થા સ્થાપીને ઝૂંપડપટ્ટીમાં જઈને સંઘર્ષ કરતા. ફૂટપાથ પર ઊભા રહીને મજૂરોમાં જાગૃતિ લાવવા ચોપાનિયાં વેંચતાં. આપણા ગુજરાતી કવિઓને આવું આંદોલન કરતાં કલ્પીયે શકાય? નાસ્તિક અને લિબરલ શાયર કૈફીજી કટ્ટર મુલ્લાઓ સામે પણ લડેલા. 'આવારા સજદે' નામની જલદ કિતાબ લખેલી અને ધર્માંધ મુસ્લિમોનો ખોફ વહોરી લીધેલો.

નાનપણમાં કૈફીના તહસીલદાર અબ્બાજાન એમને આધુનિક શિક્ષણ આપવા માગતા હતા, પરંતુ સબંધીઓના દબાણને કારણે કૈફીને ઇસ્લામના અધ્યયન માટે લખનઊમાં દાખલ કરવામાં આવ્યા હતા, પણ ત્યાં એમણે ધર્મ અંગે અળખામણા સવાલો પૂછીને હડતાળ કરી એટલે તગેડી મૂકવામાં આવેલા. પછી લખનઊ - અલાહાબાદ યુનિવર્સિટીમાં ઉર્દૂ, અરબી ને ફારસી ભાષાનો અભ્યાસ કર્યો. આ કૈફીજીએ કેવળ ૧૧ વર્ષની ઉંમરે પહેલી ગઝલ લખી, જેને પાછળથી બેગમ અખ્તરે ગાઈ હતી. કૈફીએ ૧૨ વરસની ઉંમરે નિર્ણય લઈ લીધેલો કે હું ફક્ત લેખક જ બનીશ!' ત્યાર બાદ કૈફી કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા અને પાર્ટીએ પ્રચાર માટે મુંબઈ મોકલ્યા ત્યારે એ 'ઇપ્ટા' નાટકસંસ્થામાં જોડાયા. 'ઈપ્ટા'માં જ કૈફી અનેક લેખક-કલાકારોને મળ્યા અને એમાંની એક હતી અભિનેત્રી શૌકત. શૌકત ખૂબ પ્રતિષ્ઠિત પૈસાપાત્ર પરિવારની હતી, પણ મુફલિસ કવિ કૈફીના લેખનની ચાહક હતી. શૌકત-કૈફીની શાદી લેખક-મિત્ર સજ્જાદ ઝહીરના ડ્રોઈંગરૂમમાં સાવ સાદગીથી ચોરીછૂપી થયેલી ત્યારે હનિમૂન માટે ફૂટી કોડીય નહોતી.

કૈફી અને શૌકત વચ્ચે જેટલો પ્રેમ હતો એટલો જ વિખવાદ પણ થતો. શૌકત આઝમી અભિનેત્રી હતાં અને જમાનાથી આગળ ચાલનાર આઝાદ સ્ત્રી. એક વાર શાયર નિદા ફાજલી સાથે કૈફી સાહિત્યની ચર્ચા કરતા હતા ને શૌકતજી વચ્ચે વચ્ચે ટાપસી પુરાવતાં હતાં. કંટાળેલા કૈફીએ રસોઈયા જોનને બોલાવીને કહ્યું : 'જોન.. આજ સે મેરી કુર્સી કિચનમેં રખના. અબ સે મૈં ચુલ્હા-ચૌકા સંભાલુંગા ઔર શૌકતજી, અદબ (સાહિત્ય) સંભાલેગી!'

નારીવાદી શૌકતને ગુસ્સો આવ્યો ત્યારે કૈફીએ કહ્યું : 'અરે, યે મઝાક હૈ ઔર યે ના ભૂલો કિ મૈંને 'ઔરત' ઔર 'ગર્ભવતી' જૈસી કવિતાએં લિખી હૈ!' શૌકત ચૂપ થયાં, કારણ કે કૈફીની એ નારીવાદી કવિતાઓએ ત્યારના સમાજમાં આગ લગાડેલી!

કૈફીજી 'કૌમી જંગ' મૅગેઝિનમાં લખીને માત્ર ૪૦ રૂપિયા મહિને કમાતા. મુંબઈના ખેતવાડી વિસ્તારની ચાલમાં રહેલા, જ્યાં ટૉઈલેટ પણ સાર્વજનિક હતાં. અહીં જ દીકરી શબાના (આઝમી)નો જન્મ થયો હતો. જ્યારે શબાના, શૌકતજીના પેટમાં હતી ત્યારે કમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા એમને ગર્ભપાત માટેનું ફરમાન આપવામાં આવેલું, પણ એ ફરમાનનું ઉલ્લંઘન કરીને કૈફી-શોકત ભૂગર્ભમાં જતાં રહેલાં. પાર્ટીનું માનવું હતુ કે માત્ર ૪૦ રૂપિયાના પગારમાં બાળકની સારસંભાળ કેવી રીતે રાખી શકશે અને પછી ઘર ચલાવવા કૈફીમાં કરપ્શન આવશે તો? પણ પછી તો ગુરુદત્તની 'કાગઝ કે ફૂલ', ચેતન આનંદની 'હિંદુસ્તાન કી કસમ' અને 'હીર-રાંઝા'થી લઈને મહેશ ભટ્ટની 'અર્થ' જેવી અનેક ફિલ્મોમાં સફળ થઈ પછી વરસો બાદ જુહુમાં એક નાનકડા બંગલામાં રહેવા આવ્યા. એ 'જાનકી કુટિર' બંગલો એટલે આજે જ્યાં મુંબઈ રંગભૂમિનું અદ્ભુત પ્રાયોગિક 'પૃથ્વી' થિયેટર બન્યું છે.

કૈફીજીનું ફિલ્મોમાં આવવાનું કારણ આર્થિક મજબૂરી હતું, પણ એ જ એમની ઓળખ બની ગઈ. કડકીના દૌરમાં ૧૯૫૧માં એમણે જાણીતી વિદ્રોહી ઉર્દૂ લેખિકા ઇસ્મત ચુઘતાઇના નિર્માતા-નિર્દેશક પતિ શાહિદ લતીફની ફિલ્મ માટે પહેલું ગીત લખ્યું. પછી તો કૈફી કુલ ૮૦ ફિલ્મ સાથે સંકળાયેલા રહ્યા હતા. એમને ૩-૩ ફિલ્મફેર એવૉર્ડ કે 'નેશનલ એવૉર્ડ' પણ મળ્યા. કૈફીજીએ 'ગર્મ હવા' જેવી યાદગાર ફિલ્મ લખેલી, જેને સત્યજિત રેએ ભારતની ૩ મહાન ફિલ્મમાંની એક ગણાવી છે!

કૈફીજીએ ૧૮૫૭ના સમયગાળા વિશે 'ઉર્દૂ કા આખરી મુશાયરા-આખરી શમા' નામનું અત્યંત સફળ રમૂજી નાટક પણ લખેલું, જેમાં બલરાજ સહાનીએ કામ કરેલું, જે આજે ૬૫ વરસે પણ હજી ભજવાય છે!

કૈફીજીએ અભિનેતા રાજકુમારની 'હીર-રાંઝા' નામની સુપરહિટ ફિલ્મના બધા જ સંવાદો - શેરો-શાયરી કે કાવ્યનાં સ્વરૂપમાં લખેલા અને આવો પ્રયોગ જગતમાં કોઈ જ ફિલ્મમાં આજ સુધી થયો નથી.

પછીથી પૈસેટકે સફળ નીવડેલા કૈફીજી ફક્ત 'મો-બ્લાં(ક)' નામની મોંઘી ફાઉન્ટન પેનથી લખતા ને એ પેનની સર્વિસ છેક ન્યૂ યૉર્કની 'ફાઉન્ટેન હૉસ્પિટલ'માં થતી હતી. આમ તો કૈફીને પદ્મશ્રી, સાહિત્ય અકાદમી એવૉર્ડ અને સોવિયતભૂમિ 'નેહરુ એવૉર્ડ'થી નવાજવામાં આવેલા, પણ ઈનામ-અકરામની બધી જ રકમ એમના યુ.પી.ના જન્મસ્થળ મિઝવાનમાં શાળા, હૉસ્પિટલ, પોસ્ટઑફિસ ને રસ્તા બનાવવા માટે આપી દીધી હતી. યુ.પી.સરકારે, આઝમગઢમાં સુલતાનપુરથી ફૂલપુર માર્ગને 'કૈફી માર્ગ' તરીકે જાહેર કર્યો છે, પણ કૈફીજી જેવા રોમેંટિક અને વિદ્રોહી શાયરના નામે રસ્તો બનાવવો આસાન છે, પણ એમના રસ્તે ચાલવું કઠિન છે! ■

---

# દરેક દિવસની દરેક ક્ષણ નવી શરૂઆતની એક તક છે...




અરવિંદ વેકરિયા

જ્યારે મારા ફાધરે ૪૦ વર્ષ સુધી વિઠ્ઠલ વાડીમાં આવેલા દ્વારકાધીશનાં મંદિરમાં સેવા આપી ત્યારે 'તેજપાલ'ના ટ્રસ્ટી શ્રી ભાઈ શેઠ એ ટ્રસ્ટ સાથે સંકળાયેલા. હાલમાં સુધીરભાઈ શેઠ સુપેરે એ જવાબદારી નિભાવી રહ્યા છે અને વર્ષોથી એમની સાથે એટલે કે 'ગોકુલદાસ ટ્રસ્ટ' સાથે સંકળાયેલા શ્રી ઠક્કરબાપાનો સહકાર પણ એટલો જ.

મારી માએ આપેલા સંસ્કાર મારી રગેરગમાં. મા એટલે મા... આર્થિક સ્થિતિને ક્યારેય સંતાનોને કળાવા ન દીધી. દરેક સ્થિતિમાં વાતાવરણ હસમુખું જ રાખતી. આજે સમજાય છે કે મારી મા પાલવનાં છેડે રૂપિયા કેમ બાંધતી. એ એનું વર્ષોથી એ.ટી.એમ. હતું! માગો ત્યારે એ પૈસા આપતી હતી, આજની જેમ પિન નંબર કે OTP પણ ક્યાં માગતી?! આવા માહોલમાં ઊછરેલો હું, હવે નાટકની કથાવસ્તુ માટે રાજેન્દ્ર શુકલને વેશ્યાના અડ્ડામાં ('અડ્ડા' શબ્દનો બીજો પર્યાય જડતો નથી.) જઈ 'વેશ્યા-પ્રોસેસ'ની વાત મેળવવા તુષારભાઈ તો કહીને પારડી જવા નીકળી ગયા. જન્મજાત અને ઉછેર વખતે પડેલા સંસ્કાર વિરુદ્ધ વિચારતાં મને પરસેવો વળી ગયો.

'શક'ની નિષ્ફળતા મારે માટે પચાવવી અઘરી હતી. 'અડ્ડા' જેવી જગ્યાએ 'ટપોરી' અથવા શ્રીમંતો 'વિઝિટ' પર જાય, પણ માત્ર જાણકારી મેળવવા 'આવી' જગ્યાનાં પગથિયાં ચઢવા મારે માટે કઠણ હતાં. આપણું નામ શ્રીમંતોની યાદીમાં ભલે ન હોય, પણ સદગૃહસ્થની યાદીમાં તો હોવું જોઈએ...પણ હવે 'અડ્ડા'માં જવું મને સંકોચના કોચલામાં બાંધી રહ્યું હતું. માનું છું કે 'બાવા બન્યા છીએ તો હિન્દી તો બોલના પડેગા'. રાજેન્દ્ર શુકલે જો આવું 'ડબકું' ન મૂક્યું હોત તો? લખવાનું એણે હતું એટલે જાણવું એને માટે જરૂરી હતું. શક્ય છે મારા જેવી મૂંઝવણ એને પણ થતી હોય...એણે વિચાર્યું હશે કે 'એક સે ભલે દો..' આવતાં-જતાં કોઈ ઓળખીતું જોઈ જાય તો? ઘણીવાર ફરજમાં રહેવું લોકોને ગરજમાં હોવાની ગેરસમજ કરાવે છે.

ખેર! જો હોગા વો દેખા જાયેગા. જતાં પહેલાં મેં નાટકનું કાસ્ટિંગ કરવાનું કહ્યું. મુખ્ય સ્ત્રી-પાત્ર માટે ભૈરવી શાહ. એમને એ પાત્ર ખૂબ ગમેલું. વિલનનો રોલ, જે પરણેતરને ઉપાડી વેશ્યા બનાવે છે એને માટે મહેશ ઉદેશીને કાસ્ટ કર્યો, જેણે 'પ્રીત, પીયુ ને પાનેતર' નાટકમાં જમાઈના પાત્રના અઢળક પ્રયોગો કરેલા. ઇન્સ્પેક્ટરના પાત્રમાં રાજુલ દીવાન ફાઈનલ કર્યા. એક લંપટ નબીરો વેશ્યાવાડે જાય છે એને માટે મેં દિનેશ કોઠારીને લીધા. દિનેશ મારો મિત્ર, સ્વ.અમૃત પટેલનો ખાસ. એનું નિધન એક ગુજરાતી સિરિયલમાં રીટા ભાદુરી સાથે સીન ભજવતાં મેક-અપ સાથે થયેલું. ઉમદા કલાકાર સાથે અચ્છા અનુવાદક પણ. મરાઠીના જાણીતા લેખક આનંદ મહ્સવેકરનાં ઘણાં મરાઠી નાટકોના અનુવાદ કરેલા, જેમાં અમુક મારાં પણ. એક કેમિયો પાત્ર માટે ઘનશ્યામ નાયક આવ્યા. એક નાની ભૂમિકા માટે. મને અને રાજેન્દ્રને પરાણે હા પાડવી પડી. અન્ય એક વેશ્યાના પાત્ર માટે મેં રજની સાલયનને લીધી, જેણે 'વાત મધરાત..'માં કોલગર્લની ભૂમિકા ભજવેલી. બાકી બીજા નાના-મોટા રોલ પછીથી થઈ રહેશે એવું નક્કી થઈ ગયું.

રાજેન્દ્રએ પછી મૂળ વાત કરી કે 'અડ્ડા'માં ક્યારે જવું છે? જવાનું તો હતું, છતાં મારામાં એક લખલખું પસાર થઈ ગયું. ક્યાં જવું? હું આ બાબતમાં સાવ અભણ. જો કે રાજેન્દ્ર પણ મારી ધારણા પ્રમાણે અભણ જ હશે.. તમે જ વિચારો કે જે કાગળ ઉપર અભણનો અંગૂઠો લેવાય એમાં છેલ્લો મુદ્દો હોય કે 'મેં ઉપરની બધી શરતો વાંચી છે' કંઈક એવી જ અમારી હાલત હતી.

મેં રાજેન્દ્રને કહી જોયું કે 'તારી કલ્પનાશક્તિ વાપરીને લખી નાખ તો 'આવી' જગ્યાએ જવાનું ટળે. રાજેન્દ્ર જીદ પર હતો. મને કહે, 'યાર. તને પ્રોબ્લેમ શું છે, કોઈ મારી થોડું નાખશે? એક નવો અનુભવ તો લઈ જોઈએ'

મારે નાટક તો કરવાનું જ હતું. તુષારભાઈની ઇચ્છા હતી. ઢીલું મૂકવા સિવાય મારી પાસે બીજો કોઈ પર્યાય નહોતો અને કદાચ અકડ રહું તો રાજેન્દ્ર મને છોડે એમ નહોતો. મેં ઢીલું મૂક્યું કે દરેક દિવસની દરેક ક્ષણ નવી શરૂઆતની એક તક છે તો 'ઉધામો' કરી જોઈએ, મેં અને રાજેન્દ્રએ બીજે દિવસે 'વેશ્યા-ફેરી' પર જવાનું નક્કી કર્યું.

લેમિંગટન સિનેમાની સામેની ગલીમાં ફાર્બસ હોલ જ્યાં અમે રિહર્સલ કરતાં એની જરા આગળ ચાલો એટલે બીજો રિહર્સલ હોલ - વિઘરામ. એની આગળ 'એ' જગ્યા જેની જાણકારી રાજેન્દ્ર લઈ આવેલો. મને કહેઃ 'કાલે જઈએ...'

બીજે દિવસે સાંજે પાંચ વાગે અમે ભારે પગે છતાં મક્કમ ઈરાદા સાથે ત્યાં પહોંચ્યા. એ જગ્યા પહેલે માળે હતી. 'ક્યાંક ઇજ્જતનો ફાલુદો તો નહિ થાયને?' મેં મારો આ ડર રાજેન્દ્રને કહ્યો તો એણે ફિલોસોફી ફેંકી કે 'સાવ સહેલાઈથી તો જગતમાં બદનામી પણ મળતી નથી એના માટે પહેલાં ઈજ્જત કમાવી પડે છે...ખોટા વિચાર મૂક અને સાચા કામ માટે આવ્યા છીએ એ વિચાર જ મનમાં રાખ'

અમે પહેલે માળે પહોંચ્યા. એક જાડી બાઈ સામે આવી અને અમને પુછ્યુંઃ


'આઈએ, ક્યા બૈઠના હૈ?' ■



**ડબ્બલ રિચાર્જ**

*જ્યોતિષઃ તમારી હસ્તરેખા કહે છે કે તમારા ઘર નીચે ઘણું ધન છે, પરંતુ તમારા કોઈ કામમાં નહિ આવે.*

*હુંઃ તમે સાચું કહો છો... મારા ફ્લૅટ નીચે બેન્ક છે.*



# તૃપ્ત અતૃપ્ત

પ્રકરણ ૪

■ એચ. એન. ગોલીબાર

**એણે** થોડીક તાકાત ભેગી કરીને દરવાજાને એક જોરદાર લાત મારી અને એ સાથે જ દરવાજો ધડાક્ કરતાંક ખૂલી ગયો.

પણ આ રીતે લાત મારતાં એના પગમાં વાગી ગયું અને થોડુંક લોહી નીકળી આવ્યું, પણ અત્યારે એને આવી બધી તકલીફોની નહોતી પડી. એને તો બસ આ મુસીબતમાંથી છુટકારો મેળવવો હતો. એનો વિચાર હતો કે ક્યાંક સારી જગ્યા દેખાય ત્યાં પોતે આશરો લઈ લે અથવા કોઈ એવો રસ્તો શોધે કે ખાઈની છેક ઉપરની સડક સુધી પહોંચે.

પરંતુ આવી અંધારી રાત અને એ પણ આવા ધોધમાર વરસાદમાં નીચે ખાઈમાંથી ઉપર જવું એ કાંઈ સહેલી વાત નહોતી.

પગના ઘાને દબાવતો જીમી ટૅક્સી બહાર નીકળી આવ્યો. બહાર આવીને એણે ફરી એક વખત ચારે તરફ નજર કરી. પણ અત્યારે વરસાદના ધુમ્મસમાં એને કંઈ જ દેખાતું નહોતું. હા, વીજળી થતી કે આજુબાજુના પહાડો દેખાઈને અદૃશ્ય થઈ જતા હતા. એણે વીજળીના એ જ અજવાશની મદદે અહીંથી નીકળવાનું નક્કી કર્યું અને તરત જ વરસાદમાં પલળતાં-પલળતાં જ એ અજાણી દિશા તરફ આગળ વધ્યો. વરસાદનાં ઝાપટાં એટલાં તેજ હતાં કે એને કાંકરીઓની માફક વાગી રહ્યાં હતાં. એ સિવાય આગળ જોવામાં પણ તકલીફ પડતી હતી. એ છતાં અત્યારે એ બધી જ તકલીફો ભોગવવા તૈયાર હતો.

એ ધીરે-ધીરે આગળ વધી રહ્યો હતો. ચાલતાં-ચાલતાં વીજળીનો ચમકારો થતાં એને ખ્યાલ આવી જતો કે પોતે ક્યાં છે અને હવે ક્યાં જવાનું છે. એક વખત વીજળી ચમકતાં એને ભાન થયું કે આગળ પાણી અને કીચડથી ભરાયેલાં મોટાં મોટાં ખાબોચિયાં છે. એ સહેજમાં જ બચી ગયો હતો. નહીંતર જો એ સહેજ આગળ વધી ગયો હોત અને એ ખાબોચિયામાં જો ભૂલેચૂકેય એનો એક પગ પડી ગયો હોત તો એના રામ રમી ગયા હોત. કારણ કે એ ખાબોચિયાં ખૂબ ઊંડાં હતાં.

વરસાદનાં તેજ ઝાપટાંઓના કારણે એની આંખો વારેઘડીએ બંધ થઈ જતી હતી. થોડુંક આગળ ચાલતાં એને સામેની તરફ કંઈ હોય એવું ઝાંખું-ઝાંખું દેખાયું. એણે કપાળ પર હાથ મૂકીને સામેની તરફ જોયું. અત્યાર સુધી અનેક મુસીબતોનો સામનો કરી રહેલા જીમીનો ચહેરો એકદમ ખીલી ઊઠ્યો. એ ખુશખુશાલ થઈ ઊઠ્યો. સામે થોડેક જ દૂર એક સુંદર આલીશાન બંગલો દેખાઈ રહ્યો હતો. જીમીએ ધ્યાનથી જોયું તો એ બંગલા સિવાય ત્યાં આસપાસમાં બીજાં કોઈ જ મકાન નહોતાં.

થાકીને લોથપોથ થઈ ગયેલો જીમી પોતાનામાં હતી એટલી બધી શક્તિ ભેગી કરીને એ બંગલાના ઝાંપા પાસે પહોંચી ગયો. એ ઝાંપો લાકડાનો બનેલો હતો. આટલો મોટો બંગલો અને આગળ આટલો મોટો ઝાંપો છે તો પછી ચોકીદાર પણ હશે જ ને! એવો વિચાર આવતાં જીમીએ ઝાંપાની આસપાસ ચારે તરફ છેક સુધી નજર દોડાવી જોઈ, પણ ક્યાંય ચોકીદાર હોય એવું એને લાગ્યું નહીં. એણે વિચાર્યું કે કદાચ ચોકીદાર આસપાસમાં ક્યાંક ગયો હોય તો પોતે અહીં જ ઊભા રહીને એની વાટ જોવી જોઈએ. એવું વિચારીને જીમી ત્યાં જ ઊભો રહી ગયો.

પણ ત્યાં તો એના દિમાગમાં બીજો સવાલ સળવળી ઊઠ્યો કે, પોતે ક્યાં સુધી ઊભો રહેશે? એવો વિચાર આવતાં જ જીમીએ ઝાંપો ખોલીને અંદર જવાનો વિચાર કરી લીધો. એણે તરત જ ઝાંપો ખોલવા માટે હાથ મૂક્યો કે તરત જ બંગલાની બધી જ લાઈટો બંધ થઈ ગઈ. બંગલાની લાઈટો જેવી બંધ થઈ કે તરત જ બંગલાના આગળના દરવાજા અને ઝાંપા પાસેની લાઈટો સળગી ઊઠી.

ઝાંપો ખોલવા માટે આગળ વધેલા જીમીના હાથ અચાનક રોકાઈ ગયા. ફક્ત પોતાના હાથ મૂકવાથી આવો ચમત્કાર થયેલો જોઈને એને ખૂબ જ નવાઈ લાગી. એણે ઝાંપા પાસે થયેલી લાઈટની નીચે જડેલી નામની તકતી ધ્યાનથી જોઈ. એની પર લખ્યું હતું-

'અજનબીનો બંગલો.'

જીમી તો એ તકતી વાંચી આભો જ બની ગયો. આ 'અજનબી'નો શું અર્થ હશે? આ કોનો બંગલો છે? કોણ હશે એ જેણે પોતાના નામની જગ્યાએ આ વિચિત્ર લખાણ મુકાવ્યું હશે? જે હોય તે, એમાં વધારે ઊંડા ઊતરવાની આપણે શી પંચાત? આપણે તો આજની રાત અહીંયા પસાર કરવાની છે. એવું વિચારીને જીમીએ ઝાંપો ખોલી નાખ્યો. હાથ મૂકતાં જ જાણે એની મેળે જ ખૂલી ગયો હોય એવું જીમીને લાગ્યું.

ઝાંપો ખૂલતાં જ આજુબાજુ લીલાછમ ઘાસની વચ્ચે બનેલો સાંકડો રસ્તો સીધો બંગલાના દરવાજા પાસે પહોંચતો હતો, એની પર જીમી ચાલવા લાગ્યો. એના ચાલતાં જ વીજળી આ વખતે ખૂબ જ જોરદાર કડાકા સાથે ચમકી હતી. જીમી પણ વીજળીના આ જોરદાર કડાકાથી ચમકી ઊઠ્યો. એણે પોતાની આંખો બંધ કરીને મધર મૅરીને યાદ કરી લીધી. પછી આજુબાજુ ચોતરફ નજર ફેરવતો જીમી ધીરે-ધીરે સાંકડા રસ્તા તરફ આગળ વધવા લાગ્યો. બંગલાનો દરવાજો હજી પોતાનાથી થોડેક છેટે હતો. વીજળી વારંવાર ચમકીને એને રસ્તો બતાવી રહી હતી. ચાલતાં-ચાલતાં જીમી વિચારી રહ્યો હતો કે કદાચ કુદરતને આ જ મંજૂર હશે કે પોતે એ બંગલામાં પહોંચી જાય અને પોતાને ત્યાં મદદ મળી રહે.

દિવસનાં જે દૃશ્યો સુંદર દેખાય છે, રાત્રે એ જ દૃશ્યો બિહામણાં અને ભયાનક લાગતાં હોય છે. જીમીનું પણ એવું જ હતું. આજુબાજુનાં બધાં જ સુંદર દૃશ્યો અત્યારે એને ડરાવી રહ્યાં હતાં. એને ટૅક્સી-ડ્રાઈવર ગુલુની વાતો યાદ આવી રહી હતી. એણે કહ્યું હતું કે નેવું વરસ જેટલો સમય વીતી ગયા પછી પણ એ 'વરવધૂ' પહાડીના કિનારે ઊભેલાં મળે છે અને જતાં-આવતાં દરેક વાહનો પાસે અંગૂઠો બતાવીને લિફ્ટ માંગે છે.

ટૅક્સી-ડ્રાઇવર ગુલુએ જે કહ્યું હતું એ બિલકુલ સાચું હતું. એમાં સહેજે શંકા નહોતી. બસ, એની વાતમાં ફરક ત્યાં જ પડ્યો હતો કે ટૅક્સી એની મેળે જ ટુરિસ્ટ સેન્ટરમાં નહોતી પહોંચી. બલકે આ ઊંડી ખાઈમાં ગબડી પડી હતી અને હા, એ વાત પણ એટલી જ સાચી હતી કે એ ગુલુ પણ ખૂબ જ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયો હતો.

જોકે, જીમી કમજોર દિલનો આદમી નહોતો. આ રીતના ખતરાઓથી કે બિહામણાં દૃશ્યોથી એ ક્યારેય ડરતો નહોતો. એ તો અવારનવાર કંઈ કેટલીય જાતના લોકો સાથે ઝઘડ્યા કરતો હતો અને દરેક વખતે એ હંમેશાં સામેવાળા કરતાં આગળ જ રહેતો, પણ એ વાત અલગ હતી. સામી છાતી ઠોકીને ગમે તેવો પહેલવાન એની સામે આવે, એ પહોંચી વળે એમ હતો. પણ અત્યારે જે એની સામે એક પછી એક ચમત્કારભર્યા બનાવો બની રહ્યા હતા એમાં એને ડરાવવા અને એને આડે પાટે ચઢાવવા માટે રીતસરનો કોઈ ભટકેલો આત્મા જ આ બધું કરી રહ્યો હોય એમ લાગતું હતું. દુશ્મન સામી છાતીએ હોય તો કોઈ એની ટક્કર લઈ શકે છે, પરંતુ અહીં તો મામલો જ કંઈક અજબ અને વિચિત્ર હતો.

આટલી બધી ઊંચાઈએથી પડ્યા પછી પણ એક સહેજ સરખીય ઈજા ન થવી એ પણ એક ચમત્કાર જ હતો ને! અને જીમીને એ વિશ્વાસ હતો કે, જરૂર આ એ જ ભટકેલા આત્માનું કારસ્તાન છે જે ગુલુના શરીરમાં ભળી ગયો છે, કાં તો એ હાડપિંજરોમાં. જોકે, હાડપિંજરો તો હવે ગાયબ થઈ ગયાં હતાં. એટલે એ તો હવે એનું કંઈ જ બગાડી શકે એમ નહોતાં.

પવનના જોરદાર સુસવાટા અને એ સુસવાટાથી સરકતાં પાંદડાં એના દિલને ધ્રુજાવી રહ્યાં હતાં. છતાં મનમાં ભગવાન ઈશુ અને મધર મૅરીના નામનું રટણ કરતાં-કરતાં બંગલાના દરવાજા પાસે આવી પહોંચ્યો, પણ બંગલાના દરવાજા પાસે પહોંચતાં જ એક વિચિત્ર વાત બની. બંગલાના ઝાંપા પાસેની એ બન્ને લાઈટો બંધ થઈ ગઈ અને બંગલાના દરવાજા પાસે લાગેલી લાઈટો એકદમ સળગી ઊઠી.

આ વળી કેવું? જીમીએ મનમાં વિચાર્યું. એક જ સમયે ઝાંપાની લાઈટો બંધ થઈ ગઈ અને બંગલા પાસેની લાઈટો સળગી કેમ ઊઠી? એનો મતલબ તો એ થયો કે બંગલામાં

> **ત્યાં અચાનક એક અવાજ આવ્યો. કોઈના તીણાં-તીણાં ડૂસકાંનો એ અવાજ હતો. આવી ભયાનક રાતે અને તે પણ આવા સૂમસામ બંગલામાં કોઈનો રહસ્યમય રીતે રડવાનો અવાજ આવતો હોય તો ભલભલાનાં હાંજા ગગડી જાય.**

રહેનાર કોઈ એને આગળ વધતાં જોઈ રહ્યું છે. કોઈ ખાનગી જગ્યાએથી એ લોકો એની પર નજર રાખી રહ્યા છે. કોણ છે એ લોકો? ઝાંપા પાસે તો લખ્યું છે કે, 'અજનબીનો બંગલો'; તો પછી આ કોનો બંગલો છે?

એક પછી એક એવા બનાવો બનતા હતા કે જીમી હવે પાછો પણ જઈ શકે એમ નહોતો અને એટલા માટે જ એણે બંગલાનો આગળનો દરવાજો ખોલી નાખ્યો. ઘણાં વરસો પછી કોઈએ દરવાજો ખોલ્યો હોય એ રીતે ચરર....ચરર...કરતાં દરવાજો ખૂલી ગયો, પણ દરવાજો ખૂલતાં જ જાણે જીમી પર હુમલો થયો હોય એમ અંદરથી ઢગલાબંધ ચિચિયારીઓ પાડતું ચામાચીડિયાંનું ટોળું જીમીના માથેથી ઘસરકો પાડીને પસાર થઈ ગયું, ચામાચીડિયાંની ચીસોમાં સૌથી ભયાનક ચીસ જીમીની હતી.

જીમીની ભયાનક ચીસ સાંભળીને ચામાચીડિયાંઓ પણ જાણે ગભરાઈ ગયાં હોય એમ ગાયબ થઈ ગયાં. જ્યારે પળવાર માટે તો જીમીની છાતીના ધબકારા એકદમ બેવડાઈ ગયા. થોડીવાર સુધી તો એ ધ્રૂજતી હાલતમાં ત્યાં જ બેસી ગયો.

વાતાવરણ થોડુંક શાંત થતાં એ ઊભો થયો. એણે આગળપાછળ નજર ફેરવીને પછી બંગલામાં પગ મૂકી દીધો. બંગલાની અંદર પગ મૂકતાં જ અંદર લાઇટો ઝબકી ઊઠી અને બહારની લાઇટો બંધ થઈ ગઈ. જીમીને ખ્યાલ આવી ગયો હતો કે જ્યાં એના પગલાં પડતાં હતાં ત્યાં તરત જ લાઇટો આપોઆપ ચાલુ થઈ જતી હતી.

બંગલાની અંદર ઘૂસતાં જ એને કોઈ નજરે ન પડ્યું. એને એમ હતું કે અંદર બંગલામાં જરૂર કોઈક તો હશે જ. પણ અંદર કોઈ જ નહોતું, એ જોઈને ખૂબ જ નિરાશ થયો.

બંગલાની અંદરનો આ મોટો આલીશાન કમરો હતો. એ કમરાની સામેની દીવાલને લગતો એક બીજો કમરો પણ હતો. જીમીને થયું કે કદાચ એ કમરામાં જરૂર કોઈક હોવું જોઈએ. એટલે તરત જ એ કમરાનો દરવાજો ખોલીને અંદર ઘૂસી ગયો. અંદર ઘૂસતાં જ બહારની લાઈટો બંધ થઈ ગઈ અને અંદરની લાઈટ ચાલુ થઈ ગઈ.

આવી બધી હરકતો થતી જોઈને જીમીનું માથું ભમી જતું હતું. આખરે તો આ બધું શું રહસ્ય છે? આ લાઈટો આ રીતે બંધ-ચાલુ કેમ થતી હશે?

આ કમરો પણ પેલા કમરાની જેમ સાવ ખાલી જ હતો. ન તો એમાં બેસવાના કોઈ સોફા-ખુરશી હતાં કે ન તો ટેબલ હતું. હા, ત્યાં એક વસ્તુ એવી જરૂર હતી જેના કારણે જીમીના આખા શરીરે પરસેવો છૂટી નીકળ્યો.

એ કમરાની મોટી, પહોળી દીવાલ પર એક મોટી સોનેરી ફ્રેમમાં મઢેલો ફોટો ટીંગાડેલો હતો. એ ફોટો એનો પોતાનો જ એટલે કે જીમીનો હતો.

એનો એ ફોટો લગભગ દોઢ વરસ પહેલાંનો હતો. એને ખૂબ જ સારી રીતે યાદ હતું કે એ ફોટો એણે ક્યાં પડાવ્યો હતો. ત્યારે તો એ થોડો દૂબળો-પાતળો હતો. જ્યારે હમણાં તો એનું શરીર ઠીક-ઠીક થઈ ગયું હતું. એની પ્રેમિકા કજલીના કહેવાથી જ પોતે આ ફોટો પડાવ્યો હતો. પરંતુ હવે દોઢ વરસ પછી આ સૂમસામ અને અજાણ્યા બંગલાની દીવાલ પર પોતાના એ જ ફોટાની ફ્રેમ લટકતી રહી છે એનું રહસ્ય શું છે?

એને પોતાની આ વાતનો કોઈ જવાબ ન મળ્યો. જવાબ મળે પણ કઈ રીતે? બંગલામાં એના સિવાય બીજું કોઈ હાજર પણ નહોતું. જીમી હવે ખૂબ પરેશાન દેખાતો હતો.

ત્યાં અચાનક એક અવાજ આવ્યો. કોઈના તીણાં-તીણાં ડૂસકાંનો એ અવાજ હતો. આવી ભયાનક રાતે અને તે પણ આવા સૂમસામ બંગલામાં કોઈનો રહસ્યમય રીતે રડવાનો અવાજ આવતો હોય તો ભલભલાનાં હાજાં ગગડી જાય.

ખૂબ જ દૂરથી આવતાં એ ડૂસકાંના અવાજને જીમીએ ધ્યાનથી સાંભળ્યો. એને એ અવાજ જાણીતો લાગ્યો. અને થોડી જ વારમાં એને ખ્યાલ આવી ગયો કે એ અવાજ કોનો છે. એ અવાજ એ ખૂબ જ સારી રીતે ઓળખતો હતો. પરંતુ જાણી-જોઈને એ અવાજને એ ટાળી રહ્યો હતો. એ ડૂસકાંના અવાજથી જાણે એના શરીરમાં ખંજર ભોંકાઈ રહ્યું હોય એમ લાગતું હતું.

'કોણ રડે છે આ?'

અજાણ્યા બનતાં જોરથી ત્રાડ નાંખતાં જીમીએ કહ્યું. પણ એનો આ અવાજ બહાર ન નીકળ્યો. કદાચ એટલા માટે નહીં નીકળ્યો હોય કે એ અવાજને એ સારી રીતે ઓળખતો હતો. એ અવાજનો તો એ દીવાનો હતો. પણ અત્યારે એ જાણી-જોઈને એ અવાજની અવગણના કરતો હતો.

હજુ એ ડૂસકાંનું રહસ્ય છતું થાય ત્યાં તો દીવાલ પર ડીંગાડેલો એનો સોનેરી ફ્રેમમાં મઢેલો ફોટો ઘડિયાળના લોલકની જેમ ડોલવા લાગ્યો. એક પૂતળાની માફક ઊભો-ઊભો જીમી પોતાના ડોલતા ફોટાને જોઈ રહ્યો. એના પોતાનો ફોટો જાણે એને કહી રહ્યો હતો કે, 'ખબરદાર! ચાલ્યો જા અહીંથી... શા માટે અહીં આવ્યો છે? ચાલ્યો જા અહીંથી... ચાલ્યો જા.... જા.... જા.... જા....'

અને જીમી એ અવાજ સાંભળવા માંગતો ન હોય એમ એણે પોતાના બન્ને કાને હાથ મૂકી દીધા. અને પોતાના ફોટામાંથી આવતા અવાજનું કહેવું માનીને એ પાછો જવા માટે ફર્યો. પણ ત્યાં જ અચાનક કમરાના અંદરનો દરવાજો ચરરર....ચરરર....ના અવાજ સાથે ધીરે-ધીરે ખૂલવા લાગ્યો. જીમીએ ગભરાઈને એ તરફ જોયું.

એ દરવાજામાંથી કોઈ સફેદ પડછાયા જેવું અંદર આવી રહ્યું હતું. અત્યાર સુધી આવા અનેક ચમત્કારભર્યા બનાવોનો સામનો કરી ચૂકેલો જીમી ચુપચાપ એ સફેદ પડછાયાને પોતાની તરફ આવતા જોઈ રહ્યો... (ક્રમશઃ)■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...


હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मुआवजा | વાણોતર |
| मोड़ | વળતર |
| बवंडर | વાટકી |
| कटोरी | વળાંક |
| गुमाश्ता | વંટોળ |

## ઓળખાણ પડી?

૧૯૬૦ના દાયકામાં વેસ્ટર્ન તરીકે ઓળખાયેલી ફિલ્મોમાં સફળતા મેળવનારા એક્ટર - ડિરેક્ટરની ઓળખાણ પડી? ૯૪ વર્ષની ઉંમરે તેમની ફિલ્મ રિલીઝ થઈ છે.

અ) Hugh Grant
બ) Rex Harrison
ક) Clint Eastwood
ડ) Russell Crowe



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ | બ્દ | ૨ લા | ૩ લિ | ત્ય | | ૪ હ | ૫ જા | ર | |
| ક | | ૬ લ | ખ | | ૭ તા | ર | ણ | | ૮ ચા |
| ૯ મં | જ | ન | | ૧૦ વ | ર | ખ | | ૧૧ ભા | લ |
| દ | | ૧૨ પા | ટ | | સ્વ | | ૧૩ ખ | ર | ચ |
| | ૧૪ કા | લ | | ૧૫ સા | રે | ૧૬ ગ | મ | | લ |
| ૧૭ બ | દ | ન | | ગ | | ૧૮ મા | ણ | | ગ |
| ૧૯ દ | વ | | ૨૦ અ | મ | થું | | | ૨૧ મા | ત |
| ચ | | ૨૨ આં | | ટે | | ૨૩ સ | હ | ન | |
| લ | | ૨૪ જ | ૨૫ રા | | ૨૬ ના | ગ | | ૨૭ ધ | ૨૮ જા |
| ૨૯ ન | ર | વા | ઈ | | ૩૦ વ | ડ | વા | ન | લ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | ૫ | ૬ |
| | | | | ૭ | | | ૮ | | |
| | | ૯ | | | | ૧૦ | | ૧૧ | |
| | ૧૨ | | | ૧૩ | ૧૪ | | | | |
| ૧૫ | | ૧૬ | ૧૭ | | | | | ૧૮ | ૧૯ |
| ૨૦ | | | | | | | ૨૧ | | |
| | | ૨૨ | | ૨૩ | | ૨૪ | | ૨૫ | |
| ૨૬ | | | | ૨૭ | ૨૮ | | ૨૯ | | |
| | | ૩૦ | ૩૦અ | | | | | | |
| | ૩૧ | | | | | | ૩૨ | | |

**આડી ચાવી**

૧. પરીક્ષા (૪)
૩. નમસ્કાર, સ્વાગત (૫)
૭. કાલે આ --- મળીએ (૨)
૮ પ્રત્યેક (૩)
૯. જુદાપણું, વિયોગ (૩)
૧૧. કોઈ (૨)
૧૨. તરફેણ, પખવાડિયું (૨)
૧૩. પ્રપંચ, લુચ્ચાઈ (૪)
૧૬. આશરે, લગભગ (૫)
૧૮. ડર, ભય, બીક (૨)
૨૦. તીખું, કડવું (૨)
૨૨. સાક્ષી (૩)
૨૪. બરાબર, નફાતોટા વિનાનું (૪)
૨૬. ફિટકાર (૩)
૨૭. જુવાર (૨)
૨૯. ભરવું તે (૩)
૩૦. વસ્તારી, છોકરાં છૈયાંવાળું (૫)
૩૧. ઝાળ, લ્હાય (૩)
૩૨. દબાણ, વજન, ભારવું (૩)

**ઊભી ચાવી**

૧. પડતી (૩)
૨. જખમી, ઈજા પામેલું (૫)
૩. 'હું' નું બહુવચન (૨)
૪. બહુ સરસ (૨)
૫. હરેક (૩)
૬. જગાનો માપસર આલેખ (૩)
૭. સહકારથી ચાલતું (૪)
૧૦. તોતિંગ ચીજ કે ઘટના (૩)
૧૪. ઝાડના રસમાંથી બનતો પદાર્થ (૩)
૧૫. પ્રતિનિધિ કરવાપણું (૫)
૧૭. --- લીમડાની એક ડાળ મીઠી (૩)
૧૯. ભંભેરણી, ચડામણી (૪)
૨૨. ગોટાળા (૪)
૨૩. સહસ્ત્ર (૩)
૨૫. અતિશય, ઘણી માત્રામાં હોવું (૪)
૨૮. પ્રવાહ, વહેણ, ધાર (૩)
૩૦/અ. --- લાવ્યો ચોખાનો દાણો (૨)
૨૧. ફળનો અંદરનો ભાગ (૩)

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી નાટકો, લોકપ્રિય હિન્દી ટીવી સિરિયલ અને ફિલ્મોમાં ચમકેલી અને મિસ ઈન્ડિયાનો ખિતાબ મેળવનારી ગુજરાતી અભિનેત્રી કોણ?

અ) નેહા મહેતા　બ) સ્વરૂપ સંપટ
ક) દીપિકા ચિખલિયા　ડ) રોમા માણેક

## જાણવા જેવું

મનોરંજન વેરામાંથી મુક્તિ મેળવનાર શરૂઆતની ફિલ્મોમાં સત્યેન બોઝની ૧૯૬૦ની બાળ ફિલ્મ 'માસૂમ' ('નાની તેરી મોરની કો મોર લે ગએ' અને 'હમેં ઉન રાહોં પર ચલના હૈ જહાં ગીરના ઔર સંભલના હૈ' જેવા યાદગાર ગીતો) અને ભારત - ચીન યુદ્ધની પાર્શ્વભૂમિ પર બનેલી ચેતન આનંદની 'હકીકત' (૧૯૬૪)નો સમાવેશ છે.

## સુડોકુ-૭૦૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | ૨ | | ૧ | |
| ૩ | | ૫ | | ૧ | | | ૮ | |
| | | | ૮ | ૭ | | | | |
| ૧ | ૫ | | | | | | ૬ | ૭ |
| | | ૮ | | | | ૫ | | |
| ૬ | ૭ | | | | | | ૨ | ૧ |
| | | | | ૫ | ૪ | | | |
| | ૪ | | | ૨ | | ૬ | | ૫ |
| | ૮ | | ૯ | | | | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૮ | ૨ | ૪ | ૯ | ૬ | ૭ | ૧ |
| ૭ | ૧ | ૯ | ૬ | ૫ | ૩ | ૪ | ૮ | ૨ |
| ૨ | ૪ | ૬ | ૭ | ૧ | ૮ | ૩ | ૯ | ૫ |
| ૪ | ૫ | ૩ | ૮ | ૬ | ૭ | ૧ | ૨ | ૯ |
| ૯ | ૬ | ૭ | ૧ | ૨ | ૫ | ૮ | ૪ | ૩ |
| ૧ | ૮ | ૨ | ૩ | ૯ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૭ | ૫ | ૪ | ૩ | ૨ | ૯ | ૧ | ૮ |
| ૩ | ૨ | ૧ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૪ |
| ૮ | ૯ | ૪ | ૫ | ૭ | ૧ | ૨ | ૩ | ૬ |

## ચતુર આપો જવાબ　માથું ખંજવાળો

૧૯૭૦ના દાયકામાં રાજેશ ખન્ના અને મુમતાઝની જોડી હિટ પેર ગણાતી હતી. કઈ ફિલ્મમાં બંને કલાકાર સાથે જોવા નહોતા મળ્યા એ જાણવો.

અ) સચ્ચા જુઠા　બ) બંધે હાથ　ક) પ્રેમ કહાની　ડ) રોટી

## નોંધી રાખો

એક વાત ધ્યાન રાખજો કે મતલબ હોય ત્યારે સારા બનતા લોકોના ટોળા હોય, મતલબ વિના સારા બનતા તો એકલદોકલ જ હોય.

## માઈન્ડ ગેમ

મહેશ ભટ્ટની ૧૯૮૪માં આવેલી કઈ ફિલ્મથી અનુપમ ખેરની હિન્દી ફિલ્મમાં અભિનય કરવાની શરૂઆત થઈ હતી એ જણાવી શકશો?

અ) અર્થ　બ) નામ
ક) રાવ સાહેબ　ડ) સારાંશ

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| खरगोश | સસલું |
| चूहा | ઉંદર |
| बारहसिंघा | સાબર |
| स्वारिन | લોંકડી |
| भेड | ઘેટો |

ગુજરાત મોરી મોરી રે
વીર અભિમન્યુ

ઓળખાણ પડી?
Dustin Hoffman

માઈન્ડ ગેમ
અફલાતૂન

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ગિરફતાર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુરેખા દેસાઈ (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) પુષ્પા પટેલ (૮) ખુશરૂ કાપડિયા (૯) વિભા મહેશ્વરી (૧૦) લજિતા ખોના (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મહેશ દોશી (૧૪) નિખિલ બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) અમીશી બંગાળી (૧૭) નુતન વિપીન (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) નિતિન બજરિયા (૨૨) ભાવના કર્વે (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) મીના ભગત (૩૧) કલ્પના આશર (૩૨) અંજુ ટોલિયા (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭)હિના દલાલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) જગદીશ ઠક્કર (૪૦) અરવિંદ કામદાર (૪૧) પુષ્પા ખોના (૪૨) હર્ષા મહેતા (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ગીતા ઉદેશી (૪૭) ધીરેન્દ ઉદેશી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) આર્મી ૨) હમ ૩) હમ દિલ દે ચૂકે સનમ ૪) યે દિલ્લગી ૫) રાજા હિન્દુસ્તાની ૬) ગુપ્ત ૭) તું જૂઠી મૈં મક્કાર

**ક્વિઝ (બ)** ૧) ઝરા હટકે ઝરા બચકેઃ વિકી કૌશલ - સારા અલી ખાન ૨) ગાઈડઃ દેવ આનંદ - વહિદા રહેમાન ૩) એક દુજે કે લિયેઃ કમલા હસન - રતિ અગ્નિહોત્રી ૪) નાગિનઃ જીતેન્દ્ર - રીના રોય ૫) યારાનાઃ અમિતાભ બચ્ચન - નીતુ સિંહ ૬) ઘર : વિનોદ મેહરા -- રેખા ૭) વીર ઝારા : શાહરૂખ ખાન - પ્રિટી ઝિન્ટા

**શો-શરાબા**
**દિવ્યકાંત પંડ્યા**

# શો, ડોન્ટ ટેલ!

## સિનેમાને વધુ અસરદાર બનાવતી એક આગવી સ્ટોરીટેલિંગ ટેક્નિક

ફિલ્મ્સ ફક્ત મનોરંજનનું સાધન નથી. એ કળાનું સ્વરૂપ પણ છે. ફિલ્મ્સ એટલે સર્જન. ફિલ્મ્સનાં અલગ-અલગ પાસાં અને વિભાગોમાં સર્જનાત્મકતા અને તકનીક છુપાયેલી હોય છે. સામાન્ય દર્શકો ફિલ્મ્સને જોઈને મજા લે જ્યારે એને કળા તરીકે ચાહનાર અઠંગ સિનેપ્રેમી ફિલ્મ્સનું અલગ દૃષ્ટિકોણથી નિરીક્ષણ કરે. એનાથી ફિલ્મમેકર અને દર્શકનું સીધું જ સંધાન બને. ફિલ્મ્સના માધ્યમને ઉત્કૃષ્ટ બનાવનાર એવી જ એક ટેક્નિક એટલે 'શો, ડોન્ટ ટેલ'.

'શો, ડોન્ટ ટેલ' મૂળ તો લેખનની ટેક્નિક. ફિલ્મ વિઝ્યુઅલ મીડિયમ ખરું, પણ અહીં પણ આ ટેક્નિક મુખ્યતઃ સ્ક્રીન રાઈટિંગનો હિસ્સો ગણાય. 'શો, ડોન્ટ ટેલ' મતલબ કે 'બતાવો, કહો નહીં...' ફિલ્મમાં કે કોઈ પણ વિઝ્યુઅલ એન્ટરટેઇન્મેન્ટ મીડિયમમાં સર્જકે કશુંક દર્શાવવા માટે વધુ બતાવવાનો - દેખાડવાનો રસ્તો અપનાવવો જોઈએ, નહીં કે કહેવાનો. ઉદાહરણ તરીકે..

કોઈ ઘટના કે પાત્રાલેખન માટે ઓછા સંવાદોનો ઉપયોગ કરીને કે બિલકુલ જ કહ્યા વિના સ્ક્રીન પર કશીક પ્રવૃત્તિ દ્વારા એને એ રીતે દેખાડવામાં આવે કે દર્શકો જે-તે પાત્ર કે ઘટના વિશે સમજી જાય. આની પાછળનો મુખ્ય હેતુ એ કે એ ફિલ્મના વિઝ્યુઅલ મીડિયમને વધુ ન્યાય મળે. ફિલ્મમાં જ્યાં ફિલ્મમેકર પાસે શ્રવણ કે પઠન નહીં, પણ દૃશ્યનો સેતુ હોય ત્યાં તેનો પૂરેપૂરો ઉપયોગ થવો જોઈએ. દૃશ્યના માધ્યમમાં જ્યારે સ્માર્ટલી પાત્ર કે ઘટનાની અમુક ઝીણી બાબતો દેખાડીને રજૂ કરી શકાય ત્યારે શા માટે પાત્ર દ્વારા બોલ-બોલ કરીને માધ્યમને અન્યાય કરવો...?

ઘણી ફિલ્મ્સ અને ફિલ્મમેકર્સ આ ટેક્નિકનાં સારાં ઉદાહરણ છે એમ ઘણાં એવાં પણ ઉદાહરણ છે કે જેમાં લેખન નબળું હોય ત્યાં કોઈ પાત્ર કારણ વગરની એક ને એક વાત દોહરાવ્યા જ કરે અને વાર્તાની અસર ઓછી કરી નાખે. ધારો કે ફિલ્મમાં વિલન હાવભાવ અને કૃત્યથી ખતરનાક દેખાવાના બદલે એમ કહ્યા કરે કે 'હું તો બહુ જ ખૂનખાર છું, હું તને મારી નાખીશ.' આવાં લખાણમાં આ ટેક્નિકનો વેડફાટ થયો ગણાય, પણ આપણે વાત કરવી છે આ ટેક્નિકના વપરાશની.

અભિષેક ચોબે દિગ્દર્શિત ફિલ્મ 'ઊડતા પંજાબ' (૨૦૧૬)માં આલિયા ભટ્ટનું પાત્ર પિંકી કુમારી હૉકી પ્લેયર છે, પરંતુ આખી ફિલ્મમાં ક્યાંય પણ એને હૉકી રમતાં



'પાઈરેટ્સ ઑફ ધ કેરેબિયનઃ કર્સ ઑફ ધ બ્લેક પર્લ' (૨૦૦૩)



આલિયા ભટ્ટ હૉકી સાથે.. 'ઊડતા પંજાબ' (૨૦૧૬)

દર્શાવવામાં નથી આવી. એ છતાં 'શો, ડોન્ટ ટેલ' ટેક્નિક થકી એ કેટલી સારી હૉકી પ્લેયર છે એનો ખ્યાલ આવી જાય છે. ફિલ્મના એક દૃશ્યમાં જ્યારે શાહિદ કપૂરનું પાત્ર ટોમી સિંહ અમુક બદમાશ વચ્ચે સપડાય છે ત્યારે પિંકી એને બચાવવા માટે બાજુમાં પડેલી એક હોકી વડે બોલના બદલે એક પથ્થરને સ્કૂપ કરીને - ઉછાળીને બદમાશ પર હુમલો કરે છે. અહીં ફક્ત થોડી જ સેકન્ડ્સમાં પિંકીની હૉકીની સિદ્ધિઓ દેખાડ્યા કે કહ્યા વિના એના રમત કૌશલ્યનો ખયાલ આવી જાય છે.

જ્યારે કોઈ ફિલ્મમાં આ ટેક્નિકને ન્યાય નથી અપાતો અને ફિલ્મમાં બહુ જ કારણ વગરનાં દૃશ્યો અને સંવાદો હોય છે ત્યારે વિવેચકો 'ફિલ્મ વર્બોઝ છે' એટલે કે વધુપડતી વાચાળ છે અને ખેંચાય છે એવું વિશ્લેષણ કરતા હોય છે.

૨૦૧૮માં આવેલી ફિલ્મ 'જાઉં કહાં બતા એ દિલ' એક પ્રયોગાત્મક ફિલ્મ છે. તેની અંદર લાંબાં-લાંબાં દૃશ્યોમાં બે પાત્રો બસ વાતો જ કર્યે જાય છે એવું દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત આ લાંબાં દૃશ્યો સિંગલ શોટ પ્રયોગ પણ છે. અહીં ફિલ્મ એમની જિંદગીમાં બનતી ઘટનાઓ દર્શાવ્યા વગર એમના દ્વારા બોલાવ્યા જ કરે છે જે દર્શકોને સાંભળવું પડે છે અને સિનેમા વિઝ્યુઅલ મીડિયમ હોવા છતાં અહીં એ ફિલ્મ બતાવવાના બદલે કહ્યા કરે છે, જે આખરે ફિલ્મ નહીં પણ પુસ્તકની અનુભૂતિ કરાવે છે. આ મુદ્દે ફિલ્મને વખોડવાની વાત નથી, પણ અહીં 'શો, ડોન્ટ ટેલ' ટેક્નિકનો ઉપયોગ જોવા મળતો નથી.

'પાઇરેટ્સ ઑફ ધ કેરેબિયનઃ કર્સ ઑફ ધ બ્લેક પર્લ' (૨૦૦૩)માં કૅપ્ટન જેક સ્પેરોના પાત્રના પરિચય માટે 'શો, ડોન્ટ ટેલ'નો બખૂબી ઉપયોગ કરવામાં આવ્યો છે. ફિલ્મની શરૂઆતમાં જ ક્લોઝ અપ શોટમાં એક જહાજ પર કૅપ્ટન જેક સ્પેરો લહેરાતા વાળ અને આંખોમાં દૃઢતા સાથે સામેની દિશામાં જોઈ રહ્યો છે. દૃશ્યમાં જે દેખાય છે તેનાથી તેનામાં એક કૅપ્ટનની ઝલક દેખાય છે, પણ તરત જ વાઈડ શોટમાં એમ દર્શાવવામાં આવે છે કે તે કોઈ મોટા જહાજ પર અનેક પ્રવાસીઓ સમક્ષ કૅપ્ટન તરીકે નહીં, પણ એક નાનકડી હોડીમાં એકલો ઊભો છે અને એ હોડી પણ કિનારે પહોંચતાં ઊલટી થઈ જાય છે, ને જેક સ્પેરો તેને સરખી કરવાની મથામણમાં લાગે છે. આ દૃશ્યમાં એક પણ શબ્દ બોલ્યા વિના જેક સ્પેરોના પાત્રની સમજણ ફિલ્મમેકરે અત્યંત પ્રભાવી રીતે આપી દીધી છે. જેક સ્પેરોની અંદર કૅપ્ટન બનવાની મહત્ત્વકાંક્ષા છે, પરંતુ એની હાલની સ્થિતિ અલગ છે અને એનું પાત્ર રમૂજી છે એ બધો જ ખયાલ આવી જાય છે.

પાત્રની ઍક્શન, હાવભાવ કે અન્ય રીતે વિઝ્યુઅલથી વાત દર્શકો સુધી પહોંચાડવાના 'શો, ડોન્ટ ટેલ'ના ભારતીય અને વિશ્વ સિનેમામાં આવા તો અનેક દૃષ્ટાંત છે, પણ આ ટેક્નિકને સમજવા માટે આજે આટલું પૂરતું છે, બાકીનાં રસપ્રદ દૃષ્ટાંતોની વાત ફરી ક્યારેક!

**લાસ્ટ શોટ**

*'ડોન્ટ ટેલ મી ધ મૂન ઇઝ શાઈનિંગ, શો મી ધ ગ્લીન્ટ ઑફ ધ લાઈટ ઑન ધ બ્રૉકન ગ્લાસ.' - એન્ટોન ચેખોવ*

**ફોકસ**
**રશ્મિ શુકલ**

# લગ્નનાં ત્રીસ વર્ષ પૂરાં કરવાની એ.આર. રહમાનની ઈચ્છા ન થઈ પૂરીઃ ૨૯ વર્ષ બાદ લીધા ડિવોર્સ

ઓસ્કર અવૉર્ડ વિજેતા મ્યુઝિક કમ્પોઝર એ. આર. રહમાનના ડિવોર્સના સમાચારે સૌને ચોંકાવી દીધા છે. વાઇફ સાયરા બાનુ સાથે ૨૯ વર્ષનાં લગ્નજીવન પર તેમણે ડિવોર્સની મહોર લગાવી દીધી છે.

સોશિયલ મીડિયામાં ડિવોર્સની જાહેરાત કરતાંની સાથે જ તેમણે પ્રાઇવસી જાળવવાની વિનંતી કરી છે. બન્નેનાં નિકાહ ૧૯૯૫માં ૧૨ માર્ચે થયાં હતાં. લગ્નજીવન દરમિયાન તેમને બે દીકરી અને એક દીકરો છે.

સાયરા બાનુની વકીલ વંદના શાહે તે બન્નેનાં ડિવૉર્સની માહિતી આપી હતી. તેનું કહેવું છે કે આ નિર્ણય તેમણે ઇમોશનલ સ્ટ્રેસ હેઠળ લીધો છે. બન્ને વચ્ચે અપાર પ્રેમ હોવા છતાં પણ તણાવને કારણે એક અંતર આવી ગયુ હતું.

ડિવોર્સની જાહેરાત ઇન્સ્ટાસ્ટોરી પર કરીને એ. આર. રહમાને લખ્યું કે, 'અમને આશા હતી કે અમે લગ્નનાં ત્રીસ વર્ષ પૂરા કરીશું, પરંતુ નસીબમાં કાંઈક અલગ લખાયું હશે. તૂટેલાં હૃદયને કારણે તો કદાચ ઉપરવાળાનું આસન પણ ધ્રૂજી ગયું હશે. આમછતાં ટૂકડાંઓને તો ફરીથી જોડી નહીં શકાય. આ નાજુક સમયમાં અમારી પ્રાયવસીને સન્માન આપવા માટે સૌનો આભાર.'



**ફિલ્મનામા**
**નરેશ શાહ**

# સત્યજિત રાયના શિષ્ય ને સિદ્ધાર્થના અંકલ!

## 'દુનિયા મેરી જેબ મેં' ફિલ્મમાં અમિતાભ બચ્ચન કામ કરવાના હતા, પણ...

આમ જુઓ તો અમિતાભ બચ્ચનના ત્રણ આઈકોનિક ડાયલોગ છેઃ

ડોન કો પકડના મુશ્કિલ હી નહીં, નામુમકિન હૈ (ડોન, ૧૯૭૮), હમ જહાં ખડે રહેતે હૈ, લાઈન વહીં સે શુરૂ હોતી હૈ (કાલિયા, ૧૯૮૧) અને રિશ્તે મેં તો હમ તુમ્હારે બાપ લગતે હૈ, નામ હૈ શહેનશાહ (શહેનશાહ, ૧૯૮૮).

આ ત્રણમાંથી બે ફિલ્મ 'કાલિયા' અને 'શહેનશાહ'ના ડિરેક્ટર એક જ છેઃ ટીનુ આનંદ.

ટીનુ આનંદની ઓળખાણ આજની પેઢીને આપવી હોય તો એમ અપાય કે શાહરૂખ ખાનની 'પઠાન' ફિલ્મના ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદના એ ભાઈજી થાય. સિદ્ધાર્થના પિતા બિટ્ટુ આનંદ એ ટીનુ આનંદના નાના ભાઈ થાય. જો કે આ આખું ખાનદાન જ ફિલ્મ કનેક્શન ધરાવનારું છે. રાજ કપૂરની 'આગ'થી કમલ હાસનની 'એક દૂજે કે લીએ' અને 'સંગમ'થી 'શહેનશાહ' સુધીની ૬૨ ફિલ્મ લખનારા ઈન્દર રાજ આનંદ એ ટીનુ-બીટુના પિતા થાય. ટીનુ આનંદે શહેનાઝ સાથે પ્રેમલગ્ન કર્યાં (એમને ઈશા-દીક્ષા નામની બે દીકરી છે) હતાં. આ શહેનાઝ એટલે પ્રસિદ્ધ અભિનેતા આગાના પુત્રી. એ રીતે જોઈએ તો જલાલ આગા અને ટીનુ આનંદ સાળા-બનેવી થાય.

હિન્દી સિનેમામાં ટીનુ આનંદ ખાસ તો અમિતાભ સાથે કરેલી શહેનશાહ - કાલિયા- મેજરસાહબ અને મૈં આઝાદ હું - થી જ વધુ યાદ રહેવાના છે, પણ ખરેખર તો એમના નામ સાથે સિનેમાનું એક પ્રચંડ નામ પણ જોડાયેલું છે અને એ છે સત્યજિત રાય!

વિદેશમાં ભારતીય સિનેમાની સૌથી પહેલી ઓળખ બનેલા સત્યજિત રાયને ફિલ્મોમાં ટીનુ આનંદ આસિસ્ટ કરતા હતા. રાયની સીમાબદ્ધ - પ્રતિદ્વંદી - પોગી ગાએ બાઘા બાયેન જેવી ચાર ફિલ્મમાં ટીનુ



આનંદે એમના શિષ્ય (આસિસ્ટન્ટ ડિરેક્ટર) તરીકે કામ કર્યું હતું અને એ પછી હિન્દી ફિલ્મ 'દુનિયા મેરી જેબ મેં (૧૯૭૯)'થી ડિરેક્ટર તરીકેની એમની કારકિર્દીની શરૂઆત થઈ. જો કે ટીનુ આનંદની અભિનયયાત્રા તો એ પહેલાથી શરૂ થઈ ગઈ હતી અને હજુ (એમણે ૧૯૨ ફિલ્મમાં નાનાં-મોટાં પાત્રો ભજવ્યાં છે) ચાલી રહી છે, પણ પહેલી ફિલ્મ 'દુનિયા મેરી જેબ મેં' વખતે ગજબની ઘટના બની હતી.

આ ફિલ્મ બિટુ આનંદે પ્રોડ્યુસ કરી હતી. મોટો ભાઈ ટીનુ આનંદ એ ડિરેક્ટ કરવાનો હતો. આનંદ ફેમિલી કપૂર પરિવાર સાથે અંગત સંબંધ ધરાવતું હતું એટલે દોસ્ત બીટુની ફિલ્મમાં ઋષિ કપૂર પૈસા લીધા વગર કામ કરવાનો હતો. એણે ટીનુ આનંદને કહ્યું કે ફિલ્મમાં મારા મોટાભાઈ તરીકે અમિતાભ બચ્ચનને લો તો ફિલ્મની વેલ્યૂ વધી જશે. વાત પણ સાચી હતી એટલે ટીનુ આનંદ અમિતાભ બચ્ચનને મળવા 'પ્રતીક્ષા' બંગલે ગયા. અમિતજી એ વખતે 'શોલે'ના શૂટિંગ માટે બેંગલોર જઈ રહ્યા હતા એટલે જાતે સામાન પેક કરતાં-કરતાં કહ્યું કે શૂટિંગમાંથી પાછા ફરીને આપણે ફરી મળીએ. એ વખતે બધું (કૉન્ટ્રાક્ટ, તારીખ, પૈસા વગેરે) નક્કી કરી લઈશું.

વાત સ્ટેન્ડ બાય મોડ પર આવી ગઈ. દરમિયાન ઋષિ કપૂરને અંગત લોકોએ સલાહ આપી કે 'દુનિયા મેરી જેબ મેં' ફિલ્મમાં અપાહિજનો રોલ કરીને અમિતાભ બચ્ચન ઍકટિંગમાં તને ખાઈ જશે...

હવે ઋષિ ઇચ્છતા હતા કે ફિલ્મમાં અમિતાભ બચ્ચનની બદલે કોઈ બીજા અભિનેતાને લેવામાં આવે. આખરે કાકા શશી કપૂરનું નામ પણ એણે જ સૂચવ્યું. શશી કપૂર ભત્રીજા ઋષિના (ફિલ્મી) ભાઈ બનવા તૈયાર થયા, પરંતુ એમની એક જ શરત હતીઃ એ દરરોજ માત્ર સવારે સાતથી નવનો - બે કલાકનો સમય જ શૂટિંગ માટે આપશે.

એ જમાનામાં શશી દરરોજ ચાર-પાંચ ફિલ્મના શૂટિંગ કરતા અને બધાને બે-બે કલાક જ ફાળવતા. શરત મંજૂર રાખ્યા વગર છૂટકો નહોતો. સામા પક્ષે ઋષિની વાત ક્લિયર હતી કે હું સવારે દશ પછી જ શૂટિંગ કરવા આવીશ. ટીનુ આનંદ તો ડિપ્રેશનમાં આવી ગયેલા, કારણ કે સત્યજીત રાય સાથે કામ કરતી વખતે એમણે જોયેલું કે, શૂટ હોય કે ન હોય, શૂટિંગ વખતે બધા કલાકારોએ સેટ પર જ રહેવું પડે એવી સત્યજિત રાય બાંયધરી લેતા હતા. એમની ફિલ્મના શૂટિંગ વખતે આખી સ્ટારકાસ્ટ ઉપસ્થિત રહેતી જ્યારે 'દુનિયા મેરી જેબ મેં' ફિલ્મમાં બે ભાઈઓ બનેલા અભિનેતા એકસાથે સેટ પર ભેગા થતા જ નહોતા...!

આ કારણે જ ટીનુ આનંદની ફિલ્મ લગભગ ચાર વરસે પૂરી થઈ હતી. ('શોલે' ૧૯૭૫માં રિલીઝ થઈ હતી અને 'દુનિયા મેરી જેબ મેં' ૧૯૭૯માં રિલીઝ થઈ!).

'મને મારા ડિપ્રેશન અને મુસીબતમાંથી વિરુ દેવગન (અજય દેવગનના પિતા)એ બહાર કાઢેલો!' એક ઈન્ટરવ્યુમાં ટીનુ આનંદે કહેલું. ફાઈટ માસ્ટર વિરુ દેવગને જ એમને કહેલું કે સત્યજિત રાયને ભૂલી જાવ.... આ હિન્દી ફિલ્મો છે. અહીં આ રીતે જ કામ થાય. તમે બન્ને અભિનેતાના ડુપ્લિકેટની પીઠ દેખાડીને શૂટિંગ કરી લો....!'

- અને એ જ રીતે 'દુનિયા મેરી જેબ મેં' ફિલ્મ પૂરી થઈ. એ જ ટીનુ આનંદે કાલિયા-શહેનશાહ પછી અમિતાભ સાથે મૈં આઝાદ હું બનાવી, (જે સદંતર ફ્લૉપ ગયેલી) પણ એ પોતાના પૌત્ર-પૌત્રીને એમ જ કહે છે કે કાલિયા-શહેનશાહ નહીં જુઓ તો ચાલશે, પણ મૈં આઝાદ હૂં' જરૂર જુઓ... એ ફિલ્મ માટે મને ગૌરવ છે... મૈં આઝાદ હૂં' એક આર્ટ મૂવીની જેમ બનાવવામાં આવેલી. તેમાં અમિતાભ બચ્ચન ઍંગ્રી યંગમેન નહોતા, પણ લાચાર પાત્રમાં હતા. નક્કી એવું થયેલું કે આ ફિલ્મને મુંબઈમાં માત્ર એક જ થિયેટરમાં રિલીઝ કરવી અને માઉથ પબ્લિસિટી પછી વધુ સ્ક્રીન પર મૂકવી પણ... પ્રોડ્યુસરો માન્યા નહીં. એમણે 'મૈં આઝાદ હૂં' એકસાથે મુંબઈનાં ત્રીસ થિયેટરમાં રિલીઝ કરી. પરિણામે? ફિલ્મનો ઘબડકો! ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

### ક્વિઝ (અ)

**આ જોડીએ ફક્ત એક જ ફિલ્મમાં હીરો-હીરોઇન તરીકે સાથે અભિનય કર્યો છે તો એ ફિલ્મ કઈ?**

૧) શાહરૂખ ખાન - શ્રીદેવી

૨) અમિતાભ - કિમી કાટકર

૩) સલમાન ખાન - ઐશ્વર્યા રાય

૪) અક્ષય કુમાર - કાજોલ

૫) અમીર ખાન - કરિશ્મા કપૂર

૬) બોબી દેઓલ - મનીષા કોઈરાલા

૭) રણબીર સિંહ - શ્રદ્ધા કપૂર

### ક્વિઝ (બ)

**આ ગીતો કઈ ફિલ્મનાં છે અને તેના મુખ્ય કલાકારો કોણ?**

૧) તેરે વાસ્તે ફલક સે ચાંદ લાઉંગા

૨) તેરે મેરે સપને અબ એક રંગ હૈ....

૩) તેરે મેરે બીચ મેં કૈસા હૈ યે બંધન અંજાના...

૪) તેરે સંગ પ્યાર મૈં નહીં તોડના, ચાહે તેરે પીછે જગ પડે છોડના...

૫) તેરે જૈસા યાર કહાં, કહાં ઐસા યારાના

૬) તેરે બીના જીયા જાયે ના બિન તેરે...

૭) તેરે લિયે હમ હૈ જીયે હોઠો કો સિયે...

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

હેન્રી શાસ્ત્રી




# આવો, યાદ કરીએ હૃદયસ્પર્શી સ્વરાંકનના સર્જક સલિલ ચૌધરીને...

## બિમલ રોયના ફેવરિટ સંગીતકાર સલિલ ચૌધરીની ફિલ્મોની યાદી લાંબી નથી, પણ એમનાં કેટલાંક સ્વરાંકન અવિસ્મરણીય છે

હૃષીકેશ મુખરજીની ‘આનંદ’ ફિલ્મનો અવિસ્મરણીય ડાયલોગ છે : ‘બાબુ મોશાય, ઝિંદગી બડી હોની ચાહિએ લંબી નહીં’.

જીવનમાં સંખ્યાનું નહીં, ગુણવત્તાનું મહત્ત્વ છે એ મતલબનો એનો ભાવાર્થ છે. ‘આનંદ’ના જ સંગીતકાર સલિલ ચૌધરીની હિન્દી ફિલ્મ કરિયરને પણ આ વાત લાગુ પડે છે. એમની ફિલ્મોની, એમાં ગીતોની સંખ્યાનો આંકડો અન્ય સંગીતકારની તુલનામાં વામણો લાગે, પણ એની અસર, એનો પ્રભાવ વિરાટ છે એ હકીકત છે. આ ૧૯ નવેમ્બરે બિમલ રોયના ફેવરિટ સંગીતકાર સલિલદાના જન્મ શતાબ્દી વર્ષનો પ્રારંભ થયો છે (જન્મ ૧૯ નવેમ્બર, ૧૯૨૫) એ નિમિત્તે એમનાં સંભારણાંની આચમની લઈએ.

આ કિસ્સો અનુ કપૂરે એમના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ ‘સુહાના સફર વિથ અનુ કપૂર’માં રજૂ કર્યો હતો. વાત છે ૧૯૫૮ની. અમેરિકાના લોસ એન્જલસ શહેરની સંગીતનાં વાદ્યોનું વેચાણ કરતી એક પ્રખ્યાત શોપમાં ૩૩ વર્ષના સલિલ ચૌધરી ગયા. કોઈ એમને ઓળખતું નહોતું અને અત્યંત સાદગીભર્યા પહેરવેશ અને સામાન્ય દેખાવને કારણે શૉપના સેલ્સ પર્સન્સ એમની તરફ ધ્યાન પણ નહોતા આપી રહ્યા. સલિલદાને વાદ્યો માટે અત્યંત પ્રીતિ હોવાથી એ ત્યાં રાખવામાં આવેલા મ્યુઝિક ઈન્સ્ટ્રુમેન્ટ્સ પર બારીકાઈથી નજર ફેરવી રહ્યા હતા. ક્રિસ્ટિના નામની એક સેલ્સગર્લ સલિલદા પાસે આવી અને એમને કોઈ વાદ્ય ખરીદવાની ઇચ્છા છે કે કેમ એવું પૂછવા લાગી. સલિલદાએ સ્મિત કરી સિતાર માટેની રુચિ વ્યક્ત કરી. ક્રિસ્ટિનાએ કેટલીક સિતાર દેખાડી, પણ સલિલદાએ શૉપમાં એકદમ ઊંચાઈ પર રાખવામાં આવેલી એક સિતાર જોવાનો આગ્રહ રાખ્યો. જોકે, સામાન્ય દેખાવના અને સાદા પહેરવેશમાં રહેલી વ્યક્તિને એ સિતાર દેખાડવા ક્રિસ્ટિના ઉત્સુક નહોતી અને એટલે એ આઘીપાછી થઈ ગઈ. એવામાં શૉપના માલિક મિસ્ટર ડેવિડ ત્યાં આવ્યા અને સલિલદાની ખાસ સિતારમાં રુચિ જાણી ઉપરથી એ ઉતારાવી. એ સિતાર દેખાડી ક્રિસ્ટિનાએ કહ્યું કે ‘આ બોસ સિતાર છે. સામાન્ય વાદકો એ નથી વગાડી શકતા અને એ મોટા કાર્યક્રમોમાં જ વગાડવામાં આવે છે.’

વાત સાંભળી સસ્મિત સલિલદાએ એ સિતાર વગાડવાની ઇચ્છા વ્યક્ત કરી. મિસ્ટર ડેવિડે એમને સિતાર આપી અને સલિલ ચૌધરીએ એ વગાડવાની શરૂઆત કરતાં હાજર રહેલા લોકો એમનું વાદન સાંભળી મંત્રમુગ્ધ થઈ ગયા. સલિલદાએ રાગ પૂરો કર્યો ત્યારે હાજર લોકોનાં દિલ બાગ બાગ થઈ ગયાં હતાં અને એમની આંખોમાં અહોભાવ હતો. શૉપના માલિક મિસ્ટર ડેવિડે પૂછ્યું : ‘તમે કોણ છો? મેં રવિશંકરને સાંભળ્યા છે અને એમના જેવી કુશળતા અન્ય કોઈ પાસે હોય એ મારી જાણમાં નથી. જોકે, તમે એનાથી જરાય ઊતરતા નથી. મારી શૉપમાં તમે આવ્યા એની મને અનહદ ખુશી છે.’


લતા દીદી અને સલિલ ચૌધરી ‘ઓ સજના બરખા બહાર આઈ’ના રેકોર્ડિંગ વખતે

સલિલદાએ કહ્યું કે એમને પેલી સિતાર ખરીદવી છે. મિસ્ટર ડેવિડ પોતે પણ સંગીતપ્રેમી હતા. એમણે એ સિતાર સલિલદાને ભેટ આપી. આ આખી ઘટના જોઈ ક્રિસ્ટીનાની આંખોમાં આંસુ છલકાયાં. તોછડાઈભર્યા વર્તન માટે એણે સલિલદાની માફી માંગી અને એમનો ઑટોગ્રાફ માંગ્યો. સલિલદાએ સ્મિત કર્યું અને ‘સલિલ ચૌધરી’ એવા હસ્તાક્ષર (ઑટોગ્રાફ) આપ્યા. એ સમયે સલિલ ચૌધરી ‘પરખ’ ફિલ્મનાં ગીત તૈયાર કરી રહ્યા હતા. ફિલ્મનું એક સદાબહાર અને લતા મંગેશકરના ૧૦ ફેવરિટ ગીતમાં સ્થાન ધરાવતા ગીત ‘ઓ સજના, બરખા બહાર આઈ’માં પ્રમુખ વાદ્ય સિતાર છે.

સલિલદાએ બંગાળી-હિન્દી ગીતોની સ્વર રચના ઉપરાંત અન્ય ભાષામાં પણ પોતાનું મ્યુઝિકનું મૅજિક દેખાડ્યું છે. એમાં ગુજરાતી, મરાઠી ઉપરાંત સાઉથની ભાષાનાં ગીતોનો સમાવેશ છે.

૧૯૭૮માં ‘ઘરસંસાર’ (ડિરેક્ટરઃ કૃષ્ણકાંત, કલાકારઃ રાજીવ, રાગિણી, ઊર્મિલા ભટ્ટ) નામની ગુજરાતી ફિલ્મ આવેલી. ફિલ્મના ગીતકાર હતા વેણીભાઈ પુરોહિત અને સ્વરકાર હતા સલિલ ચૌધરી. ફિલ્મમાં કુલ પાંચ ગીત હતાં, જેમાંથી ચાર ગીતનું સ્વરાંકન સલિલ ચૌધરીએ કર્યું હતું. પહેલું ગીત છે ‘હો હાલો ને હંસા મારા, ઊંચે આકાશે ઊડી જઈએ, ઊડી જઈએ, આજ ખૂટ્યા રે આપણાં અંજળપાણી.’

બંગાળી લોકસંગીતની છાંટ ધરાવતું આ ગીત એકાદ પળ માટે તો મન્ના ડે ગાતા હોય એવો ભાસ થાય છે. હકીકતમાં આ ગીત પ્રફુલ દવેએ ગાયું છે. સ્વરાંકન અને સ્વરનો એવો સુંદર તાલમેલ છે કે ગીત સાથે સેતુ બંધાઈ જાય છે અને એ સેતુ પર ટહેલવાનું મન રોકી નથી શકાતું. બીજું છે હાલરડું. ‘દો બીઘા જમીન’માં આપણને ‘આ જા રે આ, નિંદીયા તૂ આ’ જેવી અવિસ્મરણીય લોરી આપનારા સલિલદાએ ‘ઘરસંસાર’માં આશા ભોસલેના સ્વરમાં ‘દેવના દીધેલ દીકરા મારા, માવલડીના ધ્રુવના તારા’ હાલરડું ગવડાવ્યું છે. આ ગીતની લાક્ષણિકતા એ છે કે હાલરડું હોવા છતાં સલિલદાએ સેક્સોફોન, ટ્રમ્પેટ જેવા પાશ્ચાત્ય શૈલીના સંગીત માટે અધિકાંશ વપરાતા મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સનો ઉપયોગ કર્યો છે. ત્રીજું ગીત ડ્યુએટ છે ઉષા મંગેશકર અને મનહરના સ્વરમાં. વેણીભાઈ પુરોહિતની કલમ રોમેન્ટિક રંગમાં ઝબોળાય ત્યારે કેવી ખીલે (યાદ કરો, ‘તારી આંખનો અફીણી’) એ વાત જાણીતી છે. ગીત શરૂ થાય છે ‘ઓ લાલી રે લાલી લાલી, કેવી સાંજ આ રૂમઝૂમ ચાલી’ પંક્તિથી મોજ કરાવે છે યુગલ ગીત. ચોથું ગીત છે ‘અમારે આંગણે અવસર સોહામણો’ જે આશા ભોસલે અને કોરસ સાથે રજૂ થયું છે. આ ગીત તમને ‘મધુમતી’નાં ગીતોના કંપોઝિશનનું સ્મરણ જરૂર કરાવશે. આશા તાઈએ બહુ મીઠાશ રેડી છે ગીતમાં અને કોરસમાં ‘અમ્મારે આંગણે અવસર સોહામણો’ ગવાય છે ત્યારે સલિલદાએ ગુજરાતીપણું જાળવવા કેવી ચીવટ રાખી છે એ સમજાય છે. આ બધાં ગીત યુટ્યુબ પર ઉપલબ્ધ છે. સાંભળવાનું ચૂકશો નહીં. ■




મહેશ નાણાવટી

# સલીમ ખાનની પોતાની ‘ટ્રેજિ-કોમિક’ કહાની!

**સલીમ-જાવેદની** જોડીવાળા સલીમ ખાન આમ તો મોટેભાગે લાઈમ લાઈટમાં રહેતા નથી, જેટલા જાવેદ અખ્તર અલગ અલગ પ્લેટફોર્મ ઉપર દેખાયા કરતા હોય છે.

થોડા સમય પહેલાં સલીમ-જાવેદની જોડી ઉપર બનેલી એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ આવી ગઈ, પરંતુ સલીમ ખાન ક્યારેક પોતે પોતાની જિંદગીના અમુક એવા કિસ્સા પણ શેર કરી લે છે, જેમાં એમની પોતાની હાલત પતલી થઈ ગઈ હોય.

સલીમ મિંયા પોતે જ કહે છે કે જ્યારે એ લખનઉ છોડીને મુંબઈમાં એક્ટર બનવા માટે આવ્યા ત્યારે દોસ્તોને એમ કહીને નીકળ્યા હતા કે ‘દિલીપકુમાર કી છૂટી કર દુંગા!’

જોકે એવું થયું નહીં. આમ તો એ દેખાવે ખાસ્સા રૂપાળા હતા એટલે શરૂઆતમાં નાના મોટા રોલ મળ્યા પણ ખરા, જેમાં ‘પ્રોફેસર’ (૧૯૬૨)માં એમને મુખ્ય વાર્તાના સબ-પ્લોટમાં એક દગાબાજ પ્રેમીનો રોલ મળેલો. ત્યાર બાદ શમ્મી કપૂરની જ ફિલ્મ ‘તીસરી મંઝિલ’ (૧૯૬૬)માં એ ‘આજા આજા મૈં હું પ્યાર તેરા...’ ગાયનમાં ડ્રમ વગાડતા દેખાયા હતા. જોકે એમાં એમનો રોલ થોડો મહત્ત્વનો હતો, પરંતુ ફિલ્મની લંબાઈ સાચવવામાં એમનાં દૃશ્યો પર કાતર ફરી ગઈ.

એ પછી સલીમ ખાનને સાવ મામૂલી રોલ મળતા હતા, પરંતુ આખરે એમણે એક્ટિંગને શા માટે અલવિદા કરવી પડી એના કિસ્સા સંભળાવતા સલીમ ખાન આજે પણ અચકાતા નથી.

કિસ્સો રાજકપૂરની ફિલ્મ ‘દીવાના’ (૧૯૬૭)ના શૂટિંગ વખતનો છે. એના ડિરેક્ટર મહેશ કૌલ હતા. સલીમ ખાનનો નાનકડો નેગેટિવ રોલ હતો. દૃશ્ય એવું હતું કે રાજકપૂરની હાજરીમાં ચાર પાંચ ગુન્ડાઓ સલીમને ઘેરી વળે છે ત્યારે સલીમ ખાને ગભરાઈને ગળેથી થૂંક ઉતારતા હોય એવા હાવભાવ આપવાના હતા.

શૂટિંગનું યુનિટ સવારથી તૈયાર હતું. રાજકપૂરની રાહ જોવાઈ રહી હતી. ખબર મળ્યા કે રાજ સાહેબ આવી રહ્યા છે એટલે આસિસ્ટન્ટ ડિરેક્ટર સલીમ ખાનને તૈયાર રહેવા માટે પૂછે છે :

‘કેમેરા કે સામને ક્યા કરેગા?’

સલીમ ખાને ગળે થૂંક ઉતારવાની એક્શન કરી બતાડી પછી રાજ સાહેબની રાહ જોવાઈ રહી છે... ફોન આવ્યો કે રાજ સાહેબ નીકળી ગયા છે. પેલો આસિસ્ટન્ટ આવીને સલીમ ખાનને પૂછે છેઃ ‘ક્યા કરેગા?’ સલીમ ખાન થૂંક ગળી બતાડે છે...



આવું તો કંઈ દસ-બાર વખત ચાલ્યું. એમ કરતાં કરતાં બપોરનો એક વાગી ગયો. સલીમ ખાનને લાગી હતી ભૂખ! એવામાં રાજ સાહેબ આવી ગયા... શોટ ગોઠવાયો... ગુન્ડાઓ ઘેરી વળ્યા... પણ સલીમ ખાનના ગળેથી થૂંક જ ના ઊતરે!

રિ-ટેક પર રિ-ટેક ચાલ્યા! સલીમ ખાને છેવટે કહ્યું ‘થોડું પાણી આપો તો કામ થઈ જશે.’ એમને પાણી આપવામાં આવ્યું. સલીમ ખાને શોટ વખતે પાણી તો થૂંકની જેમ ગળે ઉતાર્યું , પણ એ પછી જે સંવાદ બોલવાનો હતો એના ગળે અટકાવેલું પાણી બહાર નીકળી આવ્યું!

બીજી એક ફિલ્મમાં એક રજવાડી પ્રિન્સ ટાઈપનો નાનો રોલ હતો. એના માટે એમને છેક પગની પિંડી સુધી આવે એવા ઊંચા બૂટ પહેરવાના હતા. પ્રોડક્શનના માણસે ખબર નહીં, ક્યાંથી એવા ભાડાના બૂટ મંગાવ્યા હતા જે ‘બે સાઈઝ’ નાના હતા! સલીમ ખાન દલીલ કરતા રહ્યા કે ‘આ મારા માપના નથી...’ પણ પ્રોડક્શનના માણસોએ જબરદસ્તી એમાં જોર કરીને પગ ઘૂસાડી દીધા!

આ આખી વાતની કરુણતા એ હતી કે કેમેરાની ફ્રેમમાં તો એ જૂતાં દેખાવાના પણ નહોતાં! અતિશય ટાઈટ જૂતાં પહેરીને સલીમ ખાન સાંજ સુધી શૂટિંગમાં રહ્યા. ત્યાં સુધીમાં તો પગનું લોહી નીચે ઊતરીને જામવા માંડ્યું હતું. રાત્રે શિફટ પતી પછી સલીમ ખાને જાતે જૂતાં ઉતારવાની કોશિશ કરી. બીજા એક બે જણાએ પણ કોશિશ કરી જોઈ છતાં જૂતાં નીકળવાનું તો શું, ચસકવાનું પણ નામ લેતા નહોતા!

આખરે સ્ટુડિયોમાંથી સૌ રવાના થઈ ગયા ત્યારે સલીમ ખાન એવા જ સુજેલા પગ સાથે નાના નાનાં પગલાં ભરતાં ઘરે પહોંચ્યા. ઘરે એક નોકર હતો (જે એમની પત્ની સાથે દહેજમાં આવ્યો હતો) એણે પણ બહુ કોશિશ કરી, છતાં બૂટ ચસક્યા નહીં!

હવે એક જ ઉપાય હતો કે ટાંટિયા ઊંચા રાખીને આખી રાત પસાર કરવી! બીજા દિવસે શૂટિંગમાં દૃશ્ય પત્યું ત્યારે એ જૂતાં કાતર વડે કાપીને કાઢવા પડ્યા...! બસ, તે દિવસથી સલીમ ખાને કસમ ખાધી કે હવે પછી હું એક્ટિંગ નહીં કરું!

જોકે એક રીતે સારું જ થયું કે એમણે એક્ટિંગ છોડી દીધી, નહીંતર હિન્દી ફિલ્મોને આટલો સારો સ્ક્રિપ્ટ રાઈટર ક્યાંથી મળ્યો હોત?

સલીમ-જાવેદની જોડીને પહેલી ફિલ્મ ‘હાથી મેરે સાથી’ મળી હતી, જે હકીકતમાં એક તામિલ ફિલ્મની રિમેક હતી. ત્યાર બાદ ‘અંદાઝ’ (રાજેશ ખન્ના, હેમામાલિની અને શમ્મીકપૂર) તથા ‘સીતા ઔર ગીતા’ આવી. જોકે ‘અંદાઝ’ એક ફ્રેન્ચ ફિલ્મથી પ્રેરિત હોવાનું શમ્મીકપૂરે એક ઈન્ટરવ્યૂમાં કબૂલ કરેલું. વળી ‘અંદાઝ’ની પટકથામાં સચિન ભૌમિકનો ફાળો હતો અને સંવાદોમાં ગુલઝાર સાહેબનો પણ હાથ ફર્યો હતો. (ક્રેડિટ ટાઈટલ્સમાં ગુલઝારનું નામ પણ છે.) એ જ રીતે ‘સીતા ઔર ગીતા’ તો ‘રામ ઔર શ્યામ’નું ફિમેલ વર્ઝન હતું!

જોકે, આ બધા વચ્ચે ‘જંજીર’ એક એવી ફિલ્મ હતી જેનાથી સલીમ-જાવેદનો સિક્કો બરાબર જામી ગયો હતો. આની સ્ક્રિપ્ટ વિશે તો ઘણી જાણીતી વાતો છે કે અમિતાભ બચ્ચનને મુખ્ય રોલ મળ્યો એ પહેલાં દિલીપકુમાર, દેવઆનંદ, રાજકુમાર અને ધર્મેન્દ્ર જેવા મોટા સ્ટાર્સને આ સ્ટોરી સંભળાવેલી, પણ કોઈને કોઈ કારણસર એમની સાથે વાત જામી નહીં.

જોકે એક ઓછો જાણીતો કિસ્સો એવો છે કે સલીમ-જાવેદે આ આખી સ્ટોરી એક નાના બજેટની ફિલ્મો બનાવનારા પ્રોડ્યુસરને પણ સંભાળાવી હતી. એ માણસે આખેઆખી સ્ક્રિપ્ટ ખૂબ જ ધ્યાનથી સાંભળીને કહ્યું હતું ‘સચ બતાઉં તો યે બડી જબરદસ્ત કહાની હૈ! મુઝે બહોત પસંદ ભી આઈ હૈ, મગર મૈં ઈસ પે ફિલ્મ નહીં બનાઉંગા.’


સલીમ- જાવેદે પૂછ્યું : ‘કેમ?’ તો એ સજ્જને બહુ ઈમાનદારીથી જવાબ આપેલો : ‘ક્યું કી ઐસી ફિલ્મ પહેલે આઈ નહીં હૈ!.’

-આજે ‘સિકવલો’ અને ‘રિમેક’માં બોલિવૂડ જે ખરાબ રીતે અટવાયું છે એનું મૂળ કારણ આ જ છે! ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# આ સિંઘમ પેલા ખિલાડીને ડિરેક્ટ કરશે





આ વર્ષાંતના કદાચ સહુથી એક્સાઈટિંગ ન્યૂઝ આવી ગયા છે. ‘સિંઘમ’ હવે ‘ખિલાડી’ને ફિલ્મમાં ડિરેક્ટ કરવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો અજય દેવગણ હવે અક્ષય કુમારને એક ફિલ્મમાં ડિરેક્ટ કરશે.

દિલ્હીમાં આયોજિત એક સમારંભમાં અજય દેવગણે આ વાત કહી છે. અજયના કહેવા અનુસાર હજી તો ફિલ્મની વાર્તા વિષે ચર્ચા ચાલી રહી છે, પરંતુ અહીં રસપ્રદ વાત એ છે કે આ બંને એક્શન અને કૉમેડીના બાદશાહ છે. જ્યારે આ બંને એક જ ફિલ્મમાં અલગ અલગ જવાબદારી સંભાળશે ત્યારે એ ફિલ્મ એક્શન હશે કે કૉમેડી કે ક્યાંક બંને ન પણ હોય?!

અજય અને અક્ષયની રિયલ લાઈફની દોસ્તીની ઝલક અને એ પણ બંનેના જબરદસ્ત કૉમિક ટાઈમિંગ સાથે તો ‘સુહાગ’માં જ જોવા મળી હતી (૧૯૯૪). બૉક્સ ઑફિસની માંગને ધ્યાનમાં લેતાં અજય-અક્ષયની આ આગામી ફિલ્મ એક્શન+કૉમેડી જ હશે એવું ફિલ્મજગતના જાણભેદુઓ કહી રહ્યા છે. જોઈએ...

# ઉતાવળિયો થયો છે આ બાગી-૪?




ટાઈગર શ્રોફની ‘બાગી’ સિરીઝની ચોથી ફિલ્મનું પોસ્ટર આવી ગયું છે. અગાઉના ત્રણ ભાગને કોઈ નોંધનીય સફળતા મળી નથી. આમ છતાં, ટાઈગરનો એક ખાસ ફેન બેઝ છે એને આ સિરીઝે ઘેલું જરૂર લગાવ્યું છે. હવે બાગી સિરીઝના ચોથા ભાગનું પોસ્ટર જોઈએ તો એવું લાગે છે કે રણબીર કપૂરની ‘એનિમલ પાર્ક’ની પહેલાં આ ‘ચોથા બાગીએ’ આવી જવું છે.

કેવી રીતે? ચાલો જાણીએ. જેણે પણ ફિલ્મ ‘એનિમલ’ જોઈ હશે, તેમાં સહુથી છેલ્લે ‘પોસ્ટ ક્રેડિટ સીન’માં રણબીર કપૂરનો એક ડુપ્લિકેટ દેખાડવામાં આવ્યો છે, જે પોતાના દુશ્મનો સાથે અનહદ હિંસાચાર આચરે છે અને ત્યાં જ ‘એનિમલ’ ફિલ્મ પૂરી થાય છે ને ‘એનિમલ પાર્ક’ની જાહેરાત થાય છે.

આ પોસ્ટ ક્રેડિટ સીનમાં રણબીર કપૂરે જે લૂક અપનાવ્યો છે અને ખાસ કરીને એના હાથમાં જે ફરસા ટાઈપ હથિયાર દેખાડ્યું છે એવું જ અદલોદલ ‘બાગી ફોર’ના પોસ્ટરમાં ટાઈગર શ્રોફના હાથમાં છે અને આસપાસ લોહીના છાંટા ઊડ્યા છે.! આથી એક પ્રશ્ન મનમાં એ ઉદ્‌ભવે કે શું ‘બાગી ફોર’ના પ્રોડ્યુસર્સ અને ડિરેક્ટર ફટાફટ ‘એનિમલ’ પાર્ક ટાઈપનું પાત્ર પોતાની ફિલ્મમાં રજૂ કરી એની પાસે અનહદ હિંસા કરાવી રણબીરની આગામી ફિલ્મની હવા કાઢી નાખવા માગે છે?

લાખ ટકાનો પ્રશ્ન એ છે કે શું ‘બાગી ફોર’વાળા ‘એનિમલ’ના દિગ્દર્શક સંદીપ રેડ્ડી વંગા ટાઈપ જેવાં હિંસક દૃશ્યો સરજી શકશે ખરા?

# નયનતારાએ ‘ધનુષ’ ચડાવ્યું!



દક્ષિણ ભારતના ફિલ્મ ઉદ્યોગમાં એક લેટેસ્ટ કૉન્ટ્રોવર્સી ખડી થઈ છે. ‘નેટફ્લિક્સ’ની એક ડૉક્યુમેન્ટ્રી છેઃ ‘નાનુમ રાઉડી ધાન’. આના માટે એની પ્રોડ્યુસર અને દક્ષિણની અતિવિખ્યાત અભિનેત્રી નયનતારાએ આ જ નામની ફિલ્મના સહકલાકાર - એ ફિલ્મના પ્રોડ્યુસર અને રજનીકાંતના જમાઈ એવા ધનુષ પાસે તેનાં ગીત- ફોટા, ઈત્યાદિનો ઉપયોગ કરવા દેવા માટે પરવાનગી - એન.ઓ.સી. માગી હતી, પરંતુ ધનુષે તો નયનતારાની વારંવારની માંગણી પર પહેલાં તો ધ્યાન ન આપ્યું અને પછી ન જાણે કેમ એને પરવાનગી આપવાની ઘસીને ‘ના’ પાડી દીધી. પોતે આ ફિલ્મની સહકલાકાર હોવા ઉપરાંત એ ફિલ્મ પોતાના હૃદયની એકદમ નજીક હોવાથી નયનતારાને ખૂબ લાગી આવ્યું. એણે સોશિયલ મીડિયા પર ધનુષને ખુલ્લેઆમ પત્ર લખ્યો, જેમાં પોતાને પરવાનગી ન આપવા માટે આક્રમક શબ્દોમાં ફટકાર્યો .... તો સામે છેડે ધનુષ પણ ચૂપ નથી રહ્યો. એની પરવાનગી વગર ડૉક્યુમેન્ટ્રીમાં અમુક ગીત- ફોટાઓ વગેરેનો ઉપયોગ કરવા માટે એણે નયનતારા અને એની કંપની પર ૧૦ કરોડ રૂપિયાનો નુકસાનીનો દાવો ફટકારી દીધો છે!

પરવાનગી જેવી આટલી અમથી વાતમાં ક્યાં કારણોસર અહમ વચ્ચે લાવીને આ બંને લોકપ્રિય સ્ટાર્સને શું મળ્યું હશે એ તો ભગવાન તિરુપતિ જ જાણે! ■

**કટ એન્ડ ઓકે..**

*‘જ્યારે ‘કરન-અર્જુન’માંથી અજય દેવગણે વિદાય લીધી પછી મેં સલમાનને કાસ્ટ કર્યો ત્યારે ડિસ્ટ્રિબ્યુટર્સ એમ કહીને ખસી ગયા કે બબ્બે રોમેન્ટિક હીરોને લઈને એક્શન ફિલ્મ બનાવાતી હશે?’*

*- ‘કરન-અર્જુન’ ફિલ્મની રિ-રિલીઝ પહેલાં પોતાના અનુભવો વાગોળે છે રાકેશ રોશન.*

---

*(એક આડ વાતઃ ‘કરણ-અર્જુન’ની સિક્વલ જો રાકેશ રોશન બનાવે તો એ કોને પસંદ કરે... હ્રિતિક અને કાર્તિકને?!)*

મહાયુતિ ને એમવીએ બંનેને એવો અંદાજ છે કે...

# સત્તા માટે પનો ટૂંકો પડશે, એટલે અપક્ષોની બોલબાલા

## બંને ગંઠબંધનના નેતાઓએ બળવાખોરો અને અપક્ષોનો સંપર્ક સાધવાની કરી શરૂઆતઃ અત્યારથી જ અપક્ષો માટે હેલિકૉપ્ટર અને ખાનગી વિમાનોનું બુકિંગ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મતદાન પૂર્ણ થયા બાદ મહા વિકાસ આઘાડી માં સત્તાની ત્રિરાશી માંડવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. એક વરતારા અનુસાર રાજ્યમાં ત્રિશંકુ વિધાનસભાની સંભાવના છે. કેવી રીતે સત્તા મેળવી શકશે અંગે પણ તમામ પક્ષોએ ગણતરી આરંભી દીધી છે. શિંદે શિવસેનાના પ્રવક્તા અને ધારાસભ્ય સંજય શિરસાટે કહ્યું કે, મને વિશ્વાસ છે કે રાજ્યમાં મહાયુતિ જ સત્તામાં આવશે.' આ દરમિયાન અનેક એક્ઝિટ પોલ મુજબ અપક્ષ વિધાનસભ્યો સરકાર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેમ માનવામાં આવી રહ્યું છે.

સંજય શિરસાટને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું કે, કોઈપણ ચૂંટણી બાદ રાજ્યમાં ૨૦થી ૩૦ અપક્ષ વિધાનસભ્યો હોય છે. જોકે, તેમાંથી મોટાભાગના વિવિધ પક્ષના બળવાખોર ઉમેદવાર હોય છે. જો કોઈને બહુમતી ન મળે તો અપક્ષોની જરૂર પડે છે. કોઈ પક્ષ બહુમતીની નજીક આવે ત્યારે અપક્ષ વિધાનસભ્યો તેમની તરફ નમી જાય છે. આ અપક્ષ વિધાનસભ્યો બહુમતીની નજીક પહોંચી ગયેલા પક્ષ અથવા જોડાણ સાથે તાબડતોબ જોડાય છે. મને ખાતરી છે કે રાજ્યમાં બહુમતીની સરકાર બનશે. પરંતુ સરકાર બનાવવા માટે જો અમને બે-ચાર વિધાનસભ્યોની જરૂર પડશે તો અપક્ષ વિધાનસભ્ય અમને સહકાર આપશે. અમે અપક્ષ વિધાનસભ્યોના સમર્થનથી સરકાર બનાવીશું. કેટલાક અપક્ષ વિધાનસભ્યો પહેલેથી જ (જુઓ પાનું ૪) ▶▶

### બદલાઈ શકે છે સત્તાનાં સમીકરણો

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો આવ્યા બાદ કોણ કોની સાથે હશે તે કહી ન શકાય એમ એનસીપીના નેતા અને માજી પ્રધાન નવાબ મલિકે થોડા દિવસ પહેલાં જ જણાવ્યું હતું. મતદાન પાર પડ્યા બાદ ફરી એકવાર પરિણામ બાદ ચિત્ર કેવું હશે એની ચર્ચા શરૂ થઈ ગઈ છે. શિંદે જૂથના નેતા અને પ્રવક્તા સંજય શિરસાટને પણ આ સવાલ કરવામાં આવતા તેમણે આ સંભાવનાનું સમર્થન કર્યું હતું,

વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ એકનાથ શિંદેને મુખ્ય પ્રધાનપદ ન આપવામાં આવે અને તેમણે ગૌણ ભૂમિકા ભજવવી પડે તો (જુઓ પાનું ૪) ▶▶



**સલામતી**...મુંબઈમાં ઈવીએમ સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવ્યા છે ત્યારે દાદરની એન્ટોનિઓ ડીસિલ્વા સ્કૂલના સ્ટ્રોંગરૂમની બહાર બંદોબસ્ત. (જયપ્રકાશ કેળકર)

# પરિણામો પહેલા જ સીએમની ખુરશી માટે

## કૉંગ્રેસ અને ઉદ્ધવ-સેનામાં રકઝક શરૂ

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીના મતદાનના એક દિવસ બાદ કૉંગ્રેસી નેતા નાના પટોલેએ કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની મહાવિકાસ આઘાડી (એમવીએ)ની સરકાર બનશે, પરંતુ પટોલેના આ નિવેદનથી એમવીએનો સાથી પક્ષ શિવસેના (યુબીટી) ખુશ ન હોય એવું જણાયું હતું, કારણ કે તેના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે મુખ્યપ્રધાનનો ચહેરો સાથી પક્ષો સાથે ચર્ચા કરીને નક્કી કરવામાં આવશે.

'મહારાષ્ટ્રમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની મહાવિકાસ આઘાડીની સરકાર સત્તા પર આવશે. કૉંગ્રેસને વધુ બેઠકો મળશે એવા સંકેત (જુઓ પાનું ૪) ▶▶

### સીએમ કોણ?

### મહાયુતિના નેતાઓ સુષ્ઠુ-સુષ્ઠુ બોલે છે

મુંબઇઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનું પરિણામ શનિવારે (૨૩ નવેમ્બર) જાહેર થશે. મહારાષ્ટ્ર સહિત દેશભરના લોકો આ પરિણામની રાહ જોઈ રહ્યા છે. આ ચૂંટણીના પરિણામોના એક્ઝિટ પોલ પણ બહાર આવી ચૂક્યા છે. આ પોલ પ્રમાણે મહાયુતિનું પલ્લું ભારે દેખાઈ રહ્યું છે. જોકે, ૨૦૧૯ની ચૂંટણીમાં લગભગ તમામ એક્ઝિટ પોલ ખોટા સાબિત થયા હતા. જેના કારણે આ વર્ષે શું પરિણામ આવશે તે અંગે લોકોની ઉત્સુકતા (જુઓ પાનું ૪) ▶▶

# મતદાન વધ્યું, સરકાર બદલાઈ...

### ૨૯ વર્ષના રેકોર્ડ બ્રેક વોટિંગના સાક્ષી મહારાષ્ટ્રમાં આવી પેટર્ન હંમેશા જોવા મળી છે : જોકે ૨૦૦૪ની ચૂંટણી આમાં અપવાદ છેઃ આ વખતે શું બનશે એ તો આવતી કાલે ખબર પડી જ જશે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૨૮૮ સીટ પર બુધવારે એક જ તબક્કામાં અને ઝારખંડમાં બીજા તબક્કામાં ૩૮ સીટ પર મતદાન થયું અને હવે શનિવારે મતગણતરી થશે. એક્ઝિટ પોલ અનુસાર મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ભાજપ ગઠબંધન હેઠળની સરકાર બની શકે છે. આમ છતાં મહારાષ્ટ્રમાં વોટિંગ પેટર્નના કંઈક અલગ જ સંકેતો આપે છે. મહારાષ્ટ્રમાં મતદાનમાં છેલ્લા ૨૯ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે.

ઉપલબ્ધ આંકડા મુજબ મહારાષ્ટ્રમાં ૬૫ ટકાથી વધુ મતદાન થયું છે. મહારાષ્ટ્રના મતદાનના આંકડા વર્ષ ૧૯૯૫ બાદ વિધાનસભા કે લોકસભાની ચૂંટણી કરતાં વધુ છે. ૧૯૯૫માં મહારાષ્ટ્ર ચૂંટણીમાં ૭૧.૭ ટકા મતદાન થયું હતું, પરંતુ ત્યાર બાદ વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની ૬૫ ટકા મતદાન થયું નથી. વર્ષ ૨૦૧૯માં ૬૧.૪ ટકા, (જુઓ પાનું ૪) ▶▶

# આને કહેવાય આત્મવિશ્વાસઃ શરદ પવારના ઉમેદવારે પરિણામ પહેલા વિજયી રેલી કાઢી

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો તો શનિવારે આવવાના છે, પણ આ પહેલા સમગ્ર રાજ્યમાં ઉમેદવારોના હૃદયના ધબકારા વધી ગયા છે. એક્ઝિટ પોલમાં બરાબરની લડાઈ દર્શાવ્યા બાદ ઉમેદવારોનો તણાવ વધી ગયો છે.

દરમિયાન, શરદ પવારના એનસીપીના વિધાન સભ્ય ઉમેદવારે પરિણામો પહેલા જ વિજય સરઘસ કાઢ્યું હતું. તેમના સમર્થકોએ તેમના વિસ્તારમાં તેમની જીતના પોસ્ટર પણ લગાવ્યા છે. આ મામલો પુણેની ખડકવાસલા સીટનો છે. એનસીપી-એસપી ઉમેદવાર સચિન દોડકે અહીંથી વિજયી સરઘસ કાઢી ચૂક્યા છે. તેમના સમર્થકોએ તેમને તેમના ખભા પર બેસાડ્યા હતા અને ઢોલનગારા સાથે તેમનું વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું.

સચિન દોડકે ખડકવાસલા બેઠક પર ભાજપના ભીમરાવ તાપકર અને એમએનએસના મયુરેશ વાંજલે સામે મેદાનમાં ઉતર્યા છે. ભાજપના ભીમરાવ અહીંના સિટીંગ વિધાનસભ્ય છે. ભાજપે તેમના પર વિશ્વાસ વ્યક્ત કરીને તેમને ફરીથી ટિકિટ આપી હતી. સચિન દોડકે પણ ૨૦૧૯ની ચૂંટણી લડ્યા હતા, પરંતુ તેઓ માત્ર ૨૫૦૦ મતોના માર્જિનથી હારી ગયા હતા.

આ ચૂંટણીમાં એમએનએસએ તેના પૂર્વ વિધાનસભ્ય રમેશ વાંજલેના પુત્ર મયુરેશને મેદાનમાં ઉતાર્યા હતા. શરૂઆતથી જ એક વાત તો સ્પષ્ટ જ હતી કે કટોકટની લડાઈ છે. પરિણામ શું આવશે તે સ્પષ્ટ નથી અને બધા ૨૩મી તારીખની રાહ જોઈ રહ્યા છીએ. છતાં સચિન દોડકેને એટલો વિશ્વાસ છે કે તેમણે વિજયી સરઘસ કાઢ્યું (જુઓ પાનું ૪) ▶▶

# વધેલા મતદાનનો ફાયદો મહાયુતિને જઃ ફડણવીસ

મુંબઇઃ મહારાષ્ટ્રમાં વિધાન સભાની કુલ ૨૮૮ બેઠકો માટેનું મતદાન પૂરું થઇ ગયું છે. એક્ઝિટ પોલ પણ આવી ગયા છે. રાજ્યમાં સરેરાશ ૫૮.૫૭ ટકા મતદાન નોંધાયું છે. મતદાનની ટકાવારી વધી છે. તેમણે જણાવ્યું છે કે મતદાનની ટકાવારી વધવાનો ફાયદો મહાયુતિ (જુઓ પાનું ૪) ▶▶

# દસમા-બારમાની પરીક્ષા આઠથી દસ દિવસ વહેલી

## દસમાની ૨૧મી અને બારમાની ૧૧મી ફેબ્રુઆરીથી ઍક્ઝામ

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ (સ્ટેટ બોર્ડ) તરફથી લેવામાં આવનારી બારમા (એચએસસી) અને દસમા (એસએસસી)ની પરીક્ષાનું ટાઇમટેબલ જાહેર કરવામાં આવ્યું છે.

બારમાની લેખિત પરીક્ષા ૧૧મી ફેબ્રુઆરીથી ૧૮મી માર્ચ, ૨૦૨૫ દરમિયાન જ્યારે દસમાની લેખિત પરીક્ષા ૨૧મી ફેબ્રુઆરીથી ૧૭મી માર્ચ, ૨૦૨૫ સુધી લેવામાં આવનાર છે. દર વર્ષની સરખામણીએ આ વર્ષે આઠથી દસ દિવસ પરીક્ષા વહેલી લેવાઇ રહી છે.

સ્ટેટ બોર્ડના સચિવ દેવિદાસ કુલ્હાળ દ્વારા ઉક્ત ટાઇમટેબલ જાહેર કરવામાં આવ્યું હતું. સ્ટેટ બોર્ડના ટાઇમટેબલ પ્રમાણે બારમા ધોરણની પ્રેક્ટિકલ, વાઇવા (મૌખિક) પરીક્ષા ૨૪મી જાન્યુઆરીથી ૧૦મી ફેબ્રુઆરીથી ફેબ્રુઆરી સુધી તથા દસમાની પ્રેક્ટિકલ, વાઇવા સહિતની પરીક્ષાઓ ત્રીજીથી વીસમી ફેબ્રુઆરી સુધી લેવામાં આવશે.

વિષયો સહિતનું ચોક્કસ ટાઇમટેબલ ૨૧મી નવેમ્બરથી સ્ટેટ બોર્ડની http://www.mahasscboard.in વેબસાઇટ પર ઉપલબ્ધ કરાયું છે. આ વેબસાઇટ પર જાહેર કરવામાં આવેલું ટાઇમટેબલ ફક્ત માહિતી માટે હશે. કોલેજ-સ્કૂલોમાં લેખિતમાં મોકલવામાં આવનાર ટાઇમટેબલ જ ફાઇનલ હશે. તેના પ્રમાણે વિદ્યાર્થીઓએ પરીક્ષાની તારીખની ખાતરી કરવાની રહેશે. ■

### પરીક્ષા કેમ વહેલી લેવામાં આવશે?

દર વર્ષે બારમાની પરીક્ષા ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયામાં તથા દસમાની પરીક્ષા માર્ચના પ્રથમ અઠવાડિયામાં શરૂ થતી હોય છે. ત્યાર બાદ મે-જૂનમાં રિઝલ્ટ જાહેર કરવામાં આવે છે. ત્યાર બાદ એડમિશનની પ્રક્રિયા શરૂ થતી હોય છે. આ સિવાય નિયમિત પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની ફેરપરીક્ષા જુલાઇ-ઑગસ્ટમાં થતી હોય છે. આ તમામ પ્રક્રિયામાં લાગતો સમય, વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે સમય મળવો, એડમિશન પ્રક્રિયા જલદીથી પૂર્ણ કરવા માટે સ્ટેટ બોર્ડ દ્વારા બારમા-દસમાની પરીક્ષા આઠથી દસ દિવસ જલદીથી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ■

# આવી ગયો શિયાળોઃ પારો ૧૮.૫ સુધી નીચે ઊતર્યો

## મોસમનું અત્યાર સુધીનું અને છેલ્લા સાત વર્ષમાં બીજા નંબરનું સૌથી નીચું તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાએ ગુરુવારે વહેલી સવારે ચાલુ મોસમમાં પહેલી વખત શિયાળાની હળવી ઠંડીનો અનુભવ કર્યો હતો. ગુરુવારે સવારના મુંબઈમાં તાપમાનનો પારો ૧૮.૫ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો, જે મોસમનું અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન રહ્યું હતું. તો છેલ્લા સાત વર્ષમાં નવેમ્બર મહિનામાં બીજા ક્રમનું સૌથી નીચું તાપમાન રહ્યું હતું. આ અગાઉ ૨૦૨૨ સૌથી નીચું તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું હતું. તો સમગ્ર રાજ્યમાં નાશિક પાસેના નિફાડમાં સૌથી નીચું તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું હતું.મુંબઈ છેલ્લા અનેક દિવસોથી તાપમાનનો પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે. છેલ્લા એક પખવાડિયામાં ચારથી પાંચ વખત પૂરા રાજ્યમાં સૌથી વધુ ગરમ રહ્યું છે અને મહત્તમ તાપમાનનો પારો સતત ૩૫થી ૩૬ ડિગ્રીની આસપાસ તો લઘુતમ તાપમાનનો પારો ૨૪થી ૨૫ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો હતો. જોકે છેલ્લા બે-ત્રણ દિવસથી લઘુતમ તાપમાનમાં હળવો ઘટાડો જણાયો હતો, જેમાં ગુરુવારે સવારના મુંબઈના સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાનનો પારો ૧૮.૫ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો, જે સામાન્ય કરતા ૨.૧ ડિગ્રી ઓછું હતું. તો કોલાબામાં લઘુતમ તાપમાન ૨૩ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૦.૧ ડિગ્રી ઓછું હતું.

આ દરમિયાન દિવસનું તાપમાન પણ સામાન્ય કરતા નીચું રહ્યું હતું. કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૩ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૪.૩ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતા અનુક્રમે ૦.૯ ડિગ્રી અને ૦.૪ ડિગ્રી જેટલું નીચું હતું. હવામાન વિભાગે દિવસનું તાપમાન ૩૩થી ૩૪ ડિગ્રીની આસપાસ અને લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. હવામાન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ નવેમ્બર મહિનામાં મોસમી પવનોની દિશા બદલાતી હોય છે અને લઘુતમ તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો થતો હોય છે. જોકે મુંબઈ દરિયા કિનારે છે અને તેના વાતાવરણ પર પૂર્વીય પવનોની ભારોભાર અસર રહેતી હોય છે. તેથી તાપમાનમાં વધારો-ઘટાડો થઈ શકે છે. આગામી દિવસોમાં લઘુતમ તાપમાન ૧૯થી ૨૦ ડિગ્રીની આસપાસ સ્થિર રહી શકે છે. ■

### મહાબળેશ્વરમાં ૧૨.૫ ડિગ્રી

સમગ્ર રાજ્યમાં મધ્ય મહારાષ્ટ્રમાં ઠંડીનું મોજું ફરી વળ્યું હોય એમ તમામ જિલ્લામાં લઘુતમ તાપમાનનો પારો ૧૨ થી ૧૪ ડિગ્રીની આસપાસ નોંધાયો હતો, જેમાં નિફાડમાં તાપમાનનો પારો ૧૧ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો. પુણેમાં ૧૨.૨ ડિગ્રી, અહમદનગરમાં ૧૨.૩ ડિગ્રી, હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૧૨.૫ ડિગ્રી, માલેગાંવમાં ૧૪.૨ ડિગ્રી, નાશિકમાં ૧૨.૪ ડિગ્રી, સતારામાં ૧૩.૬ ડિગ્રી, સાંગલીમાં ૧૪.૯ ડિગ્રી નોંધાયો હતો. તો વિદર્ભના અમરાવતીમાં ૧૫.૨ ડિગ્રી, બ્રહ્મપુરીમાં ૧૪.૦ ડિગ્રી, ગોંદિયામાં ૧૩.૪ ડિગ્રી અને અકોલામાં ૧૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

બદલાપુર પછી ઉલ્હાસનગર?

### ત્રણ દિવસથી ગુમ બાળકીનો બળેલો મૃતદેહ મળતાં ખળભળાટ

થાણેઃ ઉલ્હાસનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ગુમ ત્રણ વર્ષની બાળકીનો અડધો બળેલો મૃતદેહ મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. બાળકીના મૃતદેહને હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે ગુનો નોંધીને તપાસ આદરી હતી.

ઉલ્હાસનગર કેમ્પ નંબર-પાંચમાં હિલલાઇન પોલીસ સ્ટેશન નજીક આ ઘટના બની હતી. બાળકી છેલ્લા ચાર દિવસથી ગુમ હતી. પરિવારજનો દ્વારા શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ જ પત્તો લાગ્યો નહોતો. આખરે ગુરુવારે બાળકીનો મૃતદેહ હિલલાઇન પોલીસ સ્ટેશનની પાછળના ભાગમાંથી મળી આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. અર્ધ બળેલા મૃતદેહને લીધે બદલાપુરવાળી થયાની અટકળો પણ લગાવાઇ રહી છે.

ડેપ્યુટી પોલીસ કમિશનર સચિન ગોરેએ જણાવ્યું હતું કે ૧૮ નવેમ્બરે બાળકી ગુમ થઇ હતી અને આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. પોલીસ ટીમ બાળકીની શોધ ચલાવી રહી હતી ત્યારે તેનો અડધો બળેલો મૃતદેહ ગુરુવારે મળી આવ્યો હતો. ■

### માલદીવ્ઝમાં નોકરીમાં ફસાયેલા ભાયંદરના ગુજરાતીને પાછો લવાયો



થાણેઃ ભાયંદરના ગુજરાતી યુવકને માલદીવ્ઝના રિસોર્ટમાં શૅફ તરીકે કામ કરવા દરમિયાન શોષણ અને બળજબરીથી મજૂરી કરવા માટે ફરજ પાડવામાં આવી હતી. જોકે પોલીસની જહેમતથી આખરે તેને ભારતમાં પાછો લાવવામાં સફળતા મળી છે.

માલદીવ્ઝના ભારતીય હાઇ કમિશન સાથે સહયોગમાં મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસની 'ભરોસા સેલ'ના પ્રયાસોને કારણે ૨૪ વર્ષના મન પારેખનું ભાયંદરમાં પોતાના પરિવારજનો સાથે મિલન શક્ય બન્યું હતું.

આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ક્રાઇમ) મદન ભલ્લાળે જણાવ્યું હતું કે ગયા વર્ષે ડિસેમ્બરમાં મન પારેખ માલદીવ્ઝ ગયો હતો અને ત્યાંના એક રિસોર્ટમાં શૅફ તરીકે નોકરી સ્વીકારી હતી. સ્થાનિક એજન્ટ દ્વારા આ નોકરી ગોઠવવામાં આવી હતી. જોકે માલદીવ્ઝમાં ગયા બાદ તેનું શોષણ કરાતું હતું અને બળજબરીથી મજૂરી કરાવવામાં આવતી હતી. આથી તે અટવાઇ ગયો હતો. તેને દિવસમાં ૨૦ કલાકથી વધુ કામ કરવાની ફરજ પાડવામાં આવતી હતી. તેને જમવાનું પણ હલકી ગુણવત્તાનું આપવામાં આવતું હતું. કોઇ સુવિધાઓ પણ તેને અપાતી નહોતી. આથી મન પારેખ ત્રાસી ગયો હતો, એમ ભલ્લાળે કહ્યું હતું.

મન પારેખના વાલીઓએ રિસોર્ટના મેનેજમેન્ટ સાથે વાટાઘાટ કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેમાં સફળતા મળી નહોતી.

છેલ્લા છ મહિનાથી તેને પાછો લાવવા તેઓ એક યા બીજી રીત અજમાવી રહ્યા હતા. જોકે તેમાં નિષ્ફળ જતાં આખરે ૧૫ નવેમ્બરે તેમણે ભરોસા સેલનો સંપર્ક સાધ્યો હતો. સેલનાં સિનિયર ઇન્સ્પેક્ટર રાજશ્રી શિંદેએ માલદીવ્ઝમાં ભારતીય હાઇ કમિશનનો સંપર્ક સાધીને વિગતો આપી હતી. એ ઉપરાંત જરૂરી તમામ વિધિઓ પાર પાડી હતી. આખરે ૧૮ નવેમ્બરે મન પારેખને ભારતમાં પાછો મોકલવામાં આવ્યો હતો, એમ ભલ્લાળે કહ્યું હતું. (પીટીઆઇ) ■

### ૬૦૦ કરોડના પ્રોપર્ટી ટૅક્સ ડિફોલ્ટરો સામે મુંબઈ પાલિકાની લાલ આંખ

#### લેણા વસૂલવા ડિફોલ્ટરોને નોટિસ મોકલવાની તૈયારી શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નિર્ધારિત સમયમાં પ્રોપર્ટી ટેક્સ ભરવાનું સતત ટાળનારા તેમ જ આર્થિક ક્ષમતા હોવા છતાં પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા મોટા ડિફોલ્ટરો સામે હવે મુંબઈ મહાનગરપાલિકાએ આંખ લાલ કરી છે. તમામ મોટા ડિફોલ્ટરોને બીએમસી મિલકત જપ્તીની નોટિસ મોકલવાની છે. મોટા ડિફોલ્ટરોને આપેલી મુદતમાં ટેક્સ નહીં ભર્યો તો તેમની સામે મુંબઈ મહાનગરપાલિકાના નિયમમાં રહેલી જોગવાઈ અનુસાર સંબંધિત મિલકત પર કલમ ૨૦૪, ૨૦૫, ૨૦૬ અંતર્ગત મિલકતની ચીજ વસ્તુ જપ્ત કરીને નિલામી કરવામાં આવશે. જપ્ત કરેલી વસ્તુની લિલામી બાદ પણ કર વસૂલ નહીં થયો તો કલમ ૨૦૬ અંતર્ગત મિલકત પણ લિલામ કરાશે એવું નોટિસ દ્વારા પાલિકાએ સ્પષ્ટ કર્યું છે. પ્રોપર્ટી ટેક્સ એ મુંબઈ મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્રોત છે. પ્રોપર્ટી ટેક્સધારકોને બિલ મળવાના ૯૦ દિવસની અંતર પ્રોપર્ટી ટેક્સ ભરવો ફરજિયાત છે. આ સમયગાળા દરમિયાન ટેક્સ નહીં ભરનારા સામે પાલિકા તરફથી તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવે છે. પાલિકાના ટેક્સ એન્ડ અસેસમેન્ટ વિભાગના અધિકારીઓ કરધારકનો સંપર્ક કરીને તેને ટેક્સ ભરવા માટે સમજાવે છે. છતાં પણ પ્રોપર્ટી ટેક્સ નહીં ભર્યો તો 'ડિમાન્ડ લેટર' મોકલવામાં આવે છે. ત્યારબાદ આગળના તબક્કામાં પ્રોપર્ટી ટેક્સધારકને ૨૧ દિવસની અંતિમ નોટિસ આપવામાં આવે છે. ત્યારબાદ ડિફોલ્ટરોની મિલકત જપ્તી, લિલામી જેવી કાર્યવાહી કરવામાં આવે છે. નાગરિકો બીએમસી https://www.mcgm.gov.in વેબસાઈટ પર ટેક્સ ભરી શકે છે. ડિફોલ્ટરોને અનેક વખત બિલ ભરવાના રિમાઈન્ડર મોકલ્યા બાદ પણ પ્રતિસાદ આપતા નથી, તેમને હવે અસેસમેન્ટ ખાતા તરફથી જપ્તીની નોટિસ મોકલવામાં આવી છે.

'ટૉપ ટેન' ડિફોલ્ટરો

૧) ધ રઘુવંશી મિલ્સ લિમિટેડ (જી-દક્ષિણ વોર્ડ) -૧૧૯ કરોડ ૫૮ લાખ ૯૮ હજાર ૬૦૦ રૂપિયા ૨) મેસર્સ ઑંકાર ડેવલપર્સ પ્રા.લિ. (જી-દક્ષિણ વોર્ડ) - ૧૦૪ કરોડ ૭૮ લાખ ૨૫ હજાર ૭૧૩ રૂપિયા ૩) જે. કુમાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. (એચ-પૂર્વ વોર્ડ) -૭૧ કરોડ ૯૮ લાખ ૦૩ હજાર ૪૪૫ રૂપિયા ૪) જે.કુમાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. (એચ-પૂર્વ વોર્ડ) -૬૭ કરોડ ૫૨ લાખ ૧૦ હજાર ૫૦૨ રૂપિયા ૫) મે. સ્ટર્લિંગ ઈન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન લિ (જી-દક્ષિણ) -૫૫ કરોડ ૧૦ લાખ ૫૬હજાર ૯૫૬ રૂપિયા ૬) મે.વિમલ અસોસિએટ્સ (કે-પૂર્વ વોર્ડ) -૪૧ કરોડ ૭૪ લાખ ૧૧હજાર ૨૧૫ રૂપિયા ૭) ધ રઘુવંશી મિલ્સ લિ. (જી-દક્ષિણ વોર્ડ) -૩૮ કરોડ ૪૮ લાખ ૬૭ હજાર ૭૯૫ રૂપિયા ૮) પ્રોવ્હીન્સ લેન્ડ પ્રાઈવેટ લિ. (જી-દક્ષિણ વોર્ડ) - ૩૩ કરોડ ૬૯ લાખ ૦૭ હજાર ૭૯ રૂપિયા ૯) સમીર એન. ભોજવાની (કે-પશ્ચિમ વોર્ડ) -૩૩ કરોડ ૩૯ લાખ ૪૫હજાર ૪૦ રૂપિયા ૧૦) મેસર્સ શ્રીરામ મિલ્સ લિ. (જી-દક્ષિણ વોર્ડ) -૩૩ કરોડ ૨૩ લાખ ૫૪ હજાર ૯૬૫ રૂપિયા ■

### નાગપુર જતી ટ્રકમાંથી ૧૦,૦૦૦ કિલો ચાંદી જપ્ત

મુંબઈઃ રાજ્યની વિધાનસભાની ચૂંટણીના મતદાનના દિવસે પોલીસે મહારાષ્ટ્રના ધુળે જિલ્લામાં એક ટ્રકમાંથી ૯૪.૬૮ કરોડ રૂપિયાની કિંમતની ૧૦,૦૮૦ કિલો ચાંદી જપ્ત કરી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

બુધવારે સવારે ૬ વાગ્યે નાગપુર જતી ટ્રકમાંથી થલનેર પોલીસ સ્ટેશનની હદમાંથી ચાંદી જપ્ત કરવામાં આવી હતી, એમ નાશિકના વિશેષ પોલીસ મહાનિરીક્ષક દત્તાત્રય કરાલેએ જણાવ્યું હતું.

ચાંદી બેંકની માલિકીની છે, અધિકારીએ જણાવ્યું હતું કે, ચકાસણી પછી આગળની (જુઓ પાનું ૪) ▶▶

### બે સુરતીઓ પાસે મળી મુંબઈની મતદાર યાદી

#### વી. પી. રોડ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

મુંબઈઃ સુરતથી દક્ષિણ મુંબઈના ગિરગામ વિસ્તારમાં આવેલા બે શખસ પાસેથી મતદાર યાદી મળી આવતાં તેમની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આચારસંહિતાનો ભંગ કરવા બદલ તેમની વિરુદ્ધ વી.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ હાથ ધરાઇ હતી.

બંને જણની ઓળખ હરેશભાઇ ગુકિયા (૫૨) અને મનસુખ ઠાસીભાઇ માવાણી (૫૦) તરીકે થઇ હોઇ તેઓ સુરતના રહેવાસી છે.

વિધાનસભાની ચૂંટણીને લઇ આચારસંહિતા લાગુ થઇ એ (જુઓ પાનું ૪) ▶▶

### મતગણતરી કેન્દ્રો પાસે ભેગા ન થતાઃ પોલીસ

મુંબઈઃ મુંબઈમાં ૩૬ કેન્દ્રો પર મતગણતરી થવાની છે, જ્યાં કોઇ પણ અનિચ્છનીય બનાવ ટાળવા માટે મુંબઈ પોલીસે ગુરુવારે પ્રતિબંધાત્મક આદેશ જારી કર્યા છે, જે અનુસાર આ કેન્દ્રોના ૩૦૦ મીટર પરિઘમાં લોકોને એકઠા થવા પર મનાઇ ફરમાવવામાં આવી છે. ૨૮૮ સભ્યોની વિધાનસભા માટે બુધવારે મતદાન સંપન્ન થયું હતું અને હવે શનિવારે મતગણતરી થવાની છે. મુંબઈમાં ૩૬ વિધાનસભા મતવિસ્તાર છે. આને અનુલક્ષીને ૩૬ કેન્દ્રોમાં મતગણતરી થવાની હોવાથી તેમાંથી કોઇ પણ કેન્દ્રના ૩૦૦ મીટર પરિઘમાં કોઇ પણ વ્યક્તિઓ ભેગી નહીં થઇ શકશે. (પીટીઆઇ) ■

# રાહુલ ઓપનિંગ કરતાં વનડાઉનમાં સારું રમી શકેઃ પુજારા

## શૉર્ટ પિચ્ડ બૉલનો સામનો કરવા વિશે પણ પુજારાએ અનુભવ શૅર કર્યોઃ પડિક્કલ માટે મયંક અગરવાલની અગત્યની સલાહઃ આજે સવારે ૭.૫૦ વાગ્યે ટેસ્ટ શરૂ


ચેતેશ્વર પુજારા


ભારતીય ખેલાડીઓ ઑસ્ટ્રેલિયામાં સઘન પ્રૅક્ટિસ બાદ હવે આજથી ખરા રણસંગ્રામમાં ઊતરશે. (બીસીસીઆઇ)

પર્થ/મુંબઈઃ ભારતની ટેસ્ટ-મૅચ રમાવાની હોય એટલે ક્રિકેટપ્રેમીઓને વર્તમાન પેઢીના ખેલાડીઓમાંથી ચેતેશ્વર પુજારાનું નામ સૌથી પહેલાં યાદ આવે, કારણકે આ ટેસ્ટ-સ્પેશિયાલિસ્ટે ભારતને ઘણી મૅચો જિતાડી છે. જોકે કમનસીબે તે હાલમાં ટીમ ઇન્ડિયાની બહાર છે, પણ તેને ટેસ્ટ ટીમની બને એટલા નજીક રહેવાની તક જતી નથી કરવી એટલે જ તે ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેની આગામી ટેસ્ટ-શ્રેણી (બોર્ડર-ગાવસકર ટ્રૉફી)માં કૉમેન્ટરી-બૉક્સમાં જોવા મળશે. પુજારાએ આ નવી ભૂમિકાની પૂર્વતૈયારી વચ્ચે એક મુલાકાતમાં ઑસ્ટ્રેલિયા ખાતેના પોતાના અનુભવોને સાંકળીને ઓપનિંગ બૅટર કેએલ રાહુલ વિશે રસપ્રદ અભિપ્રાય આપ્યો છે.

બીજી બાજુ, ૨૦૧૮થી ૨૦૨૨ દરમ્યાન ૨૧ ટેસ્ટ-મૅચ રમી ચૂકેલા ઓપનર મયંક અગરવાલે યુવા બૅટર દેવદત્ત પડિક્કલ માટે અગત્યની સલાહ આપી છે.

રોહિત શર્મા પર્થમાં શુક્રવાર, ૨૨મી નવેમ્બરે (સવારે ૭.૫૦ વાગ્યે) શરૂ થનારી પ્રથમ ટેસ્ટમાં નથી રમવાનો એટલે ઓપનિંગમાં યશસ્વી જયસ્વાલ સાથે રમવાનો મોકો કેએલ રાહુલને મળવાનો છે. જોકે પુજારાનું માનવું કંઈક જૂદું છે. પુજારા કહે છે, 'મને લાગે છે કે પર્થની ટેસ્ટમાં રાહુલ માટે વનડાઉન (ત્રીજા નંબરનું સ્થાન) ઠીક રહેશે, કારણકે તેને ખાસ કરીને એ ક્રમે રમવાનો વધુ અનુભવ છે.'

૩૬ વર્ષનો પુજારા ૨૦૧૦થી ૨૦૨૩ દરમ્યાન ૧૦૩ ટેસ્ટ રમી ચૂક્યો છે જેમાં તેણે ૧૯ સેન્ચુરી અને ૩૫ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૭,૧૯૫ રન બનાવ્યા છે. તે એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલને એવું પણ કહે છે કે 'મને એવું પણ લાગે છે કે લેફ્ટ-રાઇટનું કૉમ્બિનેશન રાખવા દેવદત્ત પડિક્કલને વનડાઉનમાં મોકલવામાં આવશે. જોકે પડિક્કલે મિડલમાં પાંચમા-છઠ્ઠા ક્રમે બૅટિંગ કરી છે. હા, ઓપનિંગ કરતાં વનડાઉનમાં બૅટિંગ કરવી આસાન બની રહેશે. જો તે ત્રીજા નંબરે સારું રમી શકશે તો ટીમને ઘણી મદદ મળી રહેશે.'

પુજારાનું યશસ્વી વિશે એવું માનવું છે કે 'ડેવિડ વૉર્નર તેના સૌથી શ્રેષ્ઠ સમયકાળમાં જેવું રમતો હતો એવું રમવાની કાબેલિયત યશસ્વીમાં મને દેખાય છે. મારી દૃષ્ટિએ યશસ્વી ભારતને મળેલા સૌથી ટૅલન્ટેડ ક્રિકેટરોમાંનો એક છે. મને ખાતરી છે કે આ સિરીઝમાં તે ઘણું સારું રમશે. ભારતના યુવા ખેલાડીઓને મારી સલાહ છે કે પ્રથમ જંગ (પહેલી ટેસ્ટ)માં સૌથી વધુ ચકાસણી મનોબળની થતી હોય છે. ઑસ્ટ્રેલિયાની પિચો પર અને ઑસ્ટ્રેલિયામાંની પરિસ્થિતિમાં રન બનાવવા ખેલાડીમાં આત્મવિશ્વાસ ભરપૂર હોવો જોઈએ. પેસ અને બાઉન્સ અપાવતી પિચ પર બૅટરના શરીરને બૉલ વાગવાની વધુ સંભાવના રહેતી હોય છે. સૌથી પહેલાં એ ડરમાંથી બહાર આવવું પડે.'

ઑસ્ટ્રેલિયાની પિચો પર ભારતીય બૅટર્સે શૉર્ટ-પિચ્ડ બૉલનો વધુ સામનો કરવો પડશે એ બાબતમાં પુજારાને પૂછવામાં આવતાં તેણે કહ્યું, 'કયા પ્રકારના બૉલ રમવા અને કયા છોડી દેવા એ બૅટરે બહુ સારી રીતે નક્કી કરી લેવું જોઈએ. બૅટર ઘણી વાર હૂક શૉટ સારી રીતે મારી ન શકતો હોય તો પણ મારવાની કોશિશ કરતો હોય છે. ભારતીય પિચો પર મોટા ભાગના શૉર્ટ-પિચ્ડ બૉલ ખભાથી નીચેના લેવલના હોય છે, પરંતુ ઑસ્ટ્રેલિયામાં એવા બૉલ ખભાની ઊંચાઈથી ઉપરની લેવલના હોય છે.'

૩૩ વર્ષીય મયંક અગરવાલે ૨૧ ટેસ્ટમાં ચાર સેન્ચુરીની મદદથી કુલ ૧,૪૮૮ રન બનાવ્યા હતા. તેણે દેવદત્ત પડિક્કલ વિશે કહ્યું છે, 'જો પડિક્કલને પર્થની પ્રથમ ટેસ્ટમાં રમવા મળે તો તેણે પડકારોને સમજદારી અને હિંમતથી ઝીલી લેવા જોઈએ. પડિક્કલમાં બૅટિંગનું બહુ સારું કૌશલ્ય છે અને તે ખૂબ મહેનતુ પણ છે. પડિક્કલ માટે મારી પહેલી સલાહ એ છે કે તે ઑસ્ટ્રેલિયાની ધરતી પરની આ સિરીઝમાં પૂરી લડત આપવા તૈયાર છે? તે જો પૂરી તૈયારીનો અભિગમ રાખશે તો ખૂબ સફળ થશે.'

પડિક્કલ ઇંગ્લૅન્ડ સામે એક ટેસ્ટ રમી ચૂક્યો છે. તેને ઑસ્ટ્રેલિયામાં છેલ્લા થોડા દિવસ દરમ્યાન ઇન્ડિયા 'એ' વતી ઑસ્ટ્રેલિયા 'એ' સામે બિનસત્તાવાર ટેસ્ટ-સિરીઝમાં રમવાનો સારો અનુભવ છે એટલે તેને હવે ટેસ્ટ-શ્રેણીમાં રમવામાં થોડી સરળતા પડશે. ■

# આજથી ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ ટેસ્ટઃ સવારે ૭.૫૦ વાગ્યે મુકાબલો શરૂ

## ભારતની ટેસ્ટ સિરીઝમાં કોણ આપશે કૉમેન્ટરી?: ઑસ્ટ્રેલિયાની ધરતી પર કોનો હાથ છે ઉપર?


પર્થમાં ગઈ કાલે ટ્રૉફી સાથે બન્ને ટીમના કૅપ્ટન પૅટ કમિન્સ અને જસપ્રીત બુમરાહ. (આઇસીસી)

પર્થઃ ઘણાં અઠવાડિયાઓથી જેની રાહ જોવાઈ રહી હતી, જેના પરની જાત-જાતની સ્ટોરીઓ વાઇરલ થઈ હતી અને કેટલાક ખેલાડીઓની કારકિર્દીને જે નવો વળાંક આપી શકે એ ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેની બોર્ડર-ગાવસકર ટ્રૉફી (પાંચ મૅચની ટેસ્ટ સિરીઝ)ના આરંભને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે જાણી લઈએ કે અત્યંત રસાકસીભરી અને રોમાંચક બની રહેનારી આ શ્રેણીમાં કયા ખ્યાતનામ કૉમેન્ટેટર્સ કૉમેન્ટરી આપશે અને ઑસ્ટ્રેલિયાની ધરતી પર બન્ને દેશ વચ્ચે કોનો હાથ ઉપર છે.

બાવીસમી નવેમ્બરથી ૭ જાન્યુઆરી સુધીની આ સિરીઝની પાંચ ટેસ્ટ અનુક્રમે પર્થ, ઍડિલેઇડ, બ્રિસ્બેન, મેલબર્ન અને સિડનીમાં રમાશે. ઍડિલેઇડની બીજી ટેસ્ટ ડે/નાઇટ છે અને એ પિન્ક બૉલથી રમાશે.

આખા ક્રિકેટજગતની નજર ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેની આ સિરીઝ પર રહેશે. ઑસ્ટ્રેલિયાની ધરતી પર ભારતે છેલ્લી બન્ને શ્રેણી ૨-૧થી જીતી લીધી હતી એટલે આ વખતે શ્રેણી-વિજયની હૅટ-ટ્રિક કરવાની ટીમ ઇન્ડિયાને તક છે.

આ સિરીઝ માટેના ઇંગ્લિશ કૉમેન્ટેટર્સમાં મૅથ્યૂ હેડન, રવિ શાસ્ત્રી, સુનીલ ગાવસકર, વસીમ અકરમ, મુરલી વિજય, રસેલ આર્નોલ્ડ અને માર્ક નિકોલસનો સમાવેશ છે.

ગાવસકર, શાસ્ત્રી અને અકરમ હિન્દીમાં પણ કૉમેન્ટરી આપશે. અન્ય હિન્દી કૉમેન્ટેટર્સમાં ચેતેશ્વર પુજારા, સંજય માંજરેકર, જતીન સપ્રૂ અને દીપ દાસ ગુપ્તા સામેલ છે.

ભારતીય ક્રિકેટર્સ અત્યાર સુધીમાં ઑસ્ટ્રેલિયાની ધરતી પર કુલ બાવન ટેસ્ટ રમ્યા છે જેમાંથી ભારતનો ફક્ત નવ ટેસ્ટમાં અને યજમાન ઑસ્ટ્રેલિયાનો ૩૦ ટેસ્ટમાં વિજય થયો છે. ૧૩ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે.

જોકે છેલ્લી ૧૦ ટેસ્ટમાં ભારતનો હાથ ઉપર છે. ઑસ્ટ્રેલિયાના મેદાનો પર ટીમ ઇન્ડિયા જે છેલ્લી ૧૦ ટેસ્ટ રમી છે એમાં ભારતનો ફક્ત બે ટેસ્ટમાં પરાજય થયો છે અને ચાર ટેસ્ટ ભારતે જીતી છે. ચાર ટેસ્ટ ડ્રૉમાં ગઈ છે.

ખાસ ઉલ્લેખનીય છે કે ઑસ્ટ્રેલિયા સામે ભારત છેલ્લી ચારેય ટેસ્ટ-શ્રેણી જીત્યું છે. ૨૦૧૪-'૧૫માં ઑસ્ટ્રેલિયામાં ભારતનો ૦-૨થી પરાજય થયો ત્યાર બાદ ભારતે આ ચાર શ્રેણી જીતી છેઃ ૨૦૧૭માં ભારતમાં ભારતનો ૨-૧થી વિજય, ૨૦૧૯માં ઑસ્ટ્રેલિયામાં ભારતનો ૨-૧થી વિજય, ૨૦૨૧માં ઑસ્ટ્રેલિયામાં ભારતનો ૨-૧થી વિજય અને ૨૦૨૩માં ભારતમાં ભારતનો ૨-૧થી વિજય. ■

### બોર્ડર-ગાવસકર ટ્રૉફીનું શેડ્યૂલ

(૧) પ્રથમ ટેસ્ટ, ૨૨-૨૬ નવેમ્બર, પર્થમાં, સવારે ૭.૫૦ વાગ્યાથી
(૨) બીજી ટેસ્ટ, ૬-૧૦ ડિસેમ્બર, ઍડિલેઇડમાં, સવારે ૯.૩૦ વાગ્યાથી
(૩) ત્રીજી ટેસ્ટ, ૧૪-૧૮ ડિસેમ્બર, બ્રિસ્બેનમાં, સવારે ૫.૫૦ વાગ્યાથી
(૪) ચોથી ટેસ્ટ, ૨૬-૩૦ ડિસેમ્બર, મેલબર્નમાં, સવારે ૫.૦૦ વાગ્યાથી
(૫) પાંચમી ટેસ્ટ, ૩-૭ જાન્યુઆરી, સિડનીમાં, સવારે ૫.૦૦ વાગ્યાથી

# હાર્દિકની છ વર્ષે બરોડાની ટીમમાં વાપસી, મોટા ભાઈ કૃણાલની કેપ્ટન્સીમાં રમશે

## ટી-૨૦ મૅચમાં ગુજરાત સામે મુકાબલોઃ આઈપીએલના ઑક્શન પહેલાં હાર્દિક સહિત અનેકની કસોટી


હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સ વતી રમી ચૂક્યા છે

વડોદરાઃ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા છ વર્ષ બાદ પહેલી વાર ડોમેસ્ટિક ક્રિકેટમાં બરોડાની ટીમ વતી રમતો જોવા મળશે. તે શનિવારે શરૂ થતી ૨૦-૨૦ ઓવરની મૅચોવાળી સૈયદ મુશ્તાક અલી ટ્રૉફીની મૅચ (સાંજે ૪.૩૦ વાગ્યાથી)માં મોટા ભાઈ કૃણાલ પંડ્યાના નેતૃત્વમાં રમશે.

હાર્દિક છેલ્લે બરોડાની ટીમ વતી ડિસેમ્બર ૨૦૧૮માં વાનખેડેમાં મુંબઈ સામેની રણજી મૅચમાં રમ્યો હતો. એ મૅચ ડ્રૉમાં પરિણમી હતી. હાર્દિકે એ મૅચમાં કુલ સાત વિકેટ (પ્રથમ દાવમાં પાંચ, બીજા દાવમાં બે) લીધી હતી તેમ જ ૭૩ રન બનાવ્યા હતા.

સૈયદ મુશ્તાક અલી ટ્રૉફીની શનિવારે બરોડાની ગુજરાત સામેની ૨૦-૨૦ ઓવરની આ મૅચ ઇન્દોરમાં રમાશે.

આ મૅચ સાઉદીના જેદ્દાહમાં રવિવારે શરૂ થનારા આઈપીએલ મેગા-ઑક્શનની પૂર્વસંધ્યાએ રમાવાની હોવાથી બન્ને પંડ્યા બંધુઓ તેમ જ અન્ય કેટલાક ખેલાડીઓ માટે મહત્ત્વની બનશે.

ગયા વર્ષે કૃણાલના સુકાનમાં બરોડાનો સૈયદ મુશ્તાક અલી ટ્રૉફીની ફાઈનલમાં પંજાબ સામે માત્ર ૨૦ રનના તફાવતથી પરાજય થયો હતો. પંજાબે અનમોલપ્રીત સિંહના ૧૧૩ રન તેમ જ નેહલ વઢેરાના અણનમ ૬૧ રનની મદદથી ચાર વિકેટે ૨૨૩ રન બનાવ્યા હતા જેના જવાબમાં અભિમન્યુસિંહ રાજપૂતના ૬૧ રન, કૅપ્ટન કૃણાલના ૪૫ રન અને નિનાદ રાઠવાના ૪૭ રનની મદદથી બરોડાની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૦૩ રન બનાવી શકી હતી.

હાર્દિક સૈયદ મુશ્તાક અલી ટ્રૉફી ટૂર્નામેન્ટમાં આઠ વર્ષે કમબૅક કરી રહ્યો છે. તેને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)એ રીટેન કર્યો છે અને તે ફરી એકવાર એમઆઇની કૅપ્ટન્સી સંભાળશે. ■

### મુંબઈનો મુકાબલો ગોવા સામે, સૌરાષ્ટ્રનો સિક્કિમ સામે

શનિવારે આ ટી-૨૦ સ્પર્ધાની અન્ય કેટલીક મૅચોમાં હૈદરાબાદમાં (સવારે ૧૧.૦૦ વાગ્યાથી) મુંબઈનો મુકાબલો ગોવા સામે, ઇન્દોરમાં (સવારે ૯.૦૦ વાગ્યાથી) સૌરાષ્ટ્રનો મુકાબલો સિક્કિમ સામે, રાજકોટમાં (સાંજે ૪.૩૦ વાગ્યાથી) બેંગાલનો મુકાબલો પંજાબ સામે અને હૈદરાબાદમાં (સવારે ૧૧.૦૦ વાગ્યાથી) મહારાષ્ટ્રનો મુકાબલો નાગાલૅન્ડ સામે થશે. એ જ દિવસે રાજકોટમાં (બપોરે ૧.૩૦ વાગ્યાથી) રાજસ્થાન અને બિહાર વચ્ચે મૅચ રમાશે. ■

# ઑસ્ટ્રેલિયામાં ભારતનું ૪-૦નું મુશ્કેલ મિશન આજે શરૂ

પર્થઃ ઑસ્ટ્રેલિયા સામે આજે (સવારે ૭.૫૦ વાગ્યાથી) શરૂ થતી પાંચ ટેસ્ટવાળી બોર્ડર-ગાવસકર ટ્રૉફીમાં ભારતીય ટીમનો એકમાત્ર ઉદ્દેશ આ શ્રેણી ૪-૦થી જીતવાનો છે અને એ મિશન પર્થની ફાસ્ટ અને બાઉન્સી પિચ પરની આ મૅચ સાથે શરૂ થઈ રહ્યું છે. ઑસ્ટ્રેલિયામાં ભારત છેલ્લી બન્ને શ્રેણી ૨-૧થી જીત્યું છે એટલું જ નહીં, એ ઉપરાંત ભારતમાંની છેલ્લી બે સિરીઝમાં પણ ભારતે ૨-૧થી જીત મેળવી હતી. એ જોતાં તેમ જ ભારતીય ટીમને કેટલાક ખેલાડીઓની ગેરહાજરી અને ઈજાની જે સમસ્યા સતાવી રહી છે એ જોતાં ૪-૦થી શ્રેણી-વિજય મેળવવો અત્યંત મુશ્કેલ છે. પર્થમાં બે દિવસ પહેલાં કમોસમી વરસાદ હોવાથી મેદાનના માળીઓને ઇચ્છા મુજબની પિચ બનાવવામાં તકલીફ પડી છે. ભારત ૪-૦થી આ સિરીઝ જીતે તો જ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચવાનો દાવો જાળવી શકે. એક પણ પરાજય ભારતને ભારે પડી શકે.

**બન્ને દેશની સંભવિત ઇલેવનઃ**

ભારતઃ બુમરાહ (કૅપ્ટન), પંત (વિકેટકીપર), યશસ્વી, રાહુલ, પડિક્કલ, કોહલી, જુરેલ, અશ્વિન/જાડેજા/સુંદર, નીતિશ રેડ્ડી, હર્ષિત/ક્રિષ્ના, સિરાજ/આકાશ દીપ.


ઑસ્ટ્રેલિયાઃ કમિન્સ (કૅપ્ટન), ઍલેક્સ કૅરી (વિકેટકીપર), ખ્વાજા, મૅકસ્વીની, લાબુશેન, સ્ટીવ સ્મિથ, ટ્રેવિસ હેડ, મિચલ માર્શ, સ્ટાર્ક, લાયન અને હૅઝલવૂડ. ■

**ચૅમ્પિયન ગર્લ્સઃ** ભારતને બુધવારે એશિયન ચૅમ્પિયન્સ ટ્રૉફીનો સતત બીજો તાજ અપાવનાર ભારતીય ટીમની ખેલાડીઓ દીપિકા, લાલરેમસિયામી, શર્મિલા દેવી અને ઈશિકા ચૌધરીએ ગઈ કાલે દિલ્હી માટે રવાના થતાં પહેલાં બિહારમાં ગયા ઍરપોર્ટ પર સેલિબ્રેશનનો પોઝ આપ્યો હતો. (પીટીઆઇ)



# રવિવારના મેગા ઑક્શનમાં સૌથી પહેલી બોલી કોના નામ પર લાગશે? ૧૫થી ૨૦ કરોડ રૂપિયાનો સોદો થઈ શકે

## સૌથી પહેલા છ નામ બટલર, શ્રેયસ, રિષભ, રબાડા, અર્શદીપ અને સ્ટાર્કના છે


અર્શદીપ સિંહ


જૉસ બટલર


રિષભ પંત

મુંબઈઃ આગામી રવિવાર અને સોમવારે સાઉદી અરેબિયાના જેદ્દાહમાં યોજાનારા ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના મેગા ઑક્શનમાં માર્કી પ્લેયર્સના પ્રથમ લિસ્ટમાંથી કોઈ એક ખેલાડીના નામથી હરાજીની શરૂઆત થવાની છે અને એમાં કોનું નામ હશે એ એક રીતે ગુપ્ત છે, પરંતુ ઓપન સીક્રેટ જેવું પણ છે. એનું કારણ એ છે કે જે ૧૨ માર્કી પ્લેયર્સના નામ નક્કી થયા છે એની યાદી બહાર પડી ચૂકી છે અને એમાં પહેલા લિસ્ટમાં ક્રમવાર જૉસ બટલર, શ્રેયસ ઐયર, રિષભ પંત, કૅગિસો રબાડા, અર્શદીપ સિંહ અને મિચલ સ્ટાર્કના નામ છે. આ બધામાં બટલરનું નામ સૌથી ઉપર છે. આ છમાંથી કોઈ એકના નામ સાથે ઑક્શનનો આરંભ કરાશે.

માર્કી ખેલાડીઓની બીજી યાદીમાં યુઝવેન્દ્ર ચહલ, લિઆમ લિવિંગસ્ટન, ડેવિડ મિલર, કેએલ રાહુલ, મોહમ્મદ શમી અને મોહમ્મદ સિરાજ છે.

એવું મનાય છે કે છ માર્કી પ્લેયર્સના પ્રથમ લિસ્ટમાંથી જેના નામથી મેગા ઑક્શનની શરૂઆત કરાશે તેના પરની બોલી ૧૫થી ૨૦ કરોડ રૂપિયાથી પણ ઉપર જઈ શકે એમ છે.

આ મહા-હરાજી માટે દેશ-વિદેશના કુલ ૧,૫૭૪ ખેલાડીઓએ અરજી કરી હતી એમાંથી ૧,૦૦૦ નામ કાઢી નાખીને યાદી ટૂંકાવી નાખવામાં આવી છે અને હવે બે દિવસના કાર્યક્રમ દરમ્યાન ૫૭૪ પ્લેયરના નામ પર બોલી લાગશે. જોકે આ તમામ ૫૭૪ ખેલાડીઓ 'ડન' થઈ જશે એવું નથી, કારણકે ૧૦ ટીમોમાં ફક્ત ૨૦૪ સ્લૉટ ખાલી છે. આ ૧૦ ટીમોએ ૪૬ ખેલાડીઓને રીટેન કર્યા છે.

આ વખતની નિલામીમાં ઇંગ્લૅન્ડનો ૪૨ વર્ષીય પીઢ ફાસ્ટ બોલર જેમ્સ ઍન્ડરસન પણ છે. તે તાજેતરમાં જ નિવૃત્ત થયો અને પહેલી જ વખત આઇપીએલની હરાજીમાં આવી રહ્યો છે. તેણે ૧.૨૫ કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસ રાખી છે. ૧૩ વર્ષનો વૈભવ સૂર્યવંશી આ વખતની આઇપીએલના ઑક્શનનો સૌથી યુવાન ખેલાડી બનશે. ■

# મેસી અને માર્ટિનેઝે એક જ મૅચમાં રસપ્રદ રેકૉર્ડની બરાબરી કરી!



બ્વેનોઝ આઇરસઃ ફૂટબૉલના વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસીએ મંગળવારે અહીં કરીઅરમાં ૫૮મી વખત સાથી ખેલાડીને ગોલ કરવામાં સહાયક ભૂમિકા (આસિસ્ટ) ભજવી અને એ સાથે તેણે એક વિશ્વવિક્રમની બરાબરી કરી લીધી હતી. આ જ મૅચમાં આર્જેન્ટિનાના ગોલ-સ્કોરર લૉઉટેરો માર્ટિનેઝે પણ એક રેકૉર્ડની બરાબરી કરી હતી.

આ મૅચ પેરુ સામે હતી જેમાં આર્જેન્ટિનાએ ૧-૦થી વિજય મેળવ્યો હતો. પંચાવનમી મિનિટમાં પેનલ્ટી એરિયામાં મેસીએ માર્ટિનેઝને બૉલ પાસ કરીને ગોલ કરવાની સુવર્ણ તક અપાવી હતી અને માર્ટિનેઝે એ તક સફળતાપૂર્વક ઝડપી લીધી હતી.

આર્જેન્ટિના આ એકમાત્ર ગોલની મદદથી જીતીને ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપ માટે લગભગ ક્વૉલિફાય થઈ ગયું હતું.

મેસીએ કારકિર્દીમાં ૫૮મી વખત સાથી ખેલાડીને ગોલ કરવામાં આસિસ્ટ કર્યો અને એ સાથે મેસી આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાં સૌથી વધુ ૫૮ વખત આસિસ્ટ કરવાનો વર્લ્ડ રેકાર્ડ ધરાવતા અમેરિકાના સૉકર-લેજન્ડ લૅન્ડન ડોનોવાનની બરાબરીમાં આવી ગયો હતો.

આ રેકોર્ડમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (૪૫ આસિસ્ટ) મેસીથી ઘણો પાછળ છે.

બીજી બાજુ, માર્ટિનેઝનો આર્જેન્ટિના વતી આ ૩૮મો ગોલ હતો અને તેણે ફૂટબૉલ-લેજન્ડ ડિયેગો મૅરાડોનાની બરાબરી કરી હતી.

દક્ષિણ અમેરિકાના દેશોમાંથી આર્જેન્ટિના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં પચીસ પૉઇન્ટ સાથે મોખરે છે. ■

# ઈડન ગાર્ડન્સમાં સ્ટૅન્ડને અપાશે ઝુલન ગોસ્વામીનું નામ

## વન-ડેમાં સૌથી વધુ વિકેટ લેનારે કહ્યું, 'હું મારા નામવાળા સ્ટૅન્ડમાં બેસીને મૅચ જોવાનો આનંદ મેળવીશ'

કોલકાતાઃ મહિલાઓની વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ ૨૫૫ વિકેટનો વર્લ્ડ રેકૉર્ડ ધરાવતી ભારતની ભૂતપૂર્વ મહિલા ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીનું નામ અહીંના ઈડન ગાર્ડન્સના એક સ્ટૅન્ડને આપીને તેની શાનદાર કરીઅરને બિરદાવવામાં આવશે.

ઝુલને ભારતને ઘણી મૅચો જિતાડી આપી છે અને બે વર્ષ પહેલાં (સપ્ટેમ્બર, ૨૦૨૨માં) ૨૦ વર્ષની અદ્ભુત કરીઅર પૂરી કર્યા પછી તે હવે યુવા ખેલાડીઓને વિવિધ સ્તરે માર્ગદર્શન આપે છે. ઈડનમાં એક સ્ટૅન્ડને તેનું નામ આપવાની ભલામણ ક્રિકેટ ઍસોસિએશન ઑફ બેન્ગાલે કરી એને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઈડનમાં હાલમાં ભારતના ભૂતપૂર્વ સુકાની સૌરવ ગાંગુલી, ભૂતપૂર્વ ક્રિકેટર પંકજ રૉય અને બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખો જગમોહન દાલમિયા તથા બિશ્વનાથ દત્તના નામે સ્ટૅન્ડ છે અને હવે ઝુલનનું નામ એક સ્ટૅન્ડને આપવામાં આવશે. આ સ્ટેડિયમમાંના 'બી' બ્લૉકને ઝુલનનું નામ અપાશે.

ઝુલન ૪૧ વર્ષની છે. તેણે ૨૦૦૨થી ૨૦૨૨ દરમ્યાન ૨૦૪ વન-ડેમાં વિક્રમજનક ૨૫૫ વિકેટ લેવા ઉપરાંત ૬૮ ટી-૨૦માં ૫૬ અને ૧૨ ટેસ્ટમાં ૪૪ વિકેટ લીધી હતી.

ઝુલને પીટીઆઇ સાથેની વાતચીતમાં આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે 'મને આવું સન્માન મળશે એવી મેં કદી કલ્પના પણ નહોતી કરી. હું જરૂર આ સ્ટૅન્ડમાં બેસીને ગર્વભરે મૅચ જોવાનું પસંદ કરીશ. કોઈ પણ ક્રિકેટર પોતાના જિલ્લા, રાજ્ય અને દેશ વતી રમવામાં ગૌરવ અનુભવે, પણ આ સન્માન તો બહુ જ મોટું કહેવાય.' ■

# યુદ્ધના ભય વચ્ચે સેન્સેક્સ ૭૭,૮૦૦ સુધી પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વૈશ્વિક સ્તરે રશિયા અને યુક્રેન વચ્ચે ફરી મિસાઇલ મારામારી શરૂ થવા સાથે અણું યુદ્ધની શક.યતાઓ ૫મ ઊભી થઇ હોવાથી જીઓ-પોલિટિકલ જોખમનો ગભરાટ ફરી સક્રિય થતાં વૈશ્વિક ઇક્વિટી બજારોમાં વધેલા વેચવાલીના દબામ સાથે સ્થાનિક સ્તરે અમેરિકામાં અદાણી જૂથ સામે થયેલા નવા આરોપોને કારણે કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે સેન્સેક્સ ૭૭,૮૦૦ સુધી પટકાઇ પાછો ફર્યો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૩૫૦ની નીચે સરક્યો હતો. સેન્સેક્સ ૪૨૨.૫૯ પોઇન્ટ અથવા ૦.૫૪ ટકા ઘટીને ૭૭,૧૫૫.૭૯ના સ્તરે સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૭૭૫.૬૫ પોઇન્ટ અથવા ૦.૯૯ ટકા ઘટીને ૭૬,૮૦૨.૭૩ પર રહ્યો હતો. નિફ્ટી ૧૬૮.૬૦ પોઇન્ટ અથવા ૦.૭૨ ટકા ઘટીને ૨૩,૩૪૯.૯૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર યુએસમાં કથિત લાંચ અને છેતરપિંડીના આરોપ બાદ સત્રને અંતે અદાણી પોર્ટ્સ ૧૩ ટકાથી વધુ ગબડ્યો હતો. અદાણી એન્ટરપ્રાઇઝ, અદાણી એનર્જી સોલ્યુશન્સ, અદાણી પોર્ટ્સ અને અદાણી ગ્રીન એનર્જી સહિતના અન્ય તમામ અદાણી જૂથના શેરોમાં લગભગ ૨૩ ટકા સુધીનો તીવ્ર ઘટાડો થયો હતો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એનટીપીસી, આઈટીસી, એશિયન પેઈન્ટ્સ, બજાજ ફાઈનાન્સ અને બજાજ ફિનસર્વમાં પણ ભારે વેચવાલી અને ઘટાડો રહ્યો હતો. તેનાથી વિપરિત, પાવર ગ્રીડ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એચસીએલ ટેક્નોલોજીસ અને એક્સિસ બેન્ક ટોપ ગેઇનર્સમાં હતાં. કોર્પોરેટ એક્શનમાં હ્યુન્ડાઇ મોટર્સ ઇન્ડિયા તેની ચેન્નઇ સ્થિત ઉત્પાદન સવલત ખાતે બે રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ સ્થાપી રહી છે. બ્રાઇટ સ્ટીલ વાયર્સ અને બાર્સની ઉત્પાદક મેઇડન ફોર્જિંગ્સ લિમિટેડે નાણાંકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિનાના નાણાકીય પરિણામમાં રૂ. ૧૦૯.૧૯ કરોડની આવક અને રૂ. ૪.૦૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૯.૭૭ કરોડ અને એબિટા માર્જિન ૮.૯૫ ટકા, જ્યારે નેટ પ્રોફિટ માર્જિન ૩.૭૧ ટકા નોંધાવ્યું છે.

ઇન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડે ૨૦૩૦ સુધીમાં તેની કોન્સોલિડેટેડ રેવન્યુ બમણી કરી રૂ. ૧૫,૦૦૦ કરોડ સુધી પહોંચાડવાનો અને પોતાના પોર્ટફોલિયોને ૭૦૦ હોટલ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક જાહેર કર્યો છે. સોયાબીન, કોટનસીડ્સ અને અન્ય ખાદ્યતેલની ઉત્પાદક શ્રી વેંકટેશ રિફાઇનરીઝ લિમિટેડે નાણાંકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિનાના નાણાકીય પરિણામમાં ૭.૫૩ ટકાના વધારા સાથે રૂ. ૩૦૯.૦૨ કરોડની આવક અને ૭.૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૧૫.૬૮ કરોડ રહ્યો છે.

એનિમલ હેલ્થકેર સોલ્યુશન કંપની અજૂની બાયોટેક લિમિટેડે નાણાંકીય વર્ષ ૨૦૨૫ના બીજા ક્વાર્ટરના પરિણામમાં ૩૧.૬૯ ટકાના વધારા સાથે રૂ. ૨૬.૦૩ કરોડની આવક અને ૫૧.૯૯ ટકાના વધારા સાથે રૂ. ૦.૬૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૧.૦૮ કરોડ રહ્યો છે. પીજીઆઇએમ ઇન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે હેલ્થકેર અને ફર્માસ્યુટિકલ કંપનીઓની ઇક્વિટી અને ઇક્વિટી સંલગ્ન સિક્યુરિટીઝમાં રોકાણ કરનાર ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ પીજીઆઇએમ ઇન્ડિયા હેલ્થકેર ફંડ લોન્ચ કર્યો છે, જેના એમએફઓની અંતિમ તારીખ ત્રીજી ડિસેમ્બર છે.

ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની મેન્યુફેક્ચરર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ મેડિકામેન ઓર્ગેનિક્સ લિમિટેડે નાણાંકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિનાના નાણાકીય પરિણામમાં ૪૮.૯૧ ટકાના વધારા સાથે રૂ. ૧૬૮૫.૬૬ લાખની આવક અને ૧૦.૮૮ ટકાના વધારા સાથે રૂ. ૧૫૧.૦૭ લાખનો ચોખ્ખો નફો, ૧૫.૩૯ ટકાના વધારા સાથે રૂ. ૨૭૭.૪૪ લાખનો એબિટા નોંધાવ્યો છે. એ જ રીતે અન્ય કંપની, આયુર્વેદિક મેડિસિન અને કેર પ્રોડક્ટ્સ ક્ષેત્રની વીરહેલ્થ કેર લિમિટેડે નાણાંકીય વર્ષ ૨૦૨૫ના બીજા ક્વાર્ટરના પરિણામમાં ૨૭.૧૪ ટકાના વધારા સાથે રૂ. ૫.૩૯ કરોડની આવક અને ૧૬.૦૬ ટકાના વધારા સાથે રૂ. ૦.૭૩ કરોડનો એબિટા તથા રૂ. ૦.૩૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

પ્રાઇમરી માર્કેટ પર પણ અસર સંભવિત છે. ડિફેન્સ અને એરોસ્પેસ સેક્ટર સાથે સંકળાયેલી સીટુસી એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ ૪૩.૮૩ લાખ ઇક્વિટી શેરના ફ્રેશ ઇક્વિટીના ભરણાં સાથે આજે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. કંપનીએ પ્રાઇસ બેન્ડ રૂ. ૨૧૪થી રૂ. ૨૨૬ પ્રતિ શેર નક્કી કરી છે, જે મુજબ અપર બેન્ડના હિસાબે રૂ. ૯૯.૦૭ કરોડનું કદ દર્શાવે છે.

ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી બોમ્બે (આઈઆઈટી-બોમ્બે)ના ટેક્નોલોજી બિઝનેસ ઇન્ક્યુબેટર સોસાયટી ફોર ઇનોવેશન એન્ડ આંત્રપ્રિન્યોર (સનિ)એ વીસમા વર્ષની ઉજવણીના ભાગરૂપે દ્વારા ૨૮ અને ૨૯ નવેમ્બરે ડિસરપ્ટીવ ટેક્નોલોજી પર લક્ષ્ય સાથે બે દિવસની ઇવેન્ટમાં ઉદ્યોગસાહસિકો, વરિષ્ઠ અમલદારો અને કોર્પોરેટ અગ્રણીઓના પેનલ ડિસ્કશન અને ઇન્ટરેક્ટિવ સેશનનું આયોજન કર્યુ છે.

ઔદ્યોગિક સુરક્ષા અને વ્યવસાયિક હેલ્થની દક્ષિણ એશિયાની સૌથી મોટી ઇવેન્ટ ઓક્યુપેશનલ સેફટી એન્ડ હેલ્થ, ઓ એસ એચમાં ૨૫૦ બ્રાન્ડ ૧૦૦૦થી વધુ પ્રોડક્ટ રજૂ કરી રહી છે. ભારતનું ઔદ્યોગિક સુરક્ષા ક્ષેત્ર ૨૦૩૦ સુધીમાં ૧૭. ૮૬ અબજ ડોલરનું કદ ધારણ કરશે. પર્સનલ પ્રોટેક્ટીવ ઇકવિપમેન્ટ માર્કેટ ૨૦૨૩ માં ૮૪૯.૮ મિલિયન ડોલરની વધી ને ૨૦૩૦ સુધીમાં ૬.૩ ટકાના ચક્રવૃદ્ધિ દરે ૧૪૭૩ મિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે.

# સોનામાં ₹ ૧૦૫૯નો જોરદાર ઉછાળો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આંતરરાષ્ટ્રીય સ્તરે રશિયા અને યુક્રેનના ઠંડા પડેલા યુદ્ધમાં ફરી ગરમાટો આવવાથી ઇક્વિટી માર્કેટમાં પીછેહઠ અને વિદેશી ફંડોની વેચવાલી સાથે બુલિયન બજારમાં સમીકરણો બદલાયા હતા. ખૂલતા સત્રમાં સોનાના ભાવમાં વધારો જોવા મળ્યો હતો જ્યારે ચાંદીમાં સટ્ટાકિય માગના અભાવે પીછેહઠ જોવા મળી હતી. સત્રને અંતે સોનામાં દસ ગ્રામે રૂ. ૧૦૫૯ સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો અને શુદ્ધ સોનું ફરી રૂ. ૭૭,૦૦૦ની કિટ પહોંચી ગયું હતું.

ખૂલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૭૫,૮૭૩ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામે રૂ. ૭૬,૫૫૯ની સપાટીએ અને સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૭૫,૫૬૯ના પાછલા બંધ સામે જોરદાર ઉછાળા સાથે રૂ. ૭૬,૨૫૨ બોલાયું હતું. જોકે, હાજર ચાંદી એક કિલોદીઠ રૂ. ૯૦,૯૫૬ના પાછલા બંધ સામે રૂ. ૯૦,૬૨૦ની નીચી સપાટીએ ખૂલી હતી.

જોકે, રશિયા અને યુક્રેન તથા ઇઝરાયલ અને હમસના યુદ્ધની ભીતિ ફરી સપાટી પર ાવવાને કારણે અને તેમાં રશિયા સામે લડવા માટે અમેરિકા અને યુકે ભયંકર મિસાઇલ પૂરી પાડી રહ્યાં હોવાના અહેવાલો વચ્ચે સોનાચાંદીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો.

સ્થાનિક ઝવેરી બજારમાં સત્રને અંતે ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧૦૫૯ના જોરદાર ઉછાળા સાથે રૂ. ૭૬,૯૩૨ પ્રતિ દસ ગ્રામની સપાટીએ અને ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું ૧૦ ગ્રામે રૂ. ૧૦૫૫ના ઉછાળા સાથે રૂ. ૭૬,૬૨૪ની સપાટીએ સ્થિર થયું હતું. સોના પાછળ હાજર ચાંદીમાં પણ સળવળાટ થતાં તે નીચી સપાટીથી સહેજ પાછી ફરી હતી અને અંતે એક કિલોગ્રામ દીઠ રૂ. ૬૩૯ના ઘટાડા સાથે રૂ. ૯૦,૩૧૭ની સપાટીએ બંધ રહી હતી.

## રોકાણકારોએ ₹ ૫.૨૭ લાખ કરોડ ગુમાવ્યા

મુંબઇઃ અદાણી ગ્રૂપના શેરોમાં તીવ્ર ઘટાડાને પગલે બજારોમાં ઘટાડો થતાં ગુરુવારે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૫.૨૭ લાખ કરોડનો ઘટાડો થયો હતો. બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સના ઘબડકા સાથે એક્સચેન્જ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૫,૨૭,૭૬૭.૫૭ કરોડ ઘટીને રૂ. ૪,૨૫,૩૮,૯૦૮.૦૧ કરોડ (૫.૦૪ ટ્રિલિયન ડોલર)ની સપાટીએ પહોંચ્યું છે.

## રૂપિયો ૮૪.૫૦ના સર્વકાલીન નીચા સ્તરે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકન ડોલર સામે રૂપિયો આઠ પૈસા ઘટીને ૮૪.૫૦ના સર્વકાલીન નીચા સ્તરે પહોંચ્યો છે. સ્થાનિક ઈક્વિટી બજારોમાં મોટા પાયે વેચવાલી અને અસ્થિર ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થવાને કારણે ગુરુવારે રૂપિયો આઠ પૈસા ઘટીને ૮૪.૫૦ (પ્રોવિઝનલ)ની સર્વકાલીન નીચી સપાટીએ સ્થિર થયો હતો.

ફોરેક્સ ટ્રેડર્સના મતે, રશિયા અને યુક્રેન વચ્ચે વધતા તણાવ વચ્ચે સેફ-હેવન અપીલને કારણે અમેરિકન ચલણ મજબૂત બન્યું છે, જ્યારે વિદેશી ભંડોળના સતત આઉટફ્લોથી સ્થાનિક એકમ પર પણ દબાણ આવ્યું છે.

ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જમાં રૂપિયો ૮૪.૪૧ પર ખૂલ્યો હતો અને ઇન્ટ્રા-ડે દરમિયાન ગ્રીનબેક સામે ૮૪.૫૧ની અત્યાર સુધીની સૌથી નીચી સપાટીને સ્પર્શ્યો હતો. યુનિટે સત્રનો અંત ડોલર સામે ૮૪.૫૦ની પ્રોવિઝનલ સપાટી પર કર્યો હતો, જે ૧૪ નવેમ્બરના રોજ નોંધાયેલ ૮૪.૪૬ના અગાઉના ઓલ-ટાઇમ નીચા બંધ સ્તરને વટાવી ગયો હતો.

## આઇસીઆઇસીઆઇ પ્રુડે.નો મિનિમમ વેરિઅન્સ થીમ ફંડ

મુંબઈઃ આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ, મિનિમમ વેરિઅન્સ થીમને અનુસરતી ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ ઇક્વિટી મિનિમમ વેરિઅન્સ ફંડ રજૂ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય નિફ્ટી ૫૦ ટીઆરઆઇ (સ્કીમ બેન્ચમાર્ક)ની સરખામણીમાં પોર્ટફોલિયોની વોલેટિલિટીને ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે વૈવિધ્યસભર બાસ્કેટ દ્વારા ઇક્વિટી ઇક્વિટી સંબંધિત સાધનોમાં રોકાણ કરીને લાંબા ગાળાના મૂડી સર્જનનો છે. આ નવી સ્કીમ એસેટ સિલેક્શન અને પોર્ટફોલિયો કન્સ્ટ્રકશન માટે ઓછી વેરિઅન્સ વ્યૂહરચનાનો ઉપયોગ કરીને રોકાણ માટે નવો અભિગમ પૂરો પાડે છે. આ એક લાર્જ-કેપ રોકાણો પર ધ્યાન કેન્દ્રિત કરતી યોજના છે, જે નીચી વોલેટિલિટી ધરાવતા શેરોને પ્રાધાન્ય આપીને, આ યોજનાના ઉચ્ચ મૂલ્યાંકન સાથેના રક્ષણાત્મક વલણને પ્રતિબિંબિત કરે છે, જ્યારે હજુ પણ ભારતના અનુકૂળ માળખાકીય અને મેક્રોઇકોનોમિક આઉટલૂકનો લાભ ઉઠાવે છે.

## એચએમઆઈએલ બે એનર્જી પ્લાન્ટ સ્થાપશે

નવી દિલ્હીઃ હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા લિમિટેડ (એચએમઆઇએલ)એ ગુરુવારે જણાવ્યું હતું કે તે ૨૦૨૫ સુધીમાં મેન્યુફેક્ચરિંગ કામગીરીમાં ૧૦૦ ટકા નવીનીકરણીય વીજળીમાં સંક્રમણ તરફના કંપનીના પગલાના ભાગરૂપે તમિલનાડુમાં તેના વાહન ઉત્પાદન એકમમાં બે નવીનીકરણીય ઊર્જા પ્લાન્ટ સ્થાપશે. કંપનીએ તેની પુનઃપ્રાપ્ય ઉર્જાની જરૂરિયાતોને પહોંચી વળવા ૭૫ મેગાવોટના સોલાર પ્લાન્ટ અને ૪૩ મેગાવોટનો પવન ઉર્જા પ્લાન્ટ સ્થાપવાના હેતુથી ફોર્થ પાર્ટનર એનર્જી લિમિટેડ સાથે પાવર પરચેઝ અને શેરગોલ્ડર કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

## જેએઆઈએલમાં રેકોર્ડ ડેટ જાહેર

મુંબઇઃ જુલિયન એગ્રો ઇન્ફ્રાટેક લિમિટેડ (જેએઆઇએલ)એ જણાવ્યું છે કે તેણે રૂ. ૧૧૮.૩૦ મિલિયનની રકમના અનબ્રાન્ડેડ રાઇસ માટે ઓર્ડર મેળવ્યો છે. ઓર્ડર માર્ચ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. અગાઉ કંપનીના બોર્ડે રૂ.૧૦ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેરના ૧:૨ના રેશિયોમાં વિભાજનને મંજૂરી આપી હતી. ફેસ વેલ્યુ હવે રૂ. ૧૦થી પાંચ રૂપિયાની થશે. સ્ટોક વિભાજન માટેની રેકોર્ડ તારીખ તરીકે છઠ્ઠી જાન્યુઆરી, ૨૦૨૫ નક્કી કરી છે. કંપનીએ નાણાકિય વર્ષ ૨૦૨૫ના બીજા ત્રિમાસિક માટે કુલ આવક રૂ. ૩૦૭૦.૮૬ લાખ નોંધી હતી.

## બીઈએમએલને ₹ ૨૪૬.૭૮ કરોડનો ઓર્ડર

નવી દિલ્હીઃ જાહેર ક્ષેત્રની કંપની બીઇએમએલએ સેન્ટ્રલ કોલફિલ્ડ્સ લિમિટેડ (સીસીએલ) પાસેથી રૂ. ૨૪૬.૭૮ કરોડનો નોંધપાત્ર ઓર્ડર મેળવ્યો છે.

રાજ્યની માલિકીની બીઇએમએલએ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે સેન્ટ્રલ કોલફિલ્ડ લિમિટેડ પાસેથી રિયર ડમ્પ ટ્રકના સપ્લાય માટે રૂ. ૨૪૬.૭૮ કરોડનો ઓર્ડર મેળવ્યો છે જેનો ઉપયોગ માઇનિંગ કામગીરીમાં થાય છે.

# રિયલ્ટી ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો, સર્વિસીસ સૌથી અધિક વધ્યો




ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૭૭,૫૭૮.૩૮ બંધથી ૪૨૨.૫૯ પોઈન્ટ્સ (૦.૫૪ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૫.૨૮ લાખ કરોડ ઘટીને રૂ.૪૨૫.૩૮ લાખ કરોડ રહ્યું હતું. ૭૭,૧૫૫.૭૯ સેન્સેક્સ ૭૭,૫૪૮.૦૦ ખૂલીને ઉપરમાં ૭૮,૪૫૧.૬૫ અને નીચામાં ૭૭,૪૧૧.૩૧ સુધી જઈને અંતે પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૧ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૯ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૧,૧૭૧ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૮૦૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૮૫ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૬૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૮૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૩૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૬૭ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૯૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૪૯ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ સર્વિસીસ ૧.૦૭ ટકા, યુટિલિટીઝ ૦.૪૯ ટકા, કોમોડિટીઝ ૦..૩૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૩૨ ટકા અને એનર્જી ૦.૧૧ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૪.૧૪ ટકા, ફોકસ્ડ આઈટી ૩.૧૬ ટકા, આઈટી ૧.૫૫ ટકા, ટેક ૧.૪૫ ટકા, હેલ્થકેર ૧.૪૪ ટકા, મેટલ ૧.૩૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૪ ટકા, બેન્કેક્સ ૦.૯૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૮૬ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૮૫ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૭ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૬૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૬૫ ટકા, ઓટો ૦.૪૨ ટકા, પાવર ૦.૩ ટકા અને એફએમસીજી ૦.૨૧ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે પાવર ગ્રીડ ૩.૪૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૬૮ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૯૪ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૮૭ ટકા, કોટક બેન્ક ૦.૬૦ ટકા, તાતા સ્ટીલ ૦.૫૭ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૪૭ ટકા, એક્સિસ બેન્ક ૦.૩૬ ટકા, સન ફાર્મા ૦.૧૪ ટકા, ટેક મહિન્દ્ર ૦.૧૨ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૧૧ ટકા વધ્યા હતા, જ્યારે અદાણી પોર્ટ્સ ૧૩.૫૩ ટકા, એનટીપીસી ૨.૭૩ ટકા, સ્ટેટ બેન્ક ૨.૬૪ ટકા, આઈટીસી ૨.૧૮ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૧૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૦૮ ટકા, ઈન્ડ્સ બેન્ક ૧.૮૪ ટકા, બજાજ ફિનસર્વ ૧.૬૫ ટકા, રિલાયન્સ ૧.૪૬ ટકા, તાતા મોટર્સ ૧.૨૪ ટકા, ટાઈટન ૧.૨૧ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૧૪ ટકા, મારુતિ ૦.૯૭ ટકા, લાર્સન ૦.૬૬ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૪૮ ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૦.૪૦ ટકા, નેસ્લે ૦.૩૮ ટકા, ભારતી એરટેલ ૦.૦૭ ટકા અને એચડીએફસી બેન્ક ૦.૦૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૧૬.૧૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૫૭ સોદામાં ૧,૪૯૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૮,૦૭,૪૭૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૭,૧૦,૫૭૫.૦૪ કરોડનું રહ્યું હતું. એફઆઈઆઈની રૂ. ૫,૩૨૦.૬૮ કરોડની ચોખ્ખી વેચવાલી અને સ્થાનિક સંસ્થાઓની ચોખ્ખી લેવાલી રૂ. ૪,૨૦૦.૧૬ કરોડની રહી હતી.

# ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ સેગમેન્ટમાં હવે માત્ર એક વિકલી એક્સપાયરીનો નિયમ લાગુ

મુંબઈ : ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ ( એફ એન્ડ ઓ) સેગ્મેન્ટમાં નવા નિયમો સહિત પ્રમુખ પગલાંનો ૨૧, નવેમ્બર ૨૦૨૪થી અમલ શરૂ થઇ ગયો છે. મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ આ બાબતે અટકળોનો અંત લાવીને ૨૦, નવેમ્બરના મહારાષ્ટ્રમાં ચૂંટણીને લઈ રજા જાહેર થતાં આ પ્રમુખ છ પગલાનો અમલ ૨૧, નવેમ્બર ૨૦૨૪થી કરવાનું જાહેર કર્યું છે.

બજારના સહભાગીઓના પ્રતિસાદના આધારે અને નિષ્ણાત કાર્યકારી ગ્રુપ અને સેકન્ડરી માર્કેટ એડવાઈઝરી કમિટી દ્વારા સમીક્ષા બાદ સેબીએ ન્યુનતમ કોન્ટ્રેક્ટ મૂલ્ય અગાઉના રૂ. પાંચથી રૂ. ૧૦ લાખની રેન્જથી વધારીને રૂ.૧૫ લાખ કર્યું છે.

આ એડજસ્ટમેન્ટથી નવા રજૂ કરવામાં આવેલા એફએન્ડઓ કોન્ટ્રેક્ટસના લોટ સાઈઝને અસર થશે, જે હવે રૂ.૧૫ લાખથી રૂ.૨૦ લાખની રેન્જમાં આવશે. ઉલ્લેખનીય છે કે, સેબીના પહેલી ઓકટોબર ૨૦૨૪ના સર્કયુલરમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ડેરિવેટીવ્ઝ કોન્ટ્રાકટની રજૂઆતના સમયે ન્યુનતમ મૂલ્ય રૂ.૧૫ લાખ હશે, જેમાં સમીક્ષા દરમિયાન કોન્ટ્રેક્ટનું મૂલ્ય રૂ.૧૫ લાખથી રૂ.૨૦ લાખ વચ્ચે રહે તે સુનિશ્ચિત કરવા માટે લોટ સાઈઝ નક્કી કરવામાં આવી છે.

ડેરિવેટીવ્ઝ ટ્રેડીંગમાં કરેલા મુખ્ય ફેરફારો આ મુજબ છેઃ-

(૧)વિકલી એક્સપાયરીમાં ઘટાડોઃ ૨૧ નવેમ્બરથી ઈન્ડેક્સ ડેરિવેટીવ્ઝ કોન્ટ્રેક્ટ્સ માટે વિકલી એક્સપાયરીને ઘટાડીને દરેક એક્સચેન્જ દીઠ માત્ર એક બેન્ચમાર્ક ઈન્ડેક્સ કરશે, વધારે પડતાં સટ્ટાકીય ટ્રેડીંગને અંકુશમાં લેવા અને નેકેડ ઓપ્શન સેલિંગ અથવા અનકવર્ડ જોખમોને મર્યાદિત કરવાનો ઉદ્દેશ છે.

(૨) કોન્ટ્રેક્ટસ સાઈઝમાં વધારોઃ ડેરિવેટીવ્ઝ માટે ન્યુનતમ કોન્ટ્રેક્ટ મૂલ્ય રૂ.પાંચથી રૂ. ૧૦ લાખથી વધારીને રૂ.૧૫ લાખ કરવામાં આવશે, જેના થકી ઓછી ક્ષમતાના નાના ટ્રેડરોને દૂર કરી જોખમ ઉઠાવી શકે એવા લોકો જ આ જોખમી સેગ્મેન્ટમાં ટ્રેડીંગ કરી શકે. આ કોન્ટ્રેક્ટનું મૂલ્ય આગળ જતાં રૂ.૧૫ લાખથી રૂ. ૨૦ લાખની રેન્જમાં એડજસ્ટ કરાશે.

(૩) અતિરિક્ત માર્જિનની આવશ્યકતાઃ બજારમાં અસાધારણ અફડાતફડીથી રોકાણકારોને રક્ષણ માટે સેબી એક્સપાયરીના તમામ ઓપન શોર્ટ ઓપ્શન્સ પર બે ટકા વધારાનું એક્સ્ટ્રીમ લોસ માર્જિન (ઈએલએમ) લાગુ કરશે. જેનાથી ટેઈલ રિસ્ક કવરેજમાં વધારો થશે, જે ખાસ ઉંચા વોલ્યુમના સમયગાળા દરમિયાન વધારો થશે.

(૪)પ્રીમિયમનું અપફ્રન્ટ એકત્રીકરણઃ પહેલી ફેબ્રુઆરી ૨૦૨૫થી બ્રોકરોએ ઓપ્શન પ્રીમિયમ્સ અપફ્રન્ટ એકત્ર કરવું જરૃરી રહેશે, આ ફેરફારથી ઈન્ટ્રા-ડે વધારે પડતાં લિવરેજને નિરૃત્સાહી કરવાનો ઉદ્દેશ છે અને રોકાણકારો તેમની પોઝિશનને કવર કરવા પર્યાપ્ત કોલેટરલ ધરાવે છે એની ખાતરી થશે.

(૫)કેલેન્ડર સ્પ્રેડ લાભ નાબૂદઃ કેલેન્ડર સ્પ્રેડની પ્રણાલી, જુદી જુદી મુદ્દતમાં પોઝિશનને ઓફસેટ કરવાની તે જ દિવસે સમાપ્ત થતાં કોન્ટ્રેક્ટસ માટે નાબૂદ કરવામાં આવશે. આ પગલાનો હેતુ એક્સપાયરીના દિવસોમાં સટ્ટાકીય ટ્રેડીંગ ઘટાડવાનો છે.

(૬) ઈન્ટ્રા-ડે પોઝિશન લિમિટેડ પર નજરઃ પહેલી એપ્રિલ ૨૦૨૫થી શેર બજારો ટ્રેડિંગ દિવસ દરમિયાન ઈક્વિટી ઈન્ડેક્સ ડેરિવેટીવ્ઝ માટે પોઝિશન લિમિટનું નિરીક્ષણ શરૂ કરશે.

જે ટ્રેડરોને ધ્યાન બહાર જાય તેવી પોઝિશનની લિમિટને પાર કરતાં અટકાવવામાં મદદરૂપ થશે.

# ઈન્સ્યોરન્સના મિસસેલિંગ મામલે બેન્કોને વીમા નિયમાકની ચેતવણી

મુંબઈઃ વીમા નિયમનકાર ઈરડાના ચીફ દ્વારા વીમા પ્રોડક્ટસના મિસ-સેલિંગ સામે બેંકોને ચેતવણી આપવામાં આવી છે. બેંકાશ્યોરન્સ સિસ્ટમમાં ઘણી બધી બિમારીઓ આવી ગયાનું તેમણે કહ્યું હતું. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈરડા)ના ચીફ દેબાશિષ પાંડાએ જણાવ્યું હતું કે, બેંકો પેઢીઓથી ગ્રાહકો સાથે સંબંધો ધરાવે છે, જેના કારણે એક વિશ્વાસ છે કે શાખા તેમને યોગ્ય કિંમતે યોગ્ય પોલીસી-પ્રોડક્ટસ વેચશે. તેમણે કહ્યું હતું કે, આપણે બધાએ સાથે બેસીને આ બાબતને આગળ ધપાવવાની જરૂર છે. જેથી આપણે આત્મવિશ્વાસને પુનઃસ્થાપિત કરી શકીએ અને આ એક ઓછા ખર્ચે વિતરણ મૉડેલ બની જાય. તમારે ગ્રાહકોની પાછળ દોડવાની જરૂર નથી, તમારે તેમને એક વિકલ્પ આપવો પડશે. તેમનું માનવું છે કે, સિસ્ટમમાં યોગ્યતા છે, પરંતુ આપણે તે સાવચેતીથી કરવું પડશે. જેથી તમે તમારી પ્રવૃતિને ભૂલી ન જાઓ અને ફક્ત વીમો વેચવાનું શરૃ કરો.

ઈરડા ચીફની આ ટિપ્પણીઓ નાણા પ્રધાન નિર્મલા સીતારામનની મિસ સેલિંગ સામેની સાવચેતી અને બેંકોએ તેમની પ્રાથમિક પ્રવૃતિને વળગી રહેવું જોઈએ એવું જણાવ્યા બાદ કરવામાં આવી છે.

ભૂતકાળમાં એવા કિસ્સાઓ બન્યા છે કે, બેંકોએ સિનિયર સિનિઝન ગ્રાહકોને પણ તેમની બચત વીમા કંપનીઓની યોજના-પ્લાનમાં રોકવા જણાવ્યું હતું. સીતારામનની ટિપ્પાણી પછી લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીઓના શેરોના ભાવોમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. કેમ કે ખાનગી જીવન વીમા કંપનીઓ માટે બેંકો સૌથી મોટા ડિસ્ટ્રીબ્યુટર છે અને કોઈપણ અંકુશોના કારણે વેચાણમાં ઘટાડો થઈ શકે છે. ગત વર્ષે ઈરડાએ પ્રોડક્ટ નિયમનોમાં કરેલા સુધારામાં વીમા કંપનીઓ પર એ સુનિશ્ચિત કરવાની જવાબદારી મૂકી હતી કે, કંપનીઓ સંભવિત કે પોલીસીધારકોને પોલિસીની યોગ્યતા સુનિશ્ચિત કરવા માટે વાજબી કાળજી લે. જેના કારણે વીમા કંપનીની જવાબદારી એ સુનિશ્ચિત કરવાની કે પોલિસી ગ્રાહકની જરૃરીયાતનો અનુકૂળ છે કે નહીં અને એ પણ સુનિશ્ચિત કરવા માટે કે તેમની પાસે રિન્યુઅલ પ્રીમિયમ ભરવાની સક્ષમતા છે કે નહીં.

## દેશના સોલાર ઈન્સ્ટોલેશન ૧૬૭ ટકા નો વધારો નોંધાયો

નવી દિલ્હીઃ ભારતે જાન્યુઆરી-સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ૧૬.૪ ગીગાવોટ સોલાર ક્ષમતાનો ઉમેરો કર્યો છે, જે વિલંબિત પ્રોજેક્ટના કમિશનિંગને કારણે વાર્ષિક ધોરણે ૧૬૭ ટકાનો વધારો દર્શાવે છે, એમ ઊર્જા ક્ષએત્ર સંબંધિત એક રિપોર્ટમાં જણાવાયું છે.

યુએસ સ્થિત રિસર્ચ ફર્મે તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું હતું કે, ભારતે ૨૦૨૩ના નવ મહિનાના સમયગાળામાં ૬.૨ ગીગાવોટની સૌર ક્ષમતા સ્થાપિત કરી હતી.

## એચએમઆઈએલ ચેન્નાઈ ફેસિલિટી ખાતે બે રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ સ્થાપશે

નવી દિલ્હીઃ હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા લિમિટેડ (એચએમઆઇએલ)એ ગુરુવારે જણાવ્યું હતું કે તે ૨૦૨૫ સુધીમાં મેન્યુફેક્ચરિંગ કામગીરીમાં ૧૦૦ ટકા નવીનીકરણીય વીજળીમાં સંક્રમણ તરફના કંપનીના પગલાના ભાગરૂપે તમિલનાડુમાં તેના વાહન ઉત્પાદન એકમમાં બે નવીનીકરણીય ઊર્જા પ્લાન્ટ સ્થાપશે. કંપનીએ તેની પુનઃપ્રાપ્ય ઉર્જાની જરૂરિયાતોને પહોંચી વળવા ૭૫ મેગાવોટના સોલાર પ્લાન્ટ અને ૪૩ મેગાવોટનો પવન ઉર્જા પ્લાન્ટ સ્થાપવાના હેતુથી ફોર્થ પાર્ટનર એનર્જી લિમિટેડ સાથે પાવર પરચેઝ અને શેરગોલ્ડર કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ સુવિધાઓ એન્જિનિયરિંગ, પ્રાપ્તિ, બાંધકામ, કામગીરી અને જાળવણી માટે રચાયેલ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ સાથે ગ્રુપ કેપ્ટિવ મોડ હેઠળ કામ કરશે.

# ભાવનગરમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ વતી ૫૦ હજાર રૂપિયાની લાંચ લેતો વચેટીયો ઝડપાયો




(તસવીર- વિપુલ હિરાણી- ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરમાં એક મહિલાએ કરેલી અરજીમાં હેરાન નહીં કરવા બદલ તેના ભાઈ પાસેથી ૭૦ હજારની લાંચ માંગી ગૂગલ પેથી ૨૦ હજાર એડવાન્સ લઈ બાકીની રૂ. ૫૦ હજારની લાંચ લેતાં પોલીસ હેડ કોન્સ્ટેબલનો વચેટિયો લાંચ રુશ્વત વિભાગના અધિકારીઓના હાથે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. એસીબીએ હેડ કોન્સ્ટેબલને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગરના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એક મહિલાએ તેમના ભાઈ વિરુદ્ધ અરજી કરી હતી. જેના પગલે નિલમબાગ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વિરભદ્રસિંહ પદ્મસિંહ જેતાવતે અરજી મામલે યુવકને જવાબ લખાવી જવા બોલાવ્યો હતો. જો કે, દરમિયાનમાં ભાઈ-બહેન વચ્ચે સમાધાન થયું હોવા છતાં હેડ કોન્સ્ટેબલે યુવકને ધમકી આપી તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરવાનું કહી હેરાન કર્યો હતો.


અરજીના મામલે હેરાનગતિ સહન ન કરવી હોય તો પતાવટ પેટે ૭૦ હજારની લાંચ માગી હતી. જે તે વખતે યુવકે દબાણમાં આવી તેમના ભાઈ મારફતે ગૂગલ પે મારફતે હેડ કોન્સ્ટેબલને ૨૦ હજાર આપ્યા હતા. જ્યારે બાકીના ૫૦ હજાર માટે હેડ કોન્સ્ટેબલનો વચેટિયો જિતેન્દ્ર દવે યુવક પાસે ઉઘરાણી કરતો હતો. જેનાથી કંટાળી યુવકે લાંચ રુશ્વત કચેરીને જાણ કરી ફરિયાદ કરી હતી. જેના પગલે કચેરીએ લાંચનું છટકું ગોઠવ્યું હતું.

દરમિયાનમાં હેડ કોન્સ્ટેબલ વતી વચેટીઓ જીતેન્દ્ર શહેરના નિલમબાગ સર્કલે યુવક પાસેથી લાંચની રકમ લેવા આવ્યો હતો. જ્યાં યુવક પાસેથી લાંચ પેટે ૫૦ હજાર સ્વીકાર્યા કે તુરંત જ અમદાવાદ લાંચ રુશ્વત કચેરીના પીઆઈ બારોટ અને તેમની ટીમે તેને રંગેહાથ ઝડપી પાડયો હતો અને તેની વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. ■



રાજકોટમાં જૂના માર્કેટિંગ યાર્ડમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. સતત આવી રહેલી જણસીની આવક વચ્ચે આગ લાગતાં દોડધામ મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરવામા આવતા ફાયરના જવાનોએ આગને કાબુમાં લીધી હતી. આગ કયા કારણોસર લાગી જાણવા મળ્યું નહોતુ. (તસવીર- પ્રવીણ સેદાણી- રાજકોટ)

# ગાંધીધામ પાસે વર્કશોપમાં મિથેનોઈલના ટેન્કરમાં વેલ્ડિંગ કરતા પ્રચંડ વિસ્ફોટ થતાં ચાલકનું મોત



(તસવીર- ઉત્સવ વૈદ્ય- ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ગાંધીધામ શહેર ખાતે એક જ્વલનશીલ પદાર્થ ભરેલા ટેન્કરમાં વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે થયેલા પ્રચંડ ધડાકામાં ટેન્કર પાસે ઊભેલા ઇઝહાર ઇઝમતુલ્લા આલમ નામના ચાલકના શરીરના ફૂરચે-ફૂરચા ઊડી જતાં તેનું કમકમાટીભર્યું મોત થયું હતું. ટેન્કરમાં થયેલા આ જોરદાર ધડાકાથી આસપાસના મકાનો અને વાહનોના કાચ તૂટી ગયા હતા અને સમગ્ર વિસ્તારમાં ભારે ભય ફેલાયો હતો.

આ દુર્ઘટના અંગે જાણવા મળેલી વિગતો મુજબ, ગાંધીધામ શહેરમાં ગળપાદર ઓવરબ્રિજ નજીક ગેરેજ વિસ્તારમાં આ જોરદાર ધડાકો થયો હતો. અત્યંત સંવેદનશીલ મિથેનોઇલનું ટેન્કર ખાલી કરાવી ચાલક ઇઝહાર ગુરુવારે સવારે પોતાના કબજાનાં ટેન્કરની મરંમત કરાવવા આ વિસ્તારમાં આવ્યો હતો. ટેન્કરમાં કામ ચાલી રહ્યું હતું તેવામાં આ આધેડ ટેન્કરની ઉપર ચડયો હતો તેવામાં પ્રચંડ ધડાકો થતાં ટેન્કર ઉપર ચડેલા આધેડના શરીરના ફૂરચા ઊડી ગયા હતા. આધેડનો એક પગ ઊડીને છેક ઓવરબ્રિજ ઉપર તથા એક પગનો પંજો ખૂણામાં જઇને પડયો હતો.

આ જોરદાર ધડાકાથી આસપાસમાં આવેલી ઓફિસો-દુકાનોના કાચ તૂટી પડયા હતા. અહીં કામ કરતા આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. છેલ્લાં ૧૦ વર્ષથી એક જ ટ્રાન્સપોર્ટ પેઢીમાં કામ કરનાર આ ચાલકનું ૩૦ ટકા શરીર જ બચ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ટેન્કરના પતરાના મિસાઈલની જેમ હવામાં ઉડેલા કાટમાળની ચપેટમાં આવેલા અન્ય એક કારીગરને પણ ગંભીર ઇજાઓ પહોંચતાં તેને સારવાર અર્થે લઇ જવાયો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, લોકોની અવરજવરથી સતત ધમધમતા રહેતા ધોરીમાર્ગોની આસપાસ સુરક્ષા સાધનોના અભાવ વચ્ચે ખડકી દેવાયેલા આ પ્રકારના સંખ્યાબંધ વર્કશોપ સામે યોગ્ય કાર્યવાહી કરવાની માગ આ બનાવ બાદ વધુ પ્રબળ બની છે. ■

# ભાવનગરમાં આખલાએ પૂર્વ મેયરને અડફેટે લેતાં ઈજાઓ પહોંચીઃ તળાજામાં એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાતમાં રખડતાં પશુઓને કારણે અનેક નાગરિકોનાં મોત થાય છે અથવા તો ગંભીર ઈજાઓ પહોંચે છે. આ મામલે હાઈ કોર્ટે તંત્રને કાર્યવાહી કરવા કડક સૂચનાઓ આપી હોવા છતાં લોકો રખડતા પશુઓનો ભોગ બની રહ્યાં છે. ભાવનગર શહેરના પૂર્વ મેયરને આખલાએ શીંગડું મારતાં તેમને માથા અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમને સારવાર અર્થે મેરુ નર્સિંગ હોમમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ભાવનગરના પૂર્વ મેયર અને ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ મેહુલભાઇ વડોદરીયા તેમનુ ટુવ્હિલર લઇને રૂપાણી સર્કલથી આતાભાઇ તરફ જઇ રહ્યા હતા. ત્યારે અચાનક જ ધસી આવેલા આખલાએ તેમને શિંગડુ મારતાં તેઓ વાહન પરથી રોડ પર પટકાયા હતા. આ સમયે જ મેહુલભાઇના બે મિત્રો રોડ પરથી પસાર થતા હોય તેઓ તુરંત મેહુલભાઇને પહેલા તેમના ઘરે લઇ ગયા હતા અને ત્યાર બાદ તેમને સારવાર માટે મેરુ નર્સિંગ હોમમાં દાખલ કર્યા હતા.

મેહુલભાઇને માથાના ભાગે ઇજા પહોંચી હોવાના કારણે તેમનું સિટી સ્કેન અને એક્સ-રે કરવામાં આવ્યો હતો. અગાઉ ભાવનગરમાં પૂર્વ ડેપ્યુટી મેયર ગોવિંદભાઈ કુકરેજાનું પણ આખલાએ હડફેટે લેતા ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતું.

બીજી તરફ તળાજામાં પણ આખલો આડો આવતાં એક યુવકનું મોત નિપજ્યું હતું. તળાજા તાલુકાના વાટલીયા ગામમાં બોરવેલના વ્યવસાય સાથે સંકળાયેલ દેવરાજસિંહ તખુભા સરવૈયા તથા બોરડા ગામના વિશાલ વિજાભાઈ શિયાળ બંને બાઈક પર વેળાવદરથી તળાજા આવી રહ્યા હતા ત્યારે શેત્રુંજી નદીના પુલ પાસે રોડ પર આખલો આડો આવતા સર્જાયેલા અકસ્માતમાં દેવરાજસિંહ સરવૈયાને ગંભીર ઈજા થતાં તેમનું મોત નીપજયું હતું. જ્યારે વિશાલભાઈને ભાવનગર હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ■

# ભાવનગરમાં લોખંડની બ્લેડ ભરેલા ટ્રક પાછળ અન્ય ટ્રક ઘૂસી જતાં પરપ્રાંતિય યુવકનું મોત



(તસવીર- વિપુલ હિરાણી- ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરના નારી ગામ નજીક ગુરુવારે સવારે લોખંડની ભારે વજનવાળી બ્લેડ ભરીને પસાર થતા ટ્રક પાછળ બીજો ટ્રક ઘૂસી જતા ટ્રકની કેબિનમાં સૂતેલા પરપ્રાંતીય યુવાનનું કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું. જ્યારે ટ્રકનો ચાલક કેબિનમાંથી કૂદીને બહાર આવી જતાં બચી ગયો હતો. આ બનાવ અંગે વરતેજ પોલીસે ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ઝારખંડના બોકારોમાં આવેલ ઇલેક્ટ્રો સ્ટીલમાંથી ત્રણ ટ્રેલર ટ્રક કંપનીની લોખંડની ભારે વજનની પ્લેટ ભરીને ભાવનગર તરફ આવી રહ્યા હતા ત્યારે નારી ગામ પહોંચતા મઢુલી પાસે સ્પીડ બ્રેકર આવતા આગળના બંને ટ્રકના ચાલકે તેમનો ટ્રક ધીમો પાડ્યો હતો. જોકે સૌથી પાછળ આવી રહેલા ટ્રકના ચાલકે પોતાનો ટ્રક ગફલતભરી રીતે ચલાવી આગળ જઈ રહેલા ટ્રકની પાછળ ઘુસાડી દેતા ટ્રકની કેબીનમાં સૂતેલા પરપ્રાંતીય યુવાન અનિલભાઈ કંજરનું હાથ અને પગ અને માથાના ભાગે ગંભીર ઈજા થતા મોત નીપજ્યું હતું.

જ્યારે ટ્રકનો ચાલક દિનેશ ધાકર ટ્રકની કેબીનમાંથી કૂદીને નીચે આવી જતા તેનો બચાવ થયો હતો. અકસ્માતની ઘટનામાં ટ્રકની કેબીનનો પણ ભૂકો બોલી ગયો હતો.

અકસ્માતની આ ઘટના અંગે ટ્રેલર ટ્રકના ચાલક મહાવીર રામલાલ ધાકારે અકસ્માત કરનાર ટ્રકના ચાલક દિનેશ ધાકર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા વરતેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# કેન્દ્રીય રાજ્યપ્રધાન નીમુબેન બાંભણીયા તેલંગાણાના પ્રવાસેઃ વિકાસ કાર્યોની સમીક્ષા કરી



(તસવીર- વિપુલ હિરાણી ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ કેન્દ્રીય રાજ્યપ્રધાન અને ભાવનગરના સાંસદ નીમુબેન બાંભણીયા સતત અલગ-અલગ રાજ્યનો પ્રવાસ ખેડી રહ્યા છે. ત્યારે હવે તેઓ તેલંગાણા પહોંચ્યા હતાં. હૈદરાબાદ એરપોર્ટ પર પહોંચતા એફસીઆઈ, સીડબલ્યૂસી, બીઆઈએસ, એનસીસીએફના અધિકારીઓ અને અખિલ ભારતીય કોળી સમાજ સંગઠનના સ્થાનિક હોદ્દેદારોએ સ્વાગત સન્માન કર્યું હતું.

સાંસદ નીમુબેને તેલંગાણાના વિવિધ વિસ્તારોની મુલાકાત કરી રાજ્યમાં ચાલી રહેલાં વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી તેમજ આઈડીઓસીના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી કેન્દ્ર સરકારની યોજનાઓ અને નીતિઓના અસરકારક અમલીકરણ અંગે ચર્ચા કરી હતી.

જયશંકર ભુલાપલ્લી ખાતે ''ગાર્ડ ઓફ ઓનર'' આપી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે ચેલાપુર ખાતે આયોજિત મેડિકલ ચેકઅપ કેમ્પ, પોષણ અભિયાન, મહિલા સાહસિકતા, કૃષિ પેદાશો અને મત્સ્ય ઉછેરને લગતાં સ્ટોલની મુલાકાત લીધી હતી. ■

# કચ્છમાં ચાલુ વર્ષના પ્રથમ પાંચ મહિનામાં ૫૭૦૬ બાળકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા બાળ આરોગ્યલક્ષી કામગીરી માટે દર વર્ષે કરોડો રૂપિયાની યોજનાઓ ચલાવવામાં આવી રહી છે તેવામાં વર્ષ ૨૦૨૪ના પ્રથમ પાંચ માસ એટલે કે જાન્યુઆરીથી મે મહિના સુધીના સમયગાળા દરમ્યાન કચ્છમાં ૦ થી ૫ વર્ષની વય સુધીના ૫૭૦૬ બાળકોનાં મોત થયાં છે. રાજ્ય સરકાર દ્વારા બાળ આરોગ્યલક્ષી સુવિધાઓ માટે કરોડોના ખર્ચનો દાવો કરવામાં આવે છે, પરંતુ નાના બાળકોના મોતના સતત ઊંચે ચઢી રહેલા રેશિયોને અટકાવવા માટે કોઈ અસરકારક કામગીરી થતી ન હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

આ ચિંતાજનક અહેવાલ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, કચ્છ સહિત રાજ્યભરમાં વર્ષ ૨૦૨૪ના પ્રથમ પાંચ માસ દરમ્યાન ૦થી પાંચ વર્ષની વય સુધીના બાળકોના સત્તાવાર મરણઆંક જાહેર કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યભરમાં બાળ મરણને ઘટાડવા લેવાઈ રહેલા પગલાં બિનઅસરકારક રહ્યા હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. સુરત અને રાજકોટ જેવા મહાનગરોમાં પરિસ્થિતિ સૌથી વધારે ખરાબ જોવા મળી છે.

કચ્છમાં આ વર્ષે જાન્યુઆરીથી મે માસ સુધીમાં ૫૭૦૬ બાળકોનાં મોત થયાં છે. જાન્યુઆરી મહિનામાં ૧૩૫૨, ફેબ્રુઆરી મહિને ૧૨૧૦, માર્ચ મહિનામાં ૧૨૨૪, એપ્રિલમાં ૧૨૦૪ જ્યારે મે મહિનામાં ૭૧૬ બાળકોનાં મોત થયાં હતાં. માર્ચ મહિનામાં સર્વાધિક મોત થયા હતા. મોટા ભાગના બાળકોના દમ અને વધારે પડતી ગરમીના કારણે મોત થયા હતા. આ ઉપરાંત નવજાત શીશુઓના મોત પાછળ અધુરા મહિને જન્મ અને ઓછા વજનનું કારણ મુખ્ય રહ્યું હતું. જ્યારે કેટલાક બાળકોના મોત અન્ય બીમારીઓના કારણે થયાં હતાં. ■

# રાજકોટમાં મહાનગર પાલિકાના પાર્કિંગ હેતુ માટેના ૧૭ પ્લોટ પર દબાણો થયાં હોવાનું તંત્રએ સ્વીકાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ટ્રાફિક તેમજ પાર્કિંગની સમસ્યા વકરી રહી છે. શહેરમાં પાર્કિંગ માટે મોંઘાદાટ પે એન્ડ પાર્ક તૈયાર થયાં છે. બીજી તરફ ટાઉન પ્લાનિંગ યોજનાઓમાં મૂકવામાં આવતા પાર્કિંગ અનામત પ્લોટમાં મોટા પાયે દબાણ હોવાની માહિતી જનરલ બોર્ડમાં ખુદ મનપા તંત્રએ આપી હતી.

રાજકોટ મહાનગર પાલિકાના વિપક્ષના નેતા વશરામ સાગઠીયાએ કરેલા પ્રશ્નના જવાબમાં પાર્કિંગ હેતુના ૭૦ પૈકી ૧૭ પ્લોટ દબાણગ્રસ્ત હોવાનો તંત્ર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. જેમાં સૌથી વધુ દબાણો વેસ્ટ ઝોનમાં હોવાનું જણાવ્યું હતું.

વિપક્ષ નેતા વશરામ સાગઠિયાએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાએ ૭૦ પ્લોટ પાર્કિંગ હેતુ માટે રાખ્યા છે. આ અંગે જનરલ બોર્ડમાં મારા દ્વારા માગવામાં આવેલ પ્રશ્નના જવાબમાં ટી.પી. વિભાગના અધિકારીઓએ લેખિતમાં કબૂલ્યું છે કે, ૭૦ પૈકી ૧૭ પ્લોટ ઉપર દબાણો થઈ ગયા છે તેમજ ૧૭ પ્લોટનો નિકાલ કરવામાં આવ્યો છે પણ તેમાં દબાણનો નિકાલ કરવામાં આવ્યો છે કે, આવા પ્લોટ મળતિયાઓને ફાળવી દેવાયા છે એવી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. તેમ જ ક્યાં પ્લોટમાં દબાણ છે? તે અંગેની પૂરી વિગતો આપવામાં આવી નથી. જેથી હવે તે અંગે ફરીથી રજૂઆત કરાશે અને યોગ્ય જવાબ નહીં મળે તો કોર્ટમાં જવાની તૈયારી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજકોટમાં ચારેબાજુ પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા છે. તંત્ર દ્વારા આવાં કારણોસર આડેધડ મેમો ફટકારીને દંડ વસૂલવામાં આવે છે. કોઈપણ વાહન જરાક રસ્તા ઉપર હોય તો પોલીસ મેમો પકડાવી દે છે કે વાહન ડિટેઇન પણ કરે છે, પરંતુ, રાજકોટમાં પાર્કિંગ માટેના કોર્પોરેશન તંત્રના પ્લોટ જ દબાણગ્રસ્ત છે. હકીકતમાં આ પ્લોટને ખુલ્લા રાખવા જોઈએ. જો પ્લોટ ખુલ્લા હોય તો લોકો પાર્કિંગ માટે તેનો ઉપયોગ કરી શકે છે. બાકી પાર્કિંગ ન થવાને કારણે લોકોએ દંડનો ભોગ બનવું પડે છે. ■

# દહીંસરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એક જ પરિવારના સભ્યોએ છેડતી મામલે તોડફોડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એક તરફ આરોગ્ય વિભાગની ટુકડી કચ્છની મુલાકાતે છે તેવામાં ભુજ તાલુકાના દહીંસરા ખાતે આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કથિત રીતે એક યુવતીની છેડતી કરી ટોળાએ ધમાલ મચાવી હોવાની ચકચારી ઘટના બની હતી.

આ ઘટના અંગે માનકૂવા પોલીસમાંથી મળતી વિગતો મુજબ, અન્ય જિલ્લાની વતની અને હાલ દહીંસરામાં રહેતી યુવતીને આરીફ હારૂન હીંગોરજા નામના સ્થાનિક શખ્સે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં છેડતી કરી હતી.

ઘટનાની જાણ થતાં આરોગ્ય કેન્દ્રના સ્ટાફના અન્ય વ્યક્તિએ આરોપી આરીફને ભોગ બનનાર યુવતીની માફી માગવાનું કહ્યું હતું.

આ બાબતથી નારાજ થયેલો આરોપી આરીફ ઉપરાંત હવાબાઈ હારૂન હિંગોરજા, હારૂન હિંગોરજા, કજબાનુ હિંગોરજા પીએચસીમાં ધસી આવ્યા હતા અને પાર્કિંગમાં રહેલી સ્ટાફના વ્યક્તિની કારમાં તોડફોડ કરી નુકશાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ ફરિયાદી યુવતીને પેટના ભાગે પથ્થર મારી ઈજા પહોંચાડી હતી.

ઝનૂની બનેલાં ટોળાએ ફેલાવેલા આતંકના પગલે આરોગ્ય કેન્દ્રમાં નાસભાગ મચી ગઈ હતી. બનાવ અંગે માનકૂવા પોલીસમાં છેડતી અને તોડફોડ બાબતે અલગ અલગ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ■

# જામનગરમાં બ્રાસ ઉદ્યોગોના વિકાસનું મૂલ્યાંકન કરાશેઃ કેન્દ્રની ટીમે ઉદ્યોગકારો સાથે ચર્ચાઓ કરી

અમદાવાદઃ ભારત સરકારની રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ કચેરીની ટીમ ગુરુવારે જામનગરમાં ઉદ્યોગો, ખાસ કરીને બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગના વિકાસનું મૂલ્યાંકન કરવા માટે આવી હતી. જેમાં ઉદ્યોગકારો સાથે વાતચીત કરીને તેમના ઉદ્યોગોની તકનીકી વિગતો મેળવવામાં આવી હતી. આ સર્વે દ્વારા ઉદ્યોગોમાં આવતી મુશ્કેલીઓ અને વિકાસ માટેની શક્યતાઓને ઓળખવામાં મદદ મળશે. ભારત સરકારની રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ કચેરી ૧૯૫૦થી ભારતમાં વિવિધ સર્વેક્ષણો કરતી આવી છે. વાર્ષિક ઉદ્યોગ સર્વેક્ષણ ભારતમાં ઔદ્યોગિક આંકડાનો મુખ્ય સ્ત્રોત છે. આ સર્વેક્ષણ ૨૦૦૮ના સંગ્રહ આંકડા અધિનિયમ અને ૨૦૧૧માં બનાવેલા નિયમો હેઠળ વાર્ષિક ધોરણે કરવામાં આવે છે. આ સર્વેનો હેતુ ૨૦૨૩-૨૪ના એ.એસ.આઈ. રિટર્નને સમયસર ભરવા માટે ઉદ્યોગ એકમો અને ઉદ્યોગસાહસિકોને એ.એસ.આઈ. ૨૦૨૩-૨૪ શેડ્યૂલના સ્વ-સંકલનની પ્રક્રિયાને સમજવા માટે જાગૃત કરવાનો છે. ■